श्रीमद् बुद्धिसागरसूरि ग्रंथमाला ग्रंथांक ५७

श्री खरतरगच्छीय ज्ञान मन्दिर, जयपुर

पंडित श्री देवचन्द्रजी कृत

आगमसारोद्धार

छपावी प्रसिद्ध करनार

श्री अध्यात्म ज्ञान प्रसारक मंडल

हा. वकील मोहनलाल हिमचंद

पादरा

किंमत ०-६-०

आ ग्रंथ मळवानुं ठेकाणुं

१ वकील मोहनलाल हीमचंद
मु. पादरा.

२ अध्यात्म ज्ञान प्रसारक मंडळ
आंबाकांटा—मुंबाइ.

मुद्रक चिमनलाल ईश्वरलाल महेता
मुद्रणस्थान 'वसंत मुद्रणालय'
घीकांटारोड :: अमदावाद

प्रस्तावना.

अध्यात्मज्ञान रसीक द्रव्यानुयोगना समर्थ ज्ञाता श्रीमद् देवचंद्रजी महाराजनुं नाम भाग्येज कोइ जैनथी अजाण्युं हशे. आगमज्ञाननी कुंचीरुप आगमसार नामनो ग्रथ तेओश्रीए संवत् १७७६ ना फागण मासमां मोटाकोटमरोटमां चोमासुं रहीने बनावेल छे. आ ग्रन्थनी उत्तमता ग्रन्थ पोतेज सिद्ध करे छे, तेनी प्रसंशा करवी ते सोनाने गील्ट करवा जेवुं छे, जे ग्रन्थ वांचवाथी जणाइ आवशे. पादराना सद्गत शा. डाह्याभाइ दलसुखभाइ पोतानी त्रेवीस वर्षनी नानी वयमां संवत् १९६६ ना श्रावण वद ५ ना रोज, तथा वडुना शा. लक्ष्मीचंद लालचंद संवत् १९६७ ना मागशर वद ११ ना रोज पंचत्व पाम्या. ते बन्नेना उपर सद्गत श्रीमद् बुद्धिसागर सूरिश्वरजीनो उपकार थयेलो होवाथी तेओनी तत्वज्ञान उपर अभिरुची थइ हती, ने ते प्राप्त करवा तेओ उद्यमवंत हता. तेओए पोतानी पाछल तत्वज्ञाननो फेलावो थाय, एवो प्रयत्न करवा करेली सूचनानुसारे पादराना शा. प्रेमचंद दलसुखभाइ तथा वडुना शा. छगनलाल लक्ष्मीचंदे आ ग्रन्थनी पहेली आवृत्तिनी १००० नकल पोताना खर्चे छपावी भेट तरीके आपेली, ते तमाम नकलो खपी जवाथी उक्त सूरिश्वरजीना सदुपदेशथी तेनी बीजी आवृत्ति श्रीमद् बुद्धिसागरसूरिजी ग्रन्थमालाना ग्रन्थांक ५७ तरीके संवत् १९७८ मां बहार पाडेली, तेनी पण तमाम नकलो खपी जवाथी तेमज श्रीजैन श्वेताम्बर एज्युकेशन बोर्ड तरफथी दरवर्षे लेवाती धार्मिक

हरीफाइनी परीक्षाना अभ्यास क्रममां आ ग्रन्थ दाखल करेलो होवाथी ने मागणी चालु रहेवाथी मंडले आ त्रीजी आवृत्ति बहार पाडी छे.

आ ग्रन्थथी आत्मानुं स्वरुप सारी रीते समजी शकाय तेम होवाथी तेनो विशेष रीते अभ्यास करवा-निदान एक वखत पण एकाग्र चित्ते संपूर्ण गुरुगमपूर्वक वांचवा विनंती छे.

आ ग्रन्थ प्रकरण रत्नाकर भाग १ मां छपायेलो छे, तेमां तथा पहेली आवृत्तिमां प्रतिमा पूजा तथा गुणस्थानक विचार नामना अगत्यना विषयो छपायेला नहोता, पण ते पछी श्रीमद् देवचंद्रजी महाराजना बनावेला तमाम ग्रन्थो छपाववानी प्रवृत्ति करतां "आगमसार" ग्रन्थनी घणी प्रतो भेगी करी, जेमां सुरतना श्री मोहनलालजी महाराजना भंडारमांथी बे प्रतो नंबर ४०९-५६३ नी मली तथा पं. श्रीलाभविजयजी महाराज पासेथी एक प्रत तेमज पादराना भंडारमांथी एक प्रत मली ते चारे प्रतोमां आ बन्ने विषयो हता तेथी ते बीजी आवृत्तिमां तेमज आ त्रीजी आवृत्तिमां पृष्ठ २३ थी ३५ तथा पृष्ठ ८४ थी १०६ मां जे ते स्थले दाखल करी लेवामां आवेल छे.

पादराना भंडारनी प्रत तथा पं. लाभविजयजी वाळी प्रत पादराना संग्रहमां मोजुद छे.

आ ग्रन्थना कर्ता श्रीमद् देवचंद्रजी महाराजनुं जीवनचरित्र जाणवानी वांचकने जीज्ञासा थाय ए स्वाभाविक छे, एम जाणी तेमनुं संक्षिप्त जीवनचरित्र जे रा. रा. मोहनलाल दलीचंद देशाइ बी. ए. एल. एल. बी. एमणे लखी आपेलुं ते पहेली आवृत्तिमां दाखल करेलुं पण पाछळथी शोधखोळ करतां तेओश्रीनुं संपूर्ण जीवनचरित्र (देवविलास) मळी आववाथी ते

श्रीमद् बुद्धिसागर सूरिश्वरजी ग्रन्थमाला ग्रन्थांक १०३-४ तरीके अलग छपाववामां आव्यु छे. (पृष्ठ २३० कीं ०-१२-०) तेथी ते अत्रे दाखल करेल नथी.

आ अति उपयोगी ग्रन्थ बहार पाडवा माटे प्रथम प्रेरणा करनार परमपूज्य सद्गत गुरुवर्य श्रीमद् बुद्धिसागर सूरिश्वरजी महाराजनो उपकार मानी आ प्रस्तावना पूर्ण करवामा आवे छे.

पादरा.
फागण वद ६ १९८४ } वकील मोहनलाल हीमचंद.

श्री अध्यात्मज्ञानप्रसारक मंडळ.

स्व० श्रीमद् बुद्धिसागरसूरिजी ग्रंथमाळामां प्रकट थयेला ग्रंथोनुं सुचीपत्र.

	ग्रंथांक	पृष्ट	किंमत
*	१ अध्यात्म व्याख्यानमाळा.	२०६	०-४-०
*	२ भजनसंग्रह भाग २ जो.	३३६	०-८-०
*	३ भजनसंग्रह भाग ३ जो.	२२५	०-८-०
*	४ समाधिशतकम्.	६१२	०-८-०
*	५ अनुभवपच्चिशी.	२४८	०-८-०
*	६ आत्मप्रदीप.	३१५	०-८-०
*	७ भजनसंग्रह भाग ४ थो.	३०४	०-८-०
*	८ परमात्मदर्शन.	४००	०-१२-०
	९ परमात्मज्योति	छपाय छे.	
*	१० तत्त्वबिंदु.	२३०	०-४-०
*	११ गुणानुराग (आवृत्ति बीजी)	२४	०-१-०
*	१२-१३ भजनसंग्रह भाग ५ मो तथा ज्ञानदीपिका.	१००	०-६-०
*	१४ तीर्थयात्रानुं विमान (आ. बीजी)	६४	०-२-०
*	१५ अध्यात्मभजनसंग्रह.	१९०	०-६-०
*	१६ गुरुबोध. (आ. बीजी)	२९०	०-८-०
	१७ तत्त्वज्ञानदीपिका.	छपाय छे.	
*	१८ गहूंलीसंग्रह भा. १	११२	०-३-०
*	१९-२० श्रावकधर्मस्वरुप भाग १-२	४०-४०	०-१-०
*	२१ भजनपदसंग्रह भाग ६ ठो.	२०८	०-१२-०
*	२२ वचनामृत.	३०८	०-१४-०
	२३ योगदीपक.	३०८	०-१४-०
	२४ जैन ऐतिहासिक रासमाळा.	३०८	१-०-०
	२५ आनंदघनपद (१०८) संग्रह.	छपाय छे.	
	२६ अध्यात्मशांति (आवृत्ति त्रीजी)	१३२	०-३-०

* २७ काव्यसंग्रह भाग ७ मो	१६६	०-८-०
२८ जैनधर्मनी प्राचीन अने अर्वाचीन स्थिति		छपाय छे
* २९ कुमारपाल (हिन्दी)	२८७	०-६-०
* ३० थी ३४ सुखसागर गुरुगीता	३००	०-४-०
३५ षड्द्रव्यविचार	२५०	०-४-०
*-३६ विजापुर वृत्तांत	९०	०-४-०
× ३७ साबरमती गुणशिक्षण काव्य	१९२	०-६-०
* ३८ प्रतिज्ञापालन	११०	०-५-०
* ३९-४०-४१ जैनगच्छमतप्रबंध, संघप्रगति, जैनगीता.	३०४	१-०-०
४२ जैनधातुप्रतिमा लेखसंग्रह भा १		१-०-०
* ४३ मित्रमैत्री	१७०	०-८-०
* ४४ शिष्योपनिषद्	४८	०-२-०
४५ जैनोपनिषद्	४८	०-२-०
४६-४७ धार्मिक गद्यसंग्रह तथा पत्र सदुपदेश भाग १ लो	९३६	३-०-०
४८ भजनसंग्रह भा ८	९७५	३-०-०
४९ श्रीमद् देवचंद्र भा १		छपाय छे
× ५० कर्मयोग	१०१२	३-०-०
* ५१ आत्मतत्वदर्शन	११२	० १० ०
– ५२ भारतसहकारशिक्षण काव्य	१६८	० १० ०
५३ श्रीमद् देवचंद्र भाग २		छपाय छे
५४ गहुंली संग्रह भाग २	१३०	०-४-०
* ५५ कर्मप्रकृतिटीका भाषांतर	८००	३-०-०
५६ गुरुगीत गहुंलीसंग्रह	१९०	० १२ ०
५७ आगमसार	११२	०-६-०
* ५९ देववंदन स्तुति स्तवन संग्रह	१७६	०-४-०
६० पूजासंग्रह भा १ लो	४१६	१-०-०
६१ भजनपदसंग्रह भा ९	५८०	१-८-०
६२ भजनपदसंग्रह भा १०	२००	१-०-०
६३ पत्रसदुपदेश भा २	५७६	१-८-०
६४ धातुप्रतिमा लेखसंग्रह भाग २	१८०	१-०-०

६५ जैनदृष्टिए ईशावास्योपनिषद् भावार्थ विवेचन.	३६०	१-०-०
६६ पूजासंग्रह भाग १-२	४१५	२-०-०
६७ स्नात्रपूजा.		०-२-०
६८ श्रीमद् देवचंद्रजी अने तेमनुं जीवनचरित्र.		०-४-०
६९-७२ शुद्धोपयोग वि. संस्कृत ग्रंथ ४	१८०	०-१२-०
७३-७७ संघकर्तव्य वि, संस्कृत ग्रंथ ५	१६८	०-१२-०
७८ लाला लजपतराय अने जैनधर्म.	१००	०-४-०
७९ चिन्तामणि	१२०	०-४-०
८०-८१ जैनधर्म अने क्रिस्ति धर्मनो मुकाबलो तथा जैनक्रिस्ति संवाद	२२०	१-०-०
८२ सत्यस्वरुप	२००	०-६-०
८३ ध्यानविचार.	८५	०-८-०
८४ आत्मशक्तिप्रकाश	१४०	०-४-०
८५ सांवत्सरिक क्षमापना.	८०	०-३-०
८६ आत्मदर्शन (मणीचंद्रजीकृत सज्जायो नु विवेचन).	१५०	०-४-०
८७ जैनधार्मिक शंकासमाधान.	५५	०-२-०
८८ कन्याविक्रय निषेध.	२००	०-६-०
८९ आत्मशिक्षा भावनाप्रकाश.	११५	०-७-०
९० आत्मप्रकाश.	५६५	१-८-०
९१ शोक विनाशक ग्रंथ	८०	०-१-०
९२ तत्त्वविचार.	१२५	०-६-०
९३-९७ अध्यात्मगीता वि. संस्कृत ग्रंथ.	२०५	१-०-०
९८ जैनसूत्रमां मूर्तिपूजा.	९६	०-३-०
९९ श्री यशोविजयजी निबंध.	२१०	०-६-०
१०० भजनपदसंग्रह भाग ११	२२०	०-१२-०
१०१ „ भाग १ आ. ४ थी	२००	०-८-०
१०२ गुजरात वृहद् विजापुर वृतांत	३००	१-४-०
१०३ श्रीमद् देवचंद्रजी विस्तृत जीवनचरित्र तथा देवविलास	२३०	०-१२-०

अनुक्रमणिका.

॥ श्री सर्वज्ञायनमः ॥

॥ श्रीमद्पंडितश्रीदेवचंद्रजीकृत ॥

आगमसार.

भव्यजीवने प्रतिबोधवा निमित्ते मोक्षमार्गनी वचनिका कहे छे. तिहां प्रथम जीव अनादिकालनो मिथ्यात्वी हतो ते काललब्धि पामीने त्रण करण करे छे. तेना नाम-पहेलुं यथाप्रवृत्ति करण, बीजुं अपूर्व करण, अने त्रीजुं अनिवृत्ति करण.

तेमा पहेलुं यथाप्रवृत्ति करण कहे छे. १ ज्ञानावरणीय, २ दर्शनावरणीय, ३ वेदनीय, ४ अंतराय, ए चार कर्मनी त्रीस कोडाकोडी सागरोपमनी स्थिति छे, तेमाथी ओगणत्रीस कोडाकोडी खपावे अने एक कोडाकोटी बाकी राखे, तथा १ नामकर्म, २ गोत्रकर्म, ए बे कर्मनी वीस कोडाकोडी सागरोपमनी स्थिति छे, तेमाथी ओगणीस खपावे अने एक कोडाकोडी राखे, अने मोहनीयकर्मनी सित्तेर कोडाकोडी सागरोपमनी स्थीति छे तेमांथी अगणोतेर खपावे, बाकी एक कोडाकोडी शेष राखे एवी रीते एक आयुकर्म वर्जीने बाकी सात कर्मनी एकपल्योपमना असंख्यातमा भागे न्यून एक कोडाकोडी साग-

रोपमनी स्थिति राखे. एवो जे वैराग्यरुप उदासी परिणाम तेने यथाप्रवृत्तिकरण कहीये. ए पहेलुं करण, सर्वसंज्ञी पंचेंद्रीजीव अनंतीवार करे छे.

हवे बीजुं अपूर्वकरण कहे छे. ते एक कोडाकोडी सागरोपमनी स्थिति मांहेथी एक मुहूर्त्त अने अनादि मिथ्यात्व जे अनंतानुबंधीआनी चोकडी ते खपाववाने अज्ञान हेय ते छांडवुं, अने ज्ञान उपादेय एटले आदरवुं, ए वांच्छारूप अपूर्व कहेतां पहेलां क्यारे न आव्यो एवो जे परिणाम ते अपूर्व करण कहीये, ए बीजुं करण, ते समकित योग्य जीवने थाय.

हवे त्रीजुं अनिवृत्ति करण कहे छे. ते मुहूर्त्तरूप स्थिति खपावीने निर्मल शुद्ध समकित पामे, मिथ्यात्वनो उदय मटे त्यारे जीव उपशम समकित पामे, एवो जे परिणाम ते अनिवृत्ति करण कहिये. ए करण कीधाथी गंठीभेद थयो कहीये. उक्तंश्च आवश्यकनिर्युक्तौ ' जा गंठी ता पढमं। गंठीसमय छेओ भवेबीओ ॥ अनिअट्टिकरणं पुण । समत्तपुरक्खडेजीवे ॥ १ ॥ ऊसर देसं दड्ढुलियं च । विज्जाइ वणदवो पप्प इय ॥ मिच्छत्तस्साणुदए । उवसमसम्मं लहइ जीवो ॥२॥ एम मिथ्यात्वनो उदय मट्याथी जीव समकित पामे, ते समकितनी सद्दहणाना बे भेद छे, एक व्यवहार समकित सद्दहणा, बीजी निश्चय समकित सद्दहणा.

देवश्रीअरिहंत देवाधिदेव, अने गुरु सुसाधु, जे सूधो अर्थ कहे ते, तथा धर्म केवलीनो प्ररुप्यो जे आगममां सातनय

तथा एक प्रत्यक्ष बीजुं परोक्ष ए बे प्रमाण, अने चार निक्षेपे करी सद्दहे, एवी सदहणा ते व्यवहार समकित कहिये. ए पुण्यनुं कारण तथा धर्म प्रगट करवानुं कारण छे एवी रुचि ज्ञानविना पण घणा जीवोने उपजे.

बीजुं निश्चयसमकित ते आवी रीते जे निश्चय देव ते आपणोज आत्मा, जीव निष्पन्नस्वरुपी सिद्ध, ते संग्रहनयनीसत्ता-गवेषतां, तथा निश्चयगुरु ते पण आपणो आत्माज तत्त्वरमणी, अने निश्चयधर्म ते आपणा जीवनो स्वभावज छे, एवी सद्दहणा ते मोक्षनुं कारण छे केमके जीव स्वरुप ओळख्या विना कर्म खपे नहीं एवी शुद्ध सद्दहणा ते निश्चयसमकित.

हवे ज्ञाननुं स्वरुप कहे छे. ते ज्ञानना बे भेद छे एक व्यवहारज्ञान, बीजुं निश्चयज्ञान, तेमा अन्यमतिना सर्वशास्त्र जाणवां. अथवा जैनागममध्ये कह्या जे एक गणितानुयोग ते क्षेत्रमान, बीजो चरणकरणानुयोग ते क्रियाविधि, त्रीजो धर्म-कथानुयोग ए त्रण अनुयोगनु जाणवापणु ते सर्व व्यवहारज्ञान छे. अथवा अन्तरङ्उपयोगविना जे सूत्रना अर्थ करवा ते पण व्यवहारज्ञान कहिये

हवे निश्चयज्ञान ते छ द्रव्य तथा तेना गुण अने पर्याय सर्वने जाणे तेमां पाच अजीव द्रव्य छे ते हेय-कहेतां छांडवा योग्य जाणी छांडवां, अने एक जीवद्रव्य ते निश्चयेंकरी सिद्धसमान मोक्षमयी मोक्षनो जाणनार मोक्षनुं कारण मोक्षनो जावावाळो मोक्षमांज रहे छे एहवो आपणो जीव अनतगुणी अरुपी छे तेनेज ध्यावे ते निश्चयज्ञान कहियें.

हवे एक धर्मास्तिकाय, बीजो अधर्मास्तिकाय, त्रीजो आकाशास्तिकाय, चोथो पुद्गलास्तिकाय, पांचमो जीवास्तिकाय,

अने छट्ठो काल ए छ द्रव्य शाश्वता छे. तेनुं ज्ञान कहे छे. ए छ द्रव्य मध्ये पांच अजीव द्रव्य छे अने एक जीव द्रव्य ते चेतनालक्षणवंत छे. उपादेय छे.

हवे छ द्रव्यना गुण कहे छे. पहेलो धर्मास्तिकायना चार गुण. एक अरुपी, वीजो अचेतन, त्रीजो अक्रिय, चोथो गतिसहायगुण. वीजा अधर्मास्तिकायना पण चार गुण छे. एक अरुपी, वीजो अचेतन त्रीजो अक्रिय, अने चोथो स्थितिसहायगुण. त्रीजा आकाशास्तिकायद्रव्यना चार गुण छे. एक अरुपी, वीजो अचेतन, त्रीजो अक्रिय, चोथो अवगाहनादानगुण. हवे कालद्रव्यना चार गुण कहे छे. एक अरुपी, वीजो अचेतन, त्रीजो अक्रिय, चोथो नवापुराणवर्त्तनालक्षण. हवे पुद्गलद्रव्यना चार गुण कहे छे. एक रुपी, वीजो अचेतन, त्रीजो सक्रिय, चोथो मिलणविखरणरुप पूरणगलन गुण. हवे जीवद्रव्यना चार गुण कहे छे. एक अनंतज्ञान, वीजो अनन्तदर्शन, त्रीजो अनन्तचारित्र, चोथो अनन्तवीर्य ए छ द्रव्यना गुण कह्या ते नित्यध्रुव छे.

हवे छ द्रव्यना पर्याय कहे छे. धर्मास्तिकायना चार पर्याय छे. एक खंध, वीजो देश, त्रीजो प्रदेश, चोथो अगुरुलघु. अधर्मास्तिकायना चार पर्याय. एक खंध, वीजो देश, त्रीजो प्रदेश, चोथो अगुरुलघु. पुद्गलद्रव्यना चार पर्याय. एक वर्ण, वीजो गंध, त्रीजो रस, चोथो स्पर्श अगुरुलघुसहित; तथा आकाशास्तिकायना चार पर्याय. एक खंध, वीजो देश, त्रीजो प्रदेश, चोथो अगुरुलघु. कालद्रव्यना चार पर्याय. एक अतीत काल, वीजो अनागत काल, त्रीजो वर्त्तमान काल, चोथो अगुरुलघु. अने जीव द्रव्यना चार पर्याय. एक अव्यावाध,

बीजो अनवगाह, त्रीजो अमूर्त्तिक, चोथो अगुरुलघु. ए छ द्रव्यना पर्याय कह्या.

हवे छ द्रव्यना गुणपर्यायनुं साधर्म्यपणुं कहे छे. अगुरु लघुपर्याय सर्वद्रव्यमां सरीखो छे अने अरूपीगुण पाच द्रव्यमां छे, एक पुद्गलद्रव्यमां नथी, तथा अचेतनगुण पांच द्रव्यमां छे. एक जीवद्रव्यमां नथी, अने सक्रियगुण जीव तथा पुद्गल ए बे द्रव्यमा छे. बाकी चार द्रव्यमां नथी, तथा चलणसहायगुण एक धर्मास्तिकायमा छे, बीजां पाच द्रव्यमां नथी, वली स्थिरसहायगुण एक अधर्मास्तिकायमा छे. बीजां पाच द्रव्यमां नथी अवगाहना गुण ते एक आकाशद्रव्यमा छे, बीजां पाच द्रव्यमा नथी; अने वर्तनागुण ते एक कालद्रव्यमाज छे, बीजां पाच द्रव्यमा नथी नेमज मिलणविखरणगुण ते पुद्गलमा छे, बीजा द्रव्यमां नथी तथा ज्ञान-चेतना गुण ते एक जीव द्रव्यमा छे, पण बीजां द्रव्यमां नथी ए मूलगुण कोइ द्रव्यना कोइ द्रव्यमा मिले नही. एक धर्म बीजो अधर्म, त्रीजो आकाश, ए त्रण द्रव्यना त्रण गुण तथा चार पर्याय सरिखा छे अने त्रण गुणे करी तो कालद्रव्य पण ए समान छे.

हवे वली अग्यार बोले करी छ द्रव्यना गुण जाणवाने गाथा कहे छे.

परिणामी जीव मुत्ता, सपएसा एग खित्त किरिआय । निच्च कारण कत्ता, सव्वगय इयर अप्पवेसे । १ ।

अर्थ-निश्चयनयथी आप आपणा स्वभावे छ ए द्रव्य परिणामी छे अने व्यवहारनयथी जीव तथा पुद्गल ए बे द्रव्य

परिणामी छे तथा एक धर्म, वीजो अधर्म, त्रीजो आकाश अने चोथो काल, ए चार द्रव्य अपरिणामी छे. तथा छ द्रव्यमां एक जीव द्रव्य ते जीव छे, वीजां पांच द्रव्य अजीव छे तथा छ द्रव्यमां एक पुद्गल रूपी छे अने पांच द्रव्य अरूपी छे. छ द्रव्यमां पांच द्रव्य सप्रदेशी छे, अने एक काल द्रव्य अप्रदेशी छे तेमां एक धर्मास्तिकाय वीजो अधर्मास्तिकाय ए वे द्रव्य असंख्यात प्रदेशी छे अने एक आकाशद्रव्य अनंतप्रदेशी छे. जीव द्रव्य असंख्यात प्रदेशी छे, पुद्गलपरमाणु* अनंतप्रदेशी छे, परमाणुआ अनंता छे एम पांच द्रव्य सप्रदेशी छे अने छट्ठो काल अप्रदेशी छे.

छ द्रव्यमां एक धर्मास्तिकाय, वीजो अधर्मास्तिकाय, त्रीजो आकाशास्तिकाय ए त्रण ते एकेक द्रव्य छे, तथा एक जीव द्रव्य, वीजो पुद्गल द्रव्य, त्रीजो कालद्रव्य ए त्रण अनेक-अनेक छे, छ द्रव्यमां एक आकाशद्रव्य क्षेत्र छे, अने बीजां पांच द्रव्य क्षेत्री छे; निश्चयनयथी छ द्रव्य पोतपोताना कार्ये सदा प्रवर्त्ते छे माटे सक्रिय छे; अने व्यवहार नयथी जीव अने पुद्गल ए वे द्रव्य सक्रिय छे. तेमां पण पुद्गल सदा सक्रिय छे, अने जीव द्रव्य तो संसारी थको सक्रिय छे; पण सिद्धअवस्थाये थको संसारी क्रिया करवाने अक्रिय छे, तथा वाकीना चार द्रव्य तो अक्रिय छे, निश्चय नयथी छ द्रव्य नित्य छे, ध्रुव छे; अने उत्पादव्यये करी अनित्य पण छे. तथा व्यवहारनयें जीव अने पुद्गल ए बे द्रव्य अनित्य छे, वाकीना चार द्रव्य नित्य छे, यद्यपि उत्पादव्ययध्रुवपणे सर्व पदार्थ परिणमे छे तोपण एक धर्म, वीजो अधर्म, त्रीजो आकाश, चोथो काल, ए चार द्रव्य सदा अवस्थित छे ते माटे नित्य कह्यां.

*पुद्गलास्तिकायना स्कन्धो-पर्यायो अनन्तप्रदेशी छे.

छ द्रव्यमां एक जीव द्रव्य अकारण छे अने पाच द्रव्य कारण छे. केमके पाचे द्रव्य जीवने भोगमां आवे छे माटे कारण कहिये. धर्मास्तिकाय चालवामां साह्य आपे छे. अधर्मास्तिकाय थिर रहेवामां साह्य आपे छे. आकाशास्किाय अवकाश आपे छे पुद्गलास्तिकाय जीवने मधुरादि, सुरभिगधादिक तथा सकोमल स्पर्शादिक भोगपणे थाय छे. तथा कालद्रव्य ते जीवने जरा, बाल, तारुण्य अवस्था दिए छे, तथा अनादि ससारी जीव भवस्थिति परिपाक थतां एक अंतर्मुहूर्तकालमां सकलकर्म निर्जरी मोक्ष पहोंचे तिहा सिद्ध अवस्थायें अनंतोकाल पर्यंत जीव अनंता सुखने विलसे, माटे कालद्रव्य पण जीवने भोग थाय छे. पण एक जीव द्रव्य कोइने भोग आवतो नथी माटे अकारण कह्यु. अने पाच द्रव्य भोग आवे माटे कारण कह्या. तथा घणी प्रतोमां ता संक्षेपे एटलुं छे जे छ द्रव्यमां एक जीव द्रव्य कारण छे. पांच द्रव्य अकारण छे ए पण वात घणी रीते मळती छे. माटे जे बहुश्रुत कहे ते खरु. "मारी धारणा प्रमाणे जीवद्रव्य कारण अने पाच द्रव्य अकारण एम संभवे छे" निश्चयनयथी छए द्रव्य कर्त्ता छे अने व्यवहारनये एक जीवद्रव्य कर्त्ता छे. बाकी पाच द्रव्य अकर्त्ता छे. छ द्रव्यमा एक आकाशद्रव्य सर्वव्यापी, अने पाचद्रव्य लोक व्यापी छे. छए द्रव्य एक क्षेत्रमां एकठां रह्यां छे पण एक बीजा साथे मली जाय नहीं. ए छ द्रव्यनो विचार कह्यो.

हवे एकेका द्रव्यमा एक नित्य, बीजो अनित्य, त्रीजो एक, चोथो अनेक, पाचमो सत्, छट्ठो असत्, सातमो वक्तव्य, आठमो अवक्तव्य ए आठ आठ पक्ष कहे छे.

धर्मास्तिकायना चार गुण नित्य छे तथा पर्यायमां धर्मास्तिकायनो एक खंध नित्य छे. बाकीना देश प्रदेश तथा अगुरुलघु पर्याय अनित्य छे. अधर्मास्तिकायना चार गुण तथा एक लोकप्रमाण खंध नित्य छे अने एक देश, बीजो प्रदेश, त्रीजो अगुरुलघु ए त्रण पर्याय अनित्य छे. तथा आकाशास्तिकायना चार गुण तथा लोकालोकप्रमाणखंध नित्य छे अने एक देश, बीजो प्रदेश, त्रीजो अगुरुलघु ए पर्याय अनित्य छे. तथा कालद्रव्यना चार गुण नित्य छे अने चार पर्याय अनित्य छे. पुद्गल द्रव्यना चार गुण नित्य अने चार पर्याय अनित्य छे. जीवद्रव्यना चार गुण तथा त्रण पर्याय नित्य छे अने एक अगुरुलघु पर्याय अनित्य छे. ए रीते नित्यानित्यपक्ष कह्यो.

हवे एक अनेकपक्ष कहे छे. एक धर्मास्तिकाय बीजो अधर्मास्तिकाय ए बे द्रव्यनो खंध लोकाकाशप्रमाण एक छे अने गुण अनेक छे, पर्यायअनन्ता छे, प्रदेश असंख्याता छे. तेणे करी अनेक छे, आकाशद्रव्यनो लोकालोकप्रमाणखंध एक छे अने गुण अनन्ता छे, पर्याय अनन्ता छे, प्रदेश अनन्ता छे माटे अनेक छे कालद्रव्यनो वर्तनारुप गुण एक छे, गुण अनंता छे, पर्याय अनंता छे केमके समय अनन्ता छे. अतीत काले अनन्ता समय गया अने अनागतकाले अनन्ता समय आवशे तथा वर्त्तमानकाले समय एक छे माटे अनेक छे. पुद्गल द्रव्यना परमाणु अनन्ता छे ते एकेक परमाणुमां अनन्ता गुण पर्याय ते अनन्तपणु छे अने सर्व परमाणुमां पुद्गलपणु ते एकज छे माटे एक छे.

जीवद्रव्य अनंता छे. एकेका जीवमां प्रदेश असंख्याता छे. तथा गुण अनंता छे, पर्याय अनंता छे ते अनेकपणु छे

पण जीवित्वपणुं सर्वजीवनु एकसरीखुं छे माटे एकपणुं छे. इहां शिष्य पुछे छे जे सर्व जीव एक सरीखा छे तो मोक्षनाजीव सिद्ध परमानन्दमयी देखाय छे अने संसारीजीव कर्मवश पड्या दुःखी देखाय छे अने ते सर्व जुदा जुदा देखाय छे ते केम ? तेहने गुरु उत्तर कहे छे के निश्चयनये तो सर्व जीव सिद्ध समान छे माटेज सर्व जीव कर्म खपावीने सिद्ध थाय छे तेथी सर्व जीव सत्ताए एक सरखा छे.

फरि शिष्य पुछे छे के जो सर्व जीव सिद्ध समान कहो छो तो अभव्य जीव पण सिद्ध समान छे एम ठेरयु (ठर्युं) अने ते तो मोक्षे जता नथी, तेहने ए उत्तर जे अभव्यमा परावर्त धर्म नथी तेथी सिद्ध थता नथी माटे तेनो एहवोज स्वभाव छे जे मोक्षे जवुंज नथी. अने भव्यजीवमां परावर्त्त धर्म छे माटे कारण सामग्री मिले पल्टण पामे, गुणश्रेणि चढी मोक्ष करी सिद्ध थाय पण जीवना मुख्य आठ रुचक प्रदेश जे छे ते निश्चयनयथी भव्य तथा अभव्य सर्वना सिद्ध समान छे माटे सर्व जीवनी सत्ता एक सरखी छे केमके ए आठ प्रदेशने बिल्कुल कर्म लागतां नथी ते " श्री आचारांग सूत्रनी श्री सिलागाचार्य कृत टीकाना लोकविजयाध्ययने प्रथमोदेशके साख छे तिहांथी सविस्तरपणे जोवु "

हवे सत् तथा असत् पक्ष कहे छे ए छ द्रव्य ते स्वद्रव्य, स्वक्षेत्र, स्वकाल अने स्वभावपणे सत् एटले छता छे अने परद्रव्य परक्षेत्र, परकाल तथा परभावपणे असत् एटले अछता छे तेनी रीत धर्मास्तिकायनो अर्थ स्व द्रव्यना द्रव्य क्षेत्र काल भाव कहिये छैये

धर्मास्तिकायनो मूलगुण चलण सहाय पणो ते स्वद्रव्य

अधर्मास्तिकायनो मूलगुणस्थिति सहायपणो ते स्वद्रव्य, आकास्तिकायनो मूल गुण अवगाहपणो ते स्वद्रव्य, कालद्रव्यनो मूल गुण वर्त्तनालक्षणपणो ते स्वद्रव्य, तथा पुद्गलनो मूलगुण पुरणगलनपणो ते स्वद्रव्य अने जीवद्रव्यनो मूलगुण ज्ञानादिक चेतनालक्षणपणो ते स्वद्रव्य ए छद्रव्यनो स्वद्रव्यपणो कह्यो.

हवे स्वक्षेत्र ते द्रव्यनो प्रदेशपणो छे ते देखाडे छे. तिहां एकधर्मास्तिकाय, बीजो अधर्मास्तिकाय ए बे द्रव्यनो स्वक्षेत्र असंख्य प्रदेश छे अने आकाशद्रव्यनो स्वक्षेत्र अनंत प्रदेश छे. कालद्रव्यनो स्वक्षेत्र समय छे. पुद्गलद्रव्यनो स्वक्षेत्र एक परमाणु छे ते परमाणु अनंता छे. जीवद्रव्यनो स्वक्षेत्र एक जीवना असंख्याता प्रदेश छे.

हवे स्वकाल ते छए द्रव्यमां अगुरुलघुनोज छे अने छ द्रव्यना पोतपोताना गुण पर्याय ते सर्व द्रव्यनो स्वभाव जाणवो. एटले धर्मास्तिकायमां पोतानाज द्रव्यक्षेत्र कालभाव छे पण बीजा पांच द्रव्यना नथी. तथा अधर्मास्तिकाय द्रव्य मध्ये पण स्वद्रव्यादिक चार छे. पण बीजा पांच द्रव्यना नथी. एमज आकाशास्तिकायने विषे आकाशनाज स्वद्रव्यादिक चार छे पण बीजा पांचद्रव्यना नथी कालद्रव्यमां कालना द्रव्यादिक चार छे बीजा पांच द्रव्यना नथी अने पुद्गलना द्रव्यादिक चार ते पुद्गलमांज छे पण बीजा पांच द्रव्यना नथी तथा जीव द्रव्यना स्वद्रव्यादिक चार ते जीवमां छे पण बीजा पांच द्रव्यना नथी.

जे द्रव्य ते गुण पर्यायवंत, द्रव्यथी अभेदपर्याय होय ते द्रव्य कहिये, तथा स्वधर्मनो आधारवंतपणो ते क्षेत्र कहियें, अने उत्पाद व्ययनीवर्त्तना ते काल कहियें, तथा विशेष गुण परिण-

ति स्वभाव परिणति पर्याय प्रमुख ते स्वभाव कहियें. ए रीते छ ए द्रव्य स्वगुणे सत् छे अने परगुणे असत् छे.

हवे वक्तव्य तथा अवक्तव्य पक्ष कहे छे. ए छ द्रव्यमां अनंता गुणपर्याय ते वक्तव्य एटले वचने कहेवा योग्य छे अने अनंता गुणपर्याय ते अवक्तव्य एटले वचने कह्या जाय नहीं एवा छे. तिहां केवली भगवते समस्त भाव दीठा तेने अनंतमे भागे जे वक्तव्य एटले कहेवा योग्य हता ते कह्या वली तेनो अनंतमो भाग श्रीगणधरे सूत्रमा गुथ्यो तेना असंख्यातमे भागे हमणा आगम रह्यां छे ए आठपक्ष कह्या.

इहा १ भेद स्वभाव, २ अभेदस्वभाव ३ भव्यस्वभाव. ४ अभव्यस्वभाव. ५ परमस्वभाव. ए पाच स्वभाव कहेवा. तेमां द्रव्यना सर्व धर्मने पोतपोताना स्वस्वकार्यने करवे करी भेद स्वभाव छे अने अवस्थानपणे अभेद स्वभाव छे. अणपलटण स्वभावे अभव्य स्वभाव छे. तथा पलटण स्वभावे भव्य स्वभाव छे अने द्रव्यना सर्व धर्म ते विशेष धर्मने अनुयायीज परिणमे ते माटे ते परम स्वभाव कहियें ए सामान्य स्वभाव जाणवा

हवे नित्य तथा अनित्य पक्षथी चौभंगी उपनी ते कहे छे एक जेनी आदि नथी अने अंत पण नथी ते अनादि अनंत पहेलो भांगो, अने जेनी आदि नथी पण अंत छे ते अनादि सांत बीजो भांगो, तथा जेनी आदि पण छे अने अंत एटले छेहडो पण छे ते सादि सांत त्रीजो भांगो, वली जेहने आदि छे पण अंत नथी ते सादि अनंत नामे चोथो भांगो जाणवो

हवे ए चार भांगा छ द्रव्यमां फलावी देखाडे छे जीव द्रव्यमा ज्ञानादिक गुण ते अनादि अनंत छे नित्य छे अने भव्यजीवने धर्म साथे संबंध तथा संसारीपणानी आदि

नथी पण सिद्ध थाय तेवारे अंत आव्यो तेथी ए अनादि सांत भांगो छे, अने देवता तथा नारकी प्रमुखना भव करवा ते सादि सांत भांगो छे, अने जे जीव कर्म खपावी मोक्षे गया तेनी सिद्धपणे आदि छे अने पाछो संसारमां कोइ काले आववुं नथी माटे अंत नथी तेथी ए सादि अनंत भांगो छे. ए जीव द्रव्यमां चौभंगी कही. जीव द्रव्यना चार गुण अनादि अनंत छे. जीवने कर्म साथे संयोग ते अनादि सांत छे. केमके केवारे पण कर्म छुटे छे.

हवे धर्मास्तिकायमां चार गुण तथा खंधपणो ते अनादि अनंत छे अने अनादि सांत भांगो नथी तथा १ देश २ प्रदेश ३ अगुरुलघु ए सादि सांत भागो छे. तथा सिद्धना जीवमां धर्मास्तिकायना जे प्रदेश रह्या छे ते प्रदेश आश्रयीने सादि अनंत भांगो छे एवीज रीते अधर्मास्तिकायमां पण चौभंगी जाणवी अने आकाश द्रव्यमां गुण तथा खंध अनादि अनंत छे बीजो भांगो नथी अने १ देश २ प्रदेश तथा ३ अगुरुलघु सादि सांत छे तथा सिद्धना जीवनी साथे संबंध ते सादि अनंत छे.

पुद्गल द्रव्यमां गुण अनादि अनंत छे. जीव पुद्गलनो संबन्ध अभव्यने अनादि अनंत छे.+ भव्य जीवने अनादि सांत छे पुद्गलना खंध सर्व सादि सांत छे जे खंध बांध्या ते स्थिति प्रमाणे रही खरे छे वली नवा बंधाय छे माटे सादि अनंत भांगो पुद्गलमां नथी.

कालद्रव्यमां गुण चार अनादि अनंत छे, पर्यायमां अतीतकाल अनादि सांत छे अने वर्तमानकाल सादि सांत छे; अनागतकाल सादि अनंत छे. ए कालनुं स्वरूप ते सर्व उपचारथी छे. ए रीते कालद्रव्यमां चौभंगी कही.

+परंपरापणे जाणवो-आ शब्दो जुनी प्रतमां छे

हवे द्रव्य क्षेत्र काल तथा भावमां चौभंगी कहे छे. जीव द्रव्यमां स्वद्रव्यथी ज्ञानादिक गुण ते अनादि अनत छे. स्वक्षेत्रे जीवना प्रदेश असंख्याता छे ते सादि सांत छे तद्गोदक उद्वर्तनापणे फरे छे ते माटे, अथवा अवगाहना माटे सादि सांत छे, पण ऊतीपणे तो अनादि अनत छे, स्वकाल अगुरु लघुने गुणे अनादि अनत छे अने अगुरु लघु गुणनो उपजवो तथा विणशवो ते सादि सांत छे. तथा स्वभाव (सर्व भाव) गुण पर्याय ते अनादि अनंत छे अने भेदान्तरे अगुरुलघु ते सादि सांत छे.

धर्मास्तिकायमां स्वद्रव्य जे चलण सहाय गुण ते अनादि अनत छे अने स्वक्षेत्र असंख्यात प्रदेश लोक प्रमाण छे ते अवगाहनापणे सादि सांत छे स्वकाल ते अगुरुलघु गुणे करी अनादि अनत छे अने उत्पाद व्यय ते सादि सांत छे स्वभाव ते चार गुण अगुरुलघु अनादि अनंत छे १ खंध २ देश ३ प्रदेश ते अवगाहनाने प्रमाणे सादि सांत छे एम अधर्मास्तिकायना पण द्रव्यादि चार भांगा जाणवा तथा आकाशास्तिकायमां स्वद्रव्य ;अवगाहनादान गुण ते अनादि अनंत छे अने स्वक्षेत्र लोकालोक प्रमाण अनत प्रदेश ते अनादि अनंत छे. स्वकाल ते अगुरुलघुगुण सर्वथापणे अनादि अनंत छे अने उपजवे तथा विणसवे सादि सांत छे स्वभावते चार गुण तथा खंध अने अगुरुलघु ते अनादि अनंत छे तथा देश प्रदेश ते सादि सांत छे ते आकाश द्रव्यना बे भेद छे एक चौदराज लोकनो खंध लोकाकाश ते सादि सांत छे बीजो अलोकाकाशनो खंध ते सादि अनंत छे.*

---

* चउदराज लोकनो खंध लोकाकाश सादि सांत छे ते माटे रोते प्रे लोकना मध्यभागे आठ रुचक प्रदेशथी मांडीने

काल द्रव्यमां स्वद्रव्य जे नवा पुराणवर्त्तना गुण ते अनादि अनंत छे स्वक्षेत्र समय (काल) ते सादि सांत छे केमके वर्तमान समय एक छे ते माटे, तथा स्वकाल ते अनादि अनंत छे. स्वभाव ते गुण चार अने अगुरुलघु अनादि अनंत छे. अतीत काल अनादि सांत छे वर्तमानकाल सादि सांत छे अनागत काल सादि अनंत छे.

पुद्गल द्रव्यमां स्वद्रव्य ते द्रव्यपणे जे पूरणगलन धर्म ते अनादि अनन्त छे अने स्वक्षेत्र परमाणु ते सादि सांत छे. स्वकाल स्थिति अगुरुलघु गुण ते अनादि अनंत छे. अगुरुलघुनो उपजवो विणसवो ते सादि सांत छे. स्वभावते गुण चार अनादि अनंत छे. वर्णादि पर्याय चार एटले वर्ण गंध रस स्पर्श ते सादि सांत छे. ए द्रव्यादि चारमां चौभंगी कही.

हवे छ द्रव्यना संबन्ध आश्री चौभंगी कहे छे, तिहां प्रथम आकाश द्रव्य छे तेमां अलोकाकाशमां कोइ द्रव्य नथी अने लोकाकाशमां छ द्रव्य छे, तिहां लोकाकाश द्रव्य तथा बीजुं धर्मास्तिकाय द्रव्य अने त्रीजुं अधर्मास्तिकाय द्रव्य ते अनादि अनंत संबंधी छे जे लोकाकाशना एकेक प्रदेशमां धर्म द्रव्य तथा अधर्म द्रव्यनो एकेक प्रदेश रह्यो छे ते पण किवारे विछडशे नहीं माटे अनादि अनंत संबंधी छे. आकाश खेत्र लोक सर्व अने जीव द्रव्यनो अनादि अनंत संबंध छे, अने संसारी जीव कर्म सहित तथा लोकना प्रदेशनो सादि सांत संबन्ध छे. लोकांत सिद्धक्षेत्रना सिद्ध जीवोनो आकाश

सादि छे जिहां चउद्राज लोकनो अंत आवे तिहां सांत तथा चउदराज लोकनो छेलो प्रदेश मूकीने पछे अलोकनी आदि लेषी पण अलोकनो अंत नथी माटे सादि अनंत कह्यु छे.

प्रदेश साथे सादि अनत संबन्ध छे, लोकाकाश अने पुद्गल द्रव्यनो अनादि अनंत संबन्ध छे, आकाश प्रदेशनी साथे पुद्गल परमाणुनो सादि सांत सबन्ध छे. एम आकाश द्रव्यनी परे धर्मास्तिकाय तथा अधर्मास्तिकायनो पण सर्व संबन्ध जाणवो. जीव अने पुद्गलना संबन्धमा अभव्य जीवने पुद्गलनो अनादि अनंत संबन्ध छे, केमके अभव्य जीवनां कर्म किवारें खपशे नही माटे, अने भव्य जीवने कर्मनु लागवु अनादि कालनुं छे पण ते किवारेक छुटशे माटे भव्य जीवने पुद्गल सबंध अनादि सांत छे. तथा निश्चयनयेकरी छ द्रव्य स्वभाव परिणाम परिणम्या छे ते परिणामीपणो सदा शाश्वतो छे ते माटे अनादि अनंत छे अने जीव तथा पुद्गल बेहु द्रव्य मली बध भाव पामे छे ते पर परिणामीपणो छे ते परपरिणामिपणो अभव्य जीवने अनादि अनंत छे अने भव्यजीवने अनादि सांत छे अने पुद्गलनो परिणामीपणो ते सत्ताये अनादि अनंत छे अने पुद्गलनो मिलवो विछडवो ते सादि सांत छे परले जीव द्रव्य पुद्गल साथे मिल्यो सक्रिय छे अने पुद्गल कर्मथी रहित थाय तेवारें जीव द्रव्य अक्रिय छे अने पुद्गल द्रव्य सदा स य छे.

हवे एक, अनेक-पक्षथी निश्चय ज्ञान कहेवाने नय कहे छे, सर्व द्रव्यमां अनेक स्वभाव छे, ते एक वचनथी कह्या जाय नहीं माटे माहोमाहे नये करी संक्षेपपणे कहे छे, तिहां मूल नयना बे भेद छे, एक द्रव्यार्थिक बीजो पर्यायार्थिक, तेमां उत्पाद व्यय पर्याय गौणपणे अने प्रधानपणे द्रव्यनो गुण सत्ताने ग्रहे ते द्रव्यार्थिक नय कहियें तेना दश भेद छे १ सर्व द्रव्य नित्य छे ते नित्य द्रव्यार्थिक २ अगुरुलघु अने क्षेत्रनी अपेक्षा न

करे मूल गुणने पिंडपणे ग्रहे ते एक द्रव्यार्थिक ३ ज्ञानादिक गुणे सर्व जीव एक सरीखा छे माटे सर्वने एक जीव कहे, सद्द्रव्यादिकने ग्रहे ते सत् द्रव्यार्थिक, जेम सत्लक्षणं द्रव्यं ४ द्रव्यमां कहेवा योग्य गुण अंगीकार करे ते वक्तव्य द्रव्यार्थिक ५ आत्माने अज्ञानी कहेवो ते अशुद्ध द्रव्यार्थिक ६ सर्व द्रव्य गुण पर्याय सहित छे एम कहेवुं ते अन्वय द्रव्यार्थिक ७ सर्व जीव द्रव्यनी मूल सत्ता एक छे ते परमद्रव्यार्थिक नय ८ सर्व जीवना आठ प्रदेश निर्मल छे ते शुद्ध द्रव्यार्थिक नय ९ सर्व जीवना असंख्यात प्रदेश एक सरीखा छे ते सत्ता द्रव्यार्थिक नय, १० गुणगुणी द्रव्य एक छे ते परमभावग्राहक द्रव्यार्थिक. जेम आत्मा ज्ञानरूप छे, इत्यादिक ए द्रव्यार्थिक नयना दश भेद कह्या.

हवे पर्यायार्थिक नयना छ भेद कहे छे. जे पर्यायने ग्रहे ते पर्यायार्थिक नय कहिये, तेना छ भेद छे १ द्रव्य पर्याय ते जीवने भव्यपणुं तथा सिद्धपणु कहेवुं, २ द्रव्य- व्यंजन पर्याय ते द्रव्यनुं प्रदेशमान, ३ गुण पर्याय जे एक गुणथी अनेकता थाय जेम धर्माधर्मादिद्रव्य पोताना चलण सहकारादि गुणथी अनेक जीव तथा पुद्गलने सहाय करे, ४ गुण व्यंजन पर्याय जे एक गुणना घणा भेद छे ५ स्वभाव पर्याय ते अगुरुलघु पर्यायथी जाणवो. ए पांच पर्याय सर्व द्रव्यमां छे अने छठ्ठो विभाव पर्याय ते जीव पुद्गल ए बे द्रव्यमां छे. तिहां जीव जे चार गतिना नवा नवा भव करे ते जीवमां विभाव पर्याय तथा पुद्गलमां खंधपणुं ते विभाव पर्याय जाणवो.

हवे पर्यायना बीजा छ भेद कहे छे १ अनादि नित्य पर्याय ते जेम पुद्गल द्रव्यनो मेरु प्रमुख, २ सादि नित्य पर्याय

ते जीव द्रव्यनुं सिद्धपणु, ३ अनित्य पर्याय ते समय समयमां द्रव्य उपजे विणशे छे, ४ अशुद्ध अनित्य पर्याय ते जन्ममरण थाय छे तेणे करी कहेवु, ५ उपाधि पर्याय ते कर्म संबंध, ६ शुद्ध पर्याय जे मुल पर्याय सर्व द्रव्यना एक सरीखा छे ए पर्यायार्थिकनुं स्वरूप कह्य.

हवे सात नय कहे छे १ नैगम, २ संग्रह, ३ व्यवहार, ४ ऋजु सूत्र, ५ शब्द, ६ समभिरुढ, ७ एवंभूत–ए सात नयनां नाम जाणवां. तेमा पहेलो नैगम नय कहे छे. नथी एक गमो ते नैगम कहियें गुणनो एक अंश उपन्यो होय तो नैगमनय कहीये दृष्टान्त जेम कोइक मनुष्यने पाली लाववानो मन थयो, ते वारे जंगलमां लाकडु लेवा चाल्यो रस्तामां कोइक मनुष्य मल्यो तेणे पुछ्युं तु क्यां जाय छे, तेवारे तेणे कह्युं जे पाली लेवा जाउं छु. ते पाली तो हजी घडी नथी पण मनमां चिंतवी ते थइ एम गण्युं. तेम नेगम नय सर्व जीवने सिद्ध समान कहे, केमके सर्व जीवना आठ रुचक प्रदेश निर्मल सिद्ध रूप छे तेथी एक अंशे सिद्ध छे ते माटे सिद्ध समान सर्व जीव कह्या. ते नैगम नयना त्रण भेद छे १ अतीत नैगम २ अनागत नैगम ३ वर्तमान नैगम, ए नैगम नय कह्यो

हवे संग्रह नय कहे छे. सत्ताग्रहे ते संग्रह जे एक नाम लीधाथी सर्व गुण पर्याय परिवार सहित आवे ते संग्रह नय जाणवो तेनो दृष्टांत–जेम कोइक मनुष्ये प्रभाते दातण करवाने अर्थे पोताना घरना बारणे बेशीने चाकर पुरुषने कह्युं जे दातण लइ आवो, ते वारे ते चाकर मनुष्य पाणीनो लोटो तथा रुमाल अने दातण एम सर्व चीज लइ आव्यो. हवे शेठे तो एक दातण नाम लइने मगाव्यु हतु पण सर्वनो संग्रह करी

चाकर लइ आव्यो. तेमज द्रव्य एवुं नाम कह्युं तो द्रव्यना गुण पर्याय सर्व आव्या. ए संग्रह नयना बे भेद छे. एक जे द्रव्यपणो सामान्यपणे बोलतां जीव तथा अजीव द्रव्यनो भेद पड्यो नही ते पहेलो सामान्य संग्रह, तथा बीजो विशेपताने अंगीकार करे छे, जे जीव द्रव्य एम कह्युं तो अजीव सर्व टल्या ते विशेप संग्रह.

हवे व्यवहार नय कहे छे. जे बाह्यस्वरूप देखीने भेदनी वेंहेचण करे अने जे बाहेर देखता गुणनेज माने पण अंतरंग सत्ता न माने. एटले ए नयमां आचार क्रिया मुख्य छे. अंतरंग परिणामनो उपयोग नथी केमके नैगम तथा संग्रह नय ते ज्ञान रूप ध्याननो परिणाम विना अंश तथा सत्ता ग्राही छे, तेम इहां करणी मुख्य छे ते व्यवहारनये (पणे) जीवनी व्यवस्था अनेक प्रकारे छे, तिहां नैगम तथा संग्रह नये करी सर्व जीव सत्तायें एक रूप छे पण व्यवहार नयथी जीवना बे भेद छे. एक सिद्ध, बीजा संसारी. ते वली संसारी जीवना बे भेद छे. एक अयोगी चौदमा गुणठाणावाला तथा बीजा सयोगी. सयोगीना बे भेद एक केवली बीजा छद्मस्थ. छद्मस्थना बे भेद, एक क्षीण मोही बारमा गुणठाणे वर्त्तता मोहनीय कर्म खपाव्युं ते, बीजा उपशान्त मोही. उपशान्त मोहोना वली बे भेद, एक अकषायी इग्यारमा गुणठाणाना जीव; बीजा सकपायी. सकपायीना बे भेद छे. एक सूक्ष्म कपायी दशमा गुणठाणाना जीव; बीजा बादर कषायी. तेना वली बे भेद छे. एक श्रेणि प्रतिपन्न, बीजा श्रेणि रहित. ते श्रेणीरहितना बे भेद. एक अप्रमादी बीजा प्रमादी प्रमादीना बे भेद. एक सर्वविरति परिणामि बीजा देश विरति, देश विरतिना बे भेद, एक विरति परिणामि अने बीजा अविरति

परिणामि, अविरतिना बे भेद एक अविरति समकीति, वीजा अ-
विरति मिथ्यात्वी. ते मिथ्यात्वीना बे भेद, एक भव्य बींजा अभव्य,
ते भव्यना बे भेद एक ग्रंथिभेदी वीजा ग्रंथि अभेदी (अभेद ग्रन्थी)
एवी रीते जे जीव जेवो देखाय तेने तेवो माने ए व्यवहार नय छे,
एमज पुद्गलना भेद करवा ते कहे छे, पुद्गल द्रव्यना बे भेद
छे, एक परमाणु वीजो खंध, खंधना बे भेद एक जीवने लाग्या
ते जीव सहित, वीजा जीव रहित ते घडो प्रमुख अजीवनो
खंध, हवे जीव सहित खंधना बे भेद छे एक सूक्ष्म खंध वीजो
वादर खंध.

इहां वर्गणानो विचार लखीये छीये, तिहां पुद्गलनी
वर्गणा आठ छे १ औदारिक वर्गणा २ वैक्रिय वर्गणा ३
आहारक वर्गणा ४ तैजस वर्गणा ५ भाषा वर्गणा ६ श्वासोच्छ्वास
वर्गणा ७ मनोवर्गणा ८ कार्मण वर्गणा–ए आठ वर्गणानां नाम
कह्यां. बे परमाणु भेला थाय त्यारे द्व्यणुकखंध कहेवाय, त्रण
परमाणु भेला थाय ते वारे त्र्यणुकखंध थाय. एम संख्याता परमाणु
मिले संख्याताणुकखंध थाय, तेमज असंख्याते असंख्याताणुक-
खंध थाय. तथा अनंता परमाणु मिले अनंताणुकखंध थाय. ए
खंध ते सर्व जीवने अग्रहण योग्य छे, अने जे वारे अभव्यथी
अनंतगुण अधिक परमाणु भेला थाय ते वारे औदारिक शरीरने
लेवा योग्य वर्गणा थाय.

एमज औदारिकथी अनन्तगुणा अधिक वर्गणाना दल
भेलां थाय ते वारे वैक्रिय वर्गणा थाय, वली वैक्रिय थकी अनन्त-
गुणा परमाणु मिले ते वारे आहारक वर्गणा थाय. एम सर्व वर्ग-
णाना एकेकथी अनन्तगुणा अधिक परमाणु मिले ते वारे ते वर्गणा
थाय. एटले पहेलीथी बीजी वर्गणा, बीजीथी त्रीजी एम सातमी

मनोवर्गणाथी आठमी कार्मण वर्गणामां अनन्त गुण परमाणु अधिक छे. इहां १ औदारिक, २ वैक्रिय, ३ आहारक, ४ तैजस ए चार वर्गणा बादर छे तेमां पांच वर्ण-बे गन्ध-पांच रस, आठ स्पर्श ए वीस गुण छे, तथा १ भाषा २ श्वासोच्छ्वास ३ मन ४ कार्मण ए चार वर्गणा सूक्ष्म छे एमां पांच वर्ण बे गन्ध, पांच रस-चार स्पर्श-ए सोल गुण छे अने एक परमाणुमां एक वर्ण-एक गन्ध-एक रस-बे स्पर्श ए पांच गुण छे. एम पुद्गल खंधना अनेक भेद छे.

ए व्यवहार नयना छ भेद छे. १ शुद्ध व्यवहार ते आगला गुणठाणानुं छोडवुं अने उपरना गुणठाणानुं ग्रहण करवुं अथवा ज्ञान दर्शन-चारित्र गुण ते निश्चयनये एक रूप छे. पण ते शिष्यने समजाववाने जूदा जूदा भेद कहेवा ते शुद्ध व्यवहार छे. २ जीवमां अज्ञान राग द्वेष लाग्या छे ते अशुद्धपणुं छे माटे अशुद्ध व्यवहार. ३ जे पुण्यनी क्रिया करवो ते शुभ व्यवहार. ४ जे थकी जीव पापरूप अशुभ कर्म करे ते अशुभ व्यवहार. ५ धन-घर-कुटुम्ब प्रत्यक्ष सर्व आपणाथी जुदा जुदा छे पण जीवें अज्ञानपणे आपणा करी जाण्या छे ते उपचरित व्यवहार. ६ शरीरादिक परवस्तु यद्यपि जीवथी जुदी छे तोपण परिणामिकभाव लोलीपणे एकठी मिली रही छे तेने जीव आपणी करी जाणे छे ते अनुपचरित व्यवहारनय जाणवो. ए व्यवहार नय कह्यो.

हवे ऋजु सूत्र नयनो विचार कहे छे. जे अतीत काल अने अनागत कालनी अपेक्षा न करे पण, वर्त्तमान काले जे वस्तु जेवा गुण परिणामे वर्तें ते वस्तुने तेवेज परिणामे माने माटे ए नय परिणामग्राही छे. जेम कोइक जीव गृहस्थ छे पण

अंतरंग साधुसमान परिणाम छे तो ते जीवने साधु कहे. अने कोइक जीव साधुने वेषे छे पण मनना परिणाम विषयाभिलाप सहित छे तो ते जीव अव्रतीज छे एम ऋजु सूत्रनुं मानवु छे. ते ऋजु सूत्रना बे भेद छे. एक सूक्ष्म ऋजु सूत्र ते एम कहे जे सदाकाल सर्व वस्तुमा एक वर्तमान समय वर्ते छे एटले जे जीव गया काले अज्ञानी हतो अने अनागत काले अज्ञानी भावे अ-ज्ञानी थशे एम बेहु कालनी अपेक्षा न करे पण एक वर्त्तमान समये जे जेवो तेने तेवो कहे ते सूक्ष्म ऋजुसूत्र कहिये अने महोटा बाह्य परिणाम ग्रहे ते स्थूल ऋजुसूत्र नय जाणवो एटले ऋजु सूत्र नय कह्यो.

हवे शब्दनय कहे छे. जे वस्तु गुणवंत अथवा निर्गुण ते वस्तुने नाम कही बोलाविये जे भाषा वर्गणाथी शब्द पणें वचन गोचर थाय ते शब्दनय जे कारणे अरुपी द्रव्य वचनथी कहा जाय नहीं पण वचनथी कहेवा ते शब्दनय कहियें. इहा जे शब्दनो अर्थ होय ते पणो जे वस्तुमां वस्तु पणे पामियें ते वारे ते वस्तु शब्दनय कहियें जेम घटनी चेष्टाने करतो होय ते घट. ए शब्दनयमा व्याकरणथी नीपना अने बीजापण सर्व शब्द लीधा ने शब्दनयना चार भेद छे. १ नाम २ स्थापना ३ द्रव्य ४ भाव चार निक्षेपाना पण एहिज नाम छे.

१ पहेलो नाम निक्षेपो ते आकार तथा गुण रहित वस्तुने नाम करी बोलाववो. जे एक लाकडीनो कटको लेइने कोइके तेहने जीव एवुं नाम कर्युं ते नाम जीव जाणवु. जेम काली दोरीने सापनी बुद्धियें करी हणे तेहने सापनी हिंसा लागे ए नाम सर्प थयु. एवीज रीते नाम तप अथवा नाम सिद्ध जेम वड मगुरने सिद्धवड एम कही बोलावे ते ते नाम निक्षेपो

कहियें ए सूत्र सारुं छे.

२ स्थापना निक्षेपो कहे छे. जे कोइक वस्तुमां कोइक वस्तुनो आकार देखीने तेहने ते वस्तु कहे जेम चित्रामण अथवा काष्ट पापाणनी मूर्त्ति तेने घोडा-हाथीनो आकार छे तो ते घोडा हाथी कहेवाय ते स्थापना जाणवी. ए स्थापना निक्षेपो नाम निक्षेपें सहित होय जेम स्थापना सिद्ध जिन प्रतिमा प्रमुख ते सद्भाव स्थापना पण होय अने असद्भाव स्थापना पण होय. अकृत्रिम जिन प्रतिमा ते नन्दीश्वरद्वीप प्रमुखने विषे अने जेह इहांनी जिन प्रतिमा ते कृत्रिम, ते सर्व स्थापना जाणवी. जेम चित्रामनी स्त्री जिहां मांडी होय तिहां साधु रहे नहीं. कारण के स्थापना स्त्री छे ते स्त्री तुल्य जाणवी. तेमज जिन प्रतिमा जिन समान जाणवी. इहां कोइक अज्ञानी जीव कहे छे जे, स्थापनामां ज्ञानादि गुण नथी तेथी स्थापनाने मानवी पूजवी नहीं, तेने उत्तर कहे छे के स्थापना रूप स्त्रीमां स्त्रीपणाना गुण नथी तो पण ते विकारनुं कारण थाय छे. तेमज जिनप्रतिमा पण ध्याननुं कारण छे. अने जे एम पुछे के हिंसा थाय छे अने भगवन्ते तो दयाने धर्म कह्यो छे तेहने एम कहेवुं जे परदेशी राजा केसी गुरुने वांदवाने अर्थें बीजे दीवसे मोहोटा आडम्बरथी आव्यो ते वन्दनामां हिंसा थइ पण लाभ कारण गणतां त्रोटो न थयो. बीजो मल्लिनाथजीयें छ मित्र प्रतिबोधवाने पुतलीनो दृष्टान्त कह्यो, ते हिंसा तो घणी थइ पण ते लाभना कारणमां गणी छे एम भाव शुद्ध होय तिहां हिंसा लागती नथी, अथवा कोइक एम कहे छे जे अमे आपणे स्थानके बेठा नमुथ्थुणं कहिशुं अमने लाभ थाशे ते खरो पण भगवती सूत्रमां भगवानने वंदनाने अधिकारे तो तिहां जइ वंदना करवानुं फल

मोटुं कह्युं छे तथा निक्षेपाने अधिकारें कह्यु जे भाव निक्षेपो एकलो थाय नही पण नाम स्थापना तथा द्रव्य ए त्रण मिल्या भाव निक्षेपो थाय माटे स्थापना अवश्य मानवी हवे जे स्थापना न माने तेने कहियें जे चित्रामनी मूर्त्ति ते हिंसाना परिणामथी फाडे तेहने हिंसा लागे ठे तेमज जिनवरना ध्याने जिनप्रतिमा पुजतां लाभ थाय छे एम युक्ति करतां तथा आगमनी साखे पण जिन प्रतिमाने जिन समान माने ते आराधक अने जे जिन प्रतिमाने न माने तेणे स्थापना निक्षेपो उथाप्यो अने स्थापना उथापी तो द्रव्य तथा भाव निक्षेपो स्थापना विना थाय नही माटे द्रव्य तथा भाव पण उथाप्यो एम त्रण निक्षेपा उथाप्या ते वारें सिद्धान्त उथाप्यांज माटे जे जिनप्रतिमाने नही माने ते विराधक जाणवो. तथा कोइ पूछे जे प्रतिमानी पूजा तो पहेला आस्रव मध्ये लखी छे तेने कहीये जे तुम्हे मृषावाद बोलो छो, इहां प्रश्न व्याकरण सूत्रमा पाठ इम छे नही. तिहा पाठ छे ते लिखीये ठे ॥ अविजाणओ परिजाणओ विसयहेउ इमेहिं कारणेहि किं ते करीसण पारकरणी वा विवप्पणीकूवसरतलाग चितिवेति खाति आराम विहार, थूभ पागार, दार गोपूर अट्टालगचरीय सेतुसंकमपासायविकप्पभवणवरसरणिलेंणआवणचेइयदेवकुलचित्तसभाएवाआयतणवसई भूमिवरमडवाणंकएहींसंति=इहां पाच थावरना पाच आलावा छे तेहने छेडे कोहा, माणा, माया, लोभा, हिसा, रती इत्यादि पाठ ठे ते जे जीव इंद्रीना स्वादने माटे चेइअ कहेता प्रतिमादिक करे ते आश्रव खाते ए पाठ छे पण पूजानो पाठ नथी ते मृषा स्यें (शा माटे) बोलो छो, तथा प्रश्न व्याकरण सूत्रे बीजे संवरद्वारे जे आलावो छे ते लिखीये ठे, खवगपवत्ति आयरीय उवज्झाय सेह साहमीए तवसि सिस वुड्ढ कुल गण संघ चेईयठे

निझरटी वेयावच्चं अणस्सीओदसविहंवहुविहंकरेई–एआलावे आचारज प्रमुखचेईय कहेतां जिनप्रतिमानो वैयावच्च करे निर्ज्ज· रांना अर्थी अणस्सीओ कहेतां जस कीर्तिनी वांछा रहित- थको वैयावच्च दश प्रकार तथा अनेक प्रकारनो करे, इहां चेईय कहेतां प्रतिमा छे तो खोटी कल्पना स्यामाटे करोछो ? तथा त्रीजे प्रश्ने पूछ्यो जे अहिसानां ६० नाम कह्यां छे, अभओसब्बस्स- विअनाघाओचुरकाय वित्तीपूया विमलप्पभा निम्मलकरीत्ति एव माइणीनियगुणनिम्मियाइं पज्जयनामाणिहूंतिअहिंसाए ॥ तिहां प्रतिमा तथा पूजानो नाम नथी तेहनो उत्तर, तिहां अहिंसानो नाम जाणो. तेहनो अर्थ देवपूजा छे. पूजा एहवो दयानो नाम छे तो अजाण्यो इम स्यें प्ररुपणा करो छो ? वीजुं पूजातो श्रीअरिहंत प्रतिमानी तेतो विनय तथा वैयावच्च ते अभ्यंतर तपना भेद छे. · ते तप मोक्षनो मार्ग छे. श्रीउत्तराध्य- यन सूत्रे २८ मे अध्ययने तपने मोक्षनां च्यार कारण कह्यां ते मध्ये गण्यो छे. तथा ते पछी पुछ्यो जे वोलनी खवर न हवे ते विचारी वोलीये. तथा श्रावके कोणे देहरां कराव्यां ? तथा प्रतिमा पूजी ! तेहनो उत्तर श्रीसमवायांगसूत्रे तथा नंदीसूत्रे सर्व आगमनो नूंध छे ते मध्ये ए पाठ छे तिहां उपासकदशानो नोंध छे ते आलावा छे ते लखीए छे. सेकिंते उवासगदसाओ उवासगदसासूणं समणोवासगाणं नगराईउज्झाणाइं चेइआइं वणसंडाइं समोसरणाइं रायाणोअम्मापियरो धम्मायरिया धम्मकहाओ इहलोइया पारलोईया इड्ढिविसेसा भोगापरीआउ- सुअपरिग्गहीआ तवोवहाणाइसीलव्वयगुणवेरमणपच्चक्खाणपोस होववासपडिवज्जणापडिमाओ उवसग्गसंलिहणाओ भत्तपच्चक्का- णइयाउवगमणं देवलोगगमणं सुकुलपच्चायापुणवोहिलाभो अंतकिरीयाआघरिज्झंति ए पाठ छे. इहां चेयाइशब्द

देहरा तथा जिन प्रतिमा जाणज्यो. इहा चेइय एहनो अर्थ बीजो थाय नही, जे वननो अर्थ करे तेतो उद्यानवनखंडनो पाठ जूदो छे. कोइ साधुनो अर्थ करे ते धम्मायरीयाए पाठ जूदो छे. ज्ञाननो अर्थ करे ते सुयए पाठ जूदो छे. ते माटे चेइय शब्दे जिनप्रतिमानो अर्थ छे. तथा तुम्हे पुछयो जे द्वारकां राजग्रहमें देहरा तथा प्रतिमानो पाठ किहां छे ? तेहनो उत्तर नंदीसूत्रे अणुत्तरोववाइ तथा अंतगढना नांधनो पाठ जोज्यो. तथा तुम्हे कहेस्यो इतला बोल उपासकदशाप्रमुखे दीसता नथी तेहनो उत्तर जे नंदी तथा समवायांगे जे पाठ तेहने कोण उत्थापी शके ते जोज्यो. तथा पुछयु जे किणे श्रावके प्रतिमा पुजी छे ? तेहनो उत्तर घणे श्रावके प्रतिमा पुजी छे ते पाठ श्रीभगवतीसूत्रे तुंगीया नगरीना श्रावको वरणव्या तिहा "अभिगयजीवाजीवा" इत्यादिक पाठ घणा छे तिहां एहवो पाठ छे. "असहिज्जदेवासुरनागसुवन्नजरकरक्कसकिन्नरकिंपुरिसगरुलगंधव्व महोरगादीएहिं देव गणेहिं निग्गंथाओपावयणाओ अणतिक्कम्मणिज्झा निग्गंथे पावयणेनिस्सकीया निक्कखीया लद्धठा गहीयठा" इत्यादि जे श्रावक कोई जातिना देवतानो सहाज वांछता नथी तो कोइ बीजा देवतानी पूजा किम करे ? एहवा श्रावक जे देवने देव बुद्धि मानता हवे तेहनेज पूजे ते श्रावक, थिवर आव्या तेवारे एकवार सर्व एकठां मिल्यां एहवो विचार कर्यो जे एहवानिग्रंथनो नाम साभल्यानो पिण महा लाभ छे तो तेहने वादवा जातां सेवा करता तो महानिर्ज्झरा महापर्यवसान कहेतां मोक्ष थयो इम विचारी पोते पोताने घरे गया. पछी सूत्रे पाठ छे, "ण्हायाकयबलिकम्मा कयकोउयमंगलपायछित्ता शुद्धाप्पावेसाइपवरपरिहीआ अप्पमहग्घाभरणालंकीयशरीरा सयाओ गिहाओ

पडिनिरकमति" तिहां नाह्या ते अंघोल कीधां. कयवलिकम्माते देवपूजा कीधी; कयकोउयमंगल ते तिलकादिक कर्या पछी वस्त्र पेहरीने आभरणअलंकार पहेर्या, घरथी निकल्या ए रीते सिद्धार्थ राजा तथा रुखभदत्त, सुदरशन शेठ इम सुभद्द पुत्र श्रावक संखपुष्कली श्रावक कार्तिक शेठ वांदवा गया छे तेवारे कयवलिम्मा तथा पछी घरे आवी साहमीवछल करीने दीक्षा लेवा निकल्या तेवारे न्हाया कयवलिकम्मा ए पाठ छे, इत्यादिक श्रावक अन्य देवनी पूजा न करे गोत्रज न पूजे, अरिहंत देवनेज पुजे, तथा कोइ कहेस्ये कयवलिकम्मा पाठ कठीयारा प्रमुख अनेक थानके छे तेमां स्याना छे? पोते जेहने देवबुद्धे माने ते तेहने पुंजे तथा देवदत्त वालके कीम पुंजा करी हशे तेतो वालकने मावीत्रे पुंजा करावी तो कां न करे? आज पण वालक पुंजा करता दीसे छे तो कयवलीकम्मा ए पाठनो वीजो अर्थ शाने करो छो? तथा दीक्षा महोच्छव घणा दीसे छे पण तिहां देहरा प्रतिमानो पाठ नथी. तेहनो उत्तर जे दीक्षा लेवाने उतावला थया तेवा साधुने वहोराववा रह्या नथी तो देहरां करावा तो घरे स्याने रहे? अने पहेलां देहरां प्रतिमा छे तेतो नंदीसूत्रे आगमनोंधनो पाठ जोस्यो तो सर्व समो पडशे. तथा तुम्हे पुछ्युं जे तीर्थंकरग्रहस्थपणे छतां साधु साध्वी श्रावक श्राविकाए वांद्या नथी तेनो उत्तर घणाए वांद्या छे. ते पाठ ज्ञातासूत्रमां छे तथा तुमे लख्यो जे प्रतिमा एकेन्द्रिदल छे तेहवो वचन संसारनो जेहने भय न हुवे ते बोले? जे कारणे श्रीभगवतीजीमां तो जिणपडिमा कही बोलावी छे. देहराने सिद्धायतन कही बोलाव्यो तो तुमे कठोर वचन स्याने बोलो छो? तथा तुमे दिसी वंदना करो छो ते दीसी तो अजीव छे तो कीम वांदो छो? तिहां तुम्हे कहेस्यो जे अम्हारा मनमें तो

सिद्ध छे तो जिनपडिमा वांदतां पिण अमारा मनमां सिद्ध छे. तथा सूत्रमध्ये गुरुनी पाटनी आशातना टालवी कही छे, ते पाट अजीव छे. ते पीण सर्व गुरुनो बहुमान छे प्रतिमाने बहुमाने सिद्धनो बहुमाने छे. तथा सुधर्मासभामांहि जिननी दाढा छे ते वदनीक पूजनीक छे. तेतो अजीव स्कंध छे तथा तुमे लख्यो जे परदेशी राजाए प्रतिमा कां न करी ? ते परदेशी श्रावक थया पछी केटलोक जीव्या छे ते तथा सर्व श्रावक एकज करणी करे ए स्यो नियम छे ? तथा परदेशीए तथा आणंद श्रावके कोइ साधुने पडिलाभ्या नथी ते माटे तुम्हे साधुने वीहराव्यामें टोप मानस्यो ? ए विचारी ज्यो ज्यो, तथा लख्युं छे जे सूरीआभे जे प्रतिमा पूजी ते राजधानीना मगलीक माटे पूजा करी तेतो खोटुं बोलो छो, ए पाठ सूत्रमें नथी, सूत्रमें तो एहवो पाठ छे " हीयाए सुहाए खेमाए निस्सेसाए आणुगामीयत्ताए भविस्सइ निश्रेयस-" कहेतां मोक्षभणी ए अर्थ छे, तथा पच्छा शब्दे जे इहलोकनो अर्थ छे इम कहे छे ते मूढ छे, दर्दूर देवताने अधिकारे पच्छा शब्दे आवता भवनो अर्थ छे. तथा आचारांगसूत्रे जस्सपूवियनो तस्सपछायिनो इहा पूर्व शब्दे पूंठलो भव पछा शब्दे आवतो भव लीधो छे. तथा ए भवे समकितनो लाभ ते घणो छे तथा तीर्थंकर वांदवाना फलनो पाठ उववाइमध्ये तथा पंचमहाव्रत पाल्यानो पाठ आचारांग मध्ये तिहा पण हियाए इत्यादिक पाठ छे ते बे ठेकाणे लाभ मानो छो तो जिनप्रतिमा ठामे ना स्याने कहो छो ? अने किहा जिनप्रतिमा पूजानो पाप कह्यो नथी अने होय तो देखाडो. तुमे लिख्यु जे भगवंते हिंसानी ना कही छे तेतो अमे किहां कहुछु जे हिंसा करवी, पण भगवंते किसे सूत्रे प्रतिमा पूजानी ना कही नथी. प्रतिमानी १७ प्रकारनी पूजा सूत्रे कही छे. तथा तुमे प्रतिमानी पूजा

हिंसामें गणो छो ते इम नथी. प्रतिमानी पूजा तो विनय तथा वैयावच्च धर्ममां छे. तथा पूजा हिंसामे गणी तो ठाणांगे नदीमें पडती साध्वीने साधु काढे तेमां हिंसा गणी नहीं, तथा आचारांगसूत्रे वीजा साधु अजाणे पण शर्करानी भूले लूण वीहरीने पछे जाणे जे लूण वीहराव्यो ते जाणी ते पोते खाये ते पोते पीये. तथा वीजा साधु संभोगीने आपे ते खाये पीए तथा विषमवाटे वेलने, रूखने, लताने, गुछाने अवलंबो उत्तरे ए पाठ आचारांगसूत्रे छे. तथा भगवती सूत्रमे साधुना हरस काढे तेहने क्रियाकर्म लागे नहीं. तथा मल्लिनाथजीए पूतलीमें कवल मूंक्या ते माटे धर्म माटे हिंसा करी तथा सुबुद्धि मंत्रिए पाणी पलटाव्यो ते धर्म माटे करी पिण मंदबुद्धि न कह्या छे भगवतीसूत्रे २५ मे शतके साधु शासन माटे तेजो लेश्या मुके तेहने आराधक कह्यो, तथा जंबुद्वीपपन्नत्तीए निर्वाण महोच्छव कर्यो छे. थूभकर्याते "जिणभत्तिए धम्मेत्तिए" पाठ छे. इम केटला पाठ लीखीए अनेक पाठ छे ।। तथा नंदी सूत्रे जे आगम कह्यो ते उत्थापीने ३२ मानो छो ते केनी आज्ञा छे? तथा आवश्यक सूत्रपडिकमणा विना साधुपणो श्रावकपणो हुवेज नही ते तुम्हे आवश्यक सूत्रपडिकमणो मानता नथी तो श्रावकपणो ने साधुपणो केम धरावो छो? श्रीभगवतीसूत्रे साधु साध्वी श्रावक श्राविका पंचमआराना छेहडा पर्यंत कह्या छे ते तुमारी श्रद्धामें ह्विणां साधु साध्वी कोण छे? तथा सूत्रे आचारज उपाध्याय कुलगणनीनिश्राये विचरे ते आराधक ते तमे कोनी निश्राये विचरो छो? ते लिखज्यो. तथा श्रीभगवतीसूत्रे गाथा छे ॥ पढमोगीयत्थविहारो वीयोगीयत्थनिसीओभणिओ । इत्तोतइयविहारो नाणुन्नाओजिणवरेहिं ।। १ ॥ एहनो अर्थ गीतार्थ होय ते पोते विहार करे अथवा गीतार्थनी निश्राये विहार करवो

एथी तिजा विहारनी अरिहन्ते आज्ञा दीधी नथी ते माटे तुमे किस्या गीतार्थनी निश्राये विहार करो छो ? तथा योग उपाधानवहीने सिद्धांत भणे तेपण श्रावक आचारांगादिक सूत्र भणे नही ते निशीथमा कह्यो छे। जे भिक्खुअन्नत्थीय वा गारत्थियंचा वायणं वायन्तं साइज्जतितस्सचोमासीयपरिहारठाणं जे ग्रहस्थने सूत्र वंचावे अथवा वाचताने अनुमोदे तेहने चारमासनो पाल्यो चारित्र जावे तथा प्रश्न व्याकरणसूत्रे अह केरिसीयंपुणसच्चन्नुभासियव्व जत्थदव्वेहिंगुणेहिपज्जवेहिं कम्मेहिं बहुविहेहिं आगमेहिं नामक्काय निवाय उवसग्ग तद्धिअ समास संधिपद जोग उणादि कीरीयाविहीणसरधाउसर विभत्ति वन्न जुत्तं भासियव्वं तथा अनुयोगद्वारे ७ नय ४ निक्षेपा काल तिन लींग तीन, जाण्या विना उपदेश देवा ते मारग नथी इत्यादिक अनेक बोल छे. ते गीतार्थनी सेवनाथी पामीए इतिभद्रं ॥ जे केइ श्रीजिनप्रतिमानी पूजा मध्ये फूल पूजानी शका करे तेहने कहीये जे श्रीरायपसेणीसूत्रे १७ भेद पूजाना पाठ छे. पुप्फारुहण १ मालारुहणं २ तहवन्नयारुहणं ३ तथा पुप्फपगिह ४ पुप्फपगरं ५ एतली पूजा फूलनी छे तेमाटे पूजा फूलनी ते प्रमाण छे. तथा श्रीभगवतीसूत्रे पण सूरीआभनी पेरे पूजानी भलामणना पाठ अनेक छे. तथा ज्ञातासूत्रे द्रौपदीने अधिकारे १७ प्रकारी पूजाना पाठ छे. समवायांगसूत्रे चोत्रीस अतिशयने अधिकारे "जलय थलय भासुरदसद्धवन्नेणंजाणुस्सेहप्पमाणमित्तेणं पुप्फपूजोवयारकरेइ इत्यादि पाठ छे." इहां समवायांग सूत्रमे देवता मनुष्यनो नाम कह्यो नथी. तथा श्रीउववाईसूत्रमें कोणिकने अधिकारे श्रीवीर समोसर्या तेवारे अनेकजन चपाथी निकल्या जे " अप्पेगइया वंदण वत्तियाए अप्पेगइयापूयण वत्तियाए अप्पेगइयासुयसुयस्सामो अप्पेगइयाविउलाइ अट्ठाओहेंओआई असिणाइगहिस्सामो " इत्यादि पाठ छे.

तिहां पूयणवत्तीयाए ए पाठनो अर्थ टीकामध्ये पूजनं पुष्पमालादिना इंम कह्यो छे. इहां श्रीतीर्थंकरने पूष्पनी पूजा दीसे छे ए पाठ श्रीभगवतीसुत्रे पण छे. तथा नंदीसुत्रे श्रुतज्ञानने पाठे "जेइमं अरिहंतेहि भगवंतेहि उप्पन्ननाणदंसण धरेंहिं तिल्लुक्कनिरक्खीय महीअपूइएहं" पाठनो अर्थ टीकाकारे पिण महीय शब्दे चंदनादि, पुरुएहीं पुष्फमालादिके करीने ए पाठ अनुयोगद्धारमध्ये पण छे. इंम पुष्फपूजाना अनेक पाठ छे, ते माटे शंका न करवी. वली केइक इम कहे छे जे फूल वेचाता जडे ते चढाववा पण पोते चुंटी चढाववां नही तेपण अजाण्युं कहे छे जे श्रीजीवाभिगमसूत्रे "ततेणं सेविजएदेव पोत्थयरयणंगिण्हइ पो. २ गि. पोत्थयरयणंमुयति पो. २ त्ता पोत्थयरयणंविहाडेति पो. २ त्ता पोत्थयरयणंवाइए पो. २ त्ता धम्मियंववसायंपिगेण्हेति ध. २ त्ता पोत्थयरयणंपडिनिक्खमति पो. २ त्ता सीहासणतोअब्भुट्ठति सी. २ त्ता ववसायसभातोपुरत्थिमिल्लेंणंदारेणंपडिनिक्खमइ पु. २ त्ता जेणेव णंदापुक्खरणी तेणे व उवागच्छति उ. २ त्ता णंदापुक्खरिणं अणुप्पयाणिकरमाणे पुरत्थिमिल्लेणं तोरणेणं अणुपविसति अ. २ त्ता पुरत्थिमिल्लेणं तिसोपाणेपडिरूवेणं पच्चोरुहति प० २ त्ता हत्थपादं पक्खालेति ह, २ त्ता एगंमहंसेतंरजतामयं विमलसलिलपुण्णमत्तगयमहामुहागिइ समाणंभिंगारं पगिण्हति प. २ त्ता जाइंतत्थउप्पलाइपउमाइजावसत्तपत्ताइंसहस्सपत्ताइं ताइं गेण्हंति २ त्ता णंदातो पुक्खरिणिओ पच्चुत्तरेइ प. २ त्ता जेणेवसिद्धायतणे तेणेवपाहारेत्थगमणाइ तएणंतंविजयंदेवंचत्तारि सामाणियसाहस्सीओजावअण्णेवहवेवाणमंतरादेवादेवीओ अप्पेगतिया उप्पलहत्थगता जाव सतसहस्सपत्तहत्थगया विजयदेवंपिट्ठओअणुगच्छइत्ता."

इहां फूल चूटी लीधा छे. ए आलावे विजयदेवे पोते वावडीमें उतरीने फूल चूटी लीधां तथा सामानिक देवता तथा बीजे देवताए पिण फूल पोताना हाथथी लीधां छे इहा कोइ पुछस्ये जे तिहां कोइ माली नथी ते माटे पोते लिधां तेहनो उत्तर जें माली नथी पिण देवता चाकर लोक घणा छे, तेहनेज पासे का न मंगावे ? जो पुष्प आण्यानो विधि होवे तोपण पोताना हाथथी लीधानो विधि छे ते माटे पोते वावडी मध्ये उतरी लीधां छे तथा श्रीरायपसेणीसूत्रे सूरीआभाधिकारे.

" ततेण से सुरियाभेदेवे पोत्थरयणंगिण्हइ, पो र. गि. त्ता पोत्थरयण मुयइ, पोत्थरयणंविहाडेइ, त्ता २ पोत्थरयणवाए-ति. त्ता २ धम्मिय ववसायं गिण्हइ, २ त्ता पोत्थरयणंपडिणिक्खमति २ त्ता सींहासणाओअब्भुठेइ २ त्ता ववसायसभाओ पुरत्थि-मिल्लेण दारेण पडिणिक्खमइ २ त्ता जेणेव णदापोरकरिणि तेणेव उवागच्छइ २ त्ता णदापोकरवरिणी पुरत्थिमल्लेण तोर-णेणंतिसोयाणपडिरूवेणं पचोरुहत्ति २ त्ता हत्थपायपक्खालेइ २ त्ता आयंते चोक्खे परमसुइभूए एगंसेयमहरययामयं विमलस-लिलपुण्ण मत्तगयमुहागितिसमाणभगार पगिण्हति पचोरुहइ २ त्ता जाइतत्थउप्पलाइजावसयसहस्सपत्ताइगिण्हंति णदाओ पुक्खरिणीओ पचोरुहइ २ त्ता जेणेव सिद्धायतणे तेणेव पहारे गमणाए तएणं त सूरियाभंदेवं चत्तारिसामाणियसाहस्सीओ जावसोलसआयरक्खदेवसाहस्सीओ अण्णेयबहवे सूरियाभवि-माणे जाव देवा देवीओअप्पेगइया उप्पलहत्थगया जावसयम-हस्सपत्तहत्थगया सूरियाभ देवपिहओसमणुगच्छंति ततेण सूरि-याभदेवंबहवेआभिओगिय देवाय देवीओ य अप्पेगइयाकलसह-त्थगयाओ जावअप्पेगइया धूवकडुच्छुहत्थगया हट्ठतुट्ठाजावजा-

सूरियाभं देवंपिठ्ठओसमणुगच्छंति तेतेणं णे सूरियाभेदेवे चउहिं सामाणियसाहस्सीहिं जावअण्णेहिंयवहूहिंसूरियाभविमाणवासीहिं देवेहिं देवीहिंयसद्धिं संपुरिवुडे सव्वड्ढीए जाव णाइयरवेणं जेणेव सिद्धाययणे तेणेव उवा गच्छइ सिद्धायणंपुरत्थिमिल्लेणं दारेणं अणुपविसंति २ त्ता जेणेव जिणपडिमाउ तेणेव उवागच्छइ, जिणपडिमाणंआलोए पणामंकरेति २ त्ता लोमहत्थगंगिण्हइ २ त्ता जिणपडिमाणं लोमहत्थएणं पमज्जइ २ त्ता जिणपडिमाओ- सुरभिणागंधोदएणंण्हाणेति ण्हाणित्ता सरसेणं गोसीसचंदणेणं- गायाणं अणुलिप्पइ २ त्ता जिणपडिमाणंअहियांदेवदूसाइं जुयलाइं णियंसेइ २ त्ता पुप्फरुहणं मल्लारुहणं चूण्णारुहणं गंधारुहणं वण्णारुहणं चुण्णरुहणं वत्थारुहणं आमरुहणं करेइ करेत्ताआसत्तासत्तविउलवग्घारियमल्लदामंकलावं करेइ २ त्ता कयग्गहगहित्ता- करयलपभ्भट्ठ विप्पमुक्केणं दसद्धवण्णेणं कुसुमेणं मुक्कपुप्फपुंजोवयारकलियं करेति करेत्ता जिणपडिमाणं पुरतोअच्छेहिं सण्हेहिं सेएहिं रयणामएहिं अच्छरसतंदुलेहिं, अट्ठमंगले आलिहइ तंजहा- सत्थियजावदप्पणतयाणं तरंचणंचंदप्पहरयणवइरवेरुलियविमल- दंडकंचणमणिरयणभत्तिचित्ताकालागुरुपवरकुंदरुक्क तुरुक्कधूवमघमघंतगंधत्तामाणुचिठ्ठंति धूववट्ठिंविणिमुयंतं वेरुलियमयंकडुछ्छवं पग्गहियपयत्तेणं धूवंदाऊणं जिणवराणं अठ्ठसयविसुद्धगंधजुत्तेहिं अपुणरत्तेहिं महाचित्तेहिं संथूणइ सत्तठ्ठपयाहिं पच्चोरुहइ १ त्ता वामंजाणुंअंचेइ दाहिणं जाणुंधरणितलं सिनिहट्टुतिक्खूत्तो मुद्धाणं धरणितलंसि णिव्वोडेत्ति २ त्ता इसंपच्चूणमइ इसिंपच्चूणमित्ता करयलपरिग्गहियंसिरसावत्तं मत्थएयंजं एवंवयासी णमोत्थुणं अरिहंताणंजावसंपत्ताणंवंदति णमंसइ २ त्ता

ए रायपसेणीसुत्र पाठ छे. सुरीयाभे पोते हाथे फूल चूंटी

लीधां छे, सामानीक प्रमुख पासे मगाव्यां नथी. तथा जंबु-द्वीपपन्नतीमें जन्माभिषेक "जेणेवरखीरोदसमुद्दे तेणेव आगम-खीरोदगं गिण्हति २ त्ता जाइंतत्थउप्पलाइ पउमाइ जावसह-स्सपत्ताइं तावगिण्हंति २ त्ता" इत्यादि सूत्रमे पाठ हाथना चूट्या फूल लेवाना छे. तथा कोइक कहेसे जे एतो चूट्या नथी सहेजे पड्यां लीधा छे तेहने कहीये जे हज्जारगमे सहेजे पड्या वावडीमध्ये हवेज नही, तथा निगाइने अधिकारे निगाइ राजाए आंवानी मांजरीयो पोते चूंटी लीधी तेवारे कटक बधे चुंटी लीधी ते पाठ उववायीमध्ये जोजो.

अन्नयाणुजुत्तनिग्गओपछइ कूसुमाचूअराइणा येगामजरीगहीयाएवरकधावरेणलयतेण मजरी-पत्त पवाललयाइ कट्ठाविसेसो कओ पडिनियत्त-ओपुच्छइ कहे सोरुक्खोअमच्चणादसाओ कहओ सयावेत्थोभणइ तुम्हेहिं एगामजरीगहीयापच्छ-सव्वणगहेतेणं एवकओ ॥

इहा गहीय शब्दे चूट्यानो अर्थ छे, तथा कोइ कहेस्ये जे एतो देवताये कर्यो छे ते श्रावके कर्यानो किहां पाठ नथी, तेहने कहीये जे जो देवतानी करणी ताहरे न करवी तो शक्र-स्तव किम करे छे? तथा स्नात्र केम मानो छो? स्नात्रनो कलस ढोलो छो ते देवतानी करणीज छे, तथा सूरीयाभनी पूजानी भलामण द्रौपदीने पाठे छे. देवतानी पूजाकरणी तथा मनुष्यनो पाठ एकज छे ते माटे देवतानी करणी श्रावक करे ए श्रद्धाप्रमाण छे तथा जे फूल चुंटवानी ना कहे ते बींटना जीवनी कीलामना माटे, तेवारे फूलनी पूजा किम करी शके?

अने फूलनी पूजानो तो सूत्रे पाठ छे. तथा जे पूजाने हिंसामें गणे तेंहने कहीये जे श्री प्रश्नव्याकरण सूत्रे प्रथम संवरद्वारे अहिंसानां ६० नाम कह्यां छे. तिहां पूजा ते दया कही छे. ते पाठ लिखीइ छे. "अभउसव्वस्सविअनाघाओ चुरकापव्वग्गीपूयाविमलप्पभानिम्मलकरत्तिएवमाइणिनियगुणनिम्मियाइपज्झायनामाणिहुंति अहिंसाए भगवइए" इत्यादि पाठे पूजा ते अहिंसामें गणी छे, तो तुम्हे हिंसामे किम गणे छो ? तथा भगवती सूत्रे "सुभयोगपडुच्चअणारंभा" ए पाठ शुभयोग प्रवृत्तिने आरंभनी ना कही छे. विनय तथा वैयावच्च ते तपना भेद छे. तप ते मोक्षमार्गमध्ये श्रीउत्तराध्ययने २८ मे अध्ययने कह्यो, ते तुमे हींसामें केम कहो छो ? तथा विवहारसूत्रे "सिद्धवेयावच्चेणं महानिज्जरामहापज्झवसाणंभवति" ते माटे सिद्धवैयावच्च ते पूजा छे, तथा कोइ पूछे जे श्रावके प्रतिमा किहां पूंजी छे ? तेहने केहवो जे श्रीभगवतीसूत्रे तुंगीया नगरीने श्रावके पूंजा करी छे. शंख पुष्कलीये पूजा करी छे, तथा समवायांगसुत्रें द्वादशांगीनी हूंडीने अधिकारे उपासकदशानी हूंडीमध्ये दश श्रावकनां चैत्य एहवो पाठ छे. ए पाठमे चैत्य तो साधु थाय नहीं, ज्ञान थाय नहीं ते सर्वना पाठ जुदा छे, तथा नंदीसुत्रे पिण पाठ छे तथा नंदीमध्ये जे आगम कह्या ते सर्व माने तेज समकिती जाणवो. श्रीअनुयोगद्धारसुत्रे निर्युक्तनी हा कही छे ते निर्युक्तिमध्ये पूजाना अनेक अधिकार छे, तथा तंदूलवेयालीपयन्नानी टीकामध्ये समवसरणना फूल सचित्त ते उपर साधु साध्वी चाले. प्रवचनसारोद्धार टीकाये पण ए मत छे. तथा कोइ कहेस्ये जे फूलने प्रोइ (परोववा) नहीं तेहने कहीये जे हीरप्रश्नमध्ये पाठ छे. तथा वन्नगंधोवमेहेंचेतिः श्लोक-

व्याख्यायते श्राद्ध दिनकृत्ये मोनपु पूजाक्षराणिवर्तते तथा आद्यपक्षेतु जिनवल्लभसूरि कृत पूजाकुलकेऽपि मोत पुष्पाक्षराणि संति तथा हरिभद्रसूरि कृत पूजा पंचासके "जहरेंहइंतकीरइ", ए गाथाना आसयथी पिण मोया फूलनी हा जणाय छे. तथा उमास्वातिवाचक कृत पूजा पटलमांपिण एमज जणाय छे. ते स्थापना इत्तर अने यावत्कथिक ए वे भेदें छे.

३ द्रव्य निक्षेपो कहे छे, जेनो नाम पण होय तथा आकार थापना गुण पण होय अने लक्षण होय पण आत्मोपयोग न मिले ते द्रव्य निक्षेपो जाणवो. एटले अज्ञानी जीव ते जीव स्वरूपना उपयोग विना द्रव्य जाव छे " अणुवओगो दव्व " इति अनुयोगद्वार वचनात्. वली कह्युं छे जे सिद्धान्त वांचतां पूछतां पद अक्षर मात्रा शुद्ध अर्थ करे छे अने गुरु मुखे सद्दहे छे ते पण शुद्ध निश्चये सत्ता ओलख्या विना सर्व द्रव्य निक्षेपामा छे. जे भाव विना द्रव्यपणो छे ते पुण्य बंधनुं कारण छे पण मोक्षनुं कारण नथी एटले जे करणी रूप कष्ट तपस्या करे छे अने जीव अजीव सत्ता ओलखी नथी तेने भगवती सूत्रमा अव्रती तथा अपच्चख्खाणी कह्या छे, तथा जे एकली बाह्य करणी करे छे अने पोते साधु कहेवरावे छे ते मृषावादी छे एम उत्तराध्ययन सूत्रमा कह्युं छे " न मुणी रन्नवासेणं " ए वचनें " नाणेणय मुणी होइ " ए वचनथी जे ज्ञानवान् ते मुनि छे अने जे अज्ञानी ते मिथ्यात्वी छे. तथा कोइक गणितानुयोगना नरक देवनाना बोल अथवा यति श्रावकनो आचार जाणीने कहे जे अमे ज्ञानी छैये ते पण ज्ञानी नथी, पण जे द्रव्य गुण पर्याय जाणे तेने ज्ञानी कहिये श्री उत्तराध्ययने मोक्ष मार्ग अध्ययने गाथा. "पंच पंच विहंनाणं द्व्वाणय गुणाणय, पज्जवा-

णय सव्वेसीं, नाणं नाणी हीं दंसियं" ॥१॥ माटे वस्तु सत्ता जाण्या विना ज्ञानी नही अने नवतत्त्व ओलखे ते समकीति. अने एहवा ज्ञान दर्शन विना जे कहे के अमे चारित्रिआ छैये ते पण मृषावादी छे, कारण के श्रीउत्तराध्ययन सूत्र मध्ये कह्युं छे जे "नादंसणस्सनाणं नाणेण विणा न हुंति चरण गुणा" ए वंचन छे ते माटे आज केटलाक ज्ञानहीन क्रियानो आडंबर देखाडे छे ते ठग छे तेहनो संग करवो नही. ए बाह्य करणी अभव्य जीवने पण आवे माटे ए बाह्य करणी उपर राचवुं नही अने आत्मानुं स्वरूप ओलख्या विना सामायक पडिकमणां पच्चख्खाण करवां ते सर्व द्रव्यनिक्षेपामां पुण्याश्रव छे पण संवर नथी. श्रीभगवती सुत्र मध्ये कह्युं छे के "आया खलु समाइयं" ए आलावाथी जाणजो तथा जीव स्वरूप जाण्या विना तपसंयम पुण्य प्रकृति ते देवताना भवनुं कारण छे "पुव्व तवेणं पुव्व संयमेणं देवलोए उववज्जंति नो चेवणं आय भाववत्तव्वयाए" ए आलावो भगवतीमां कह्यो छे. तथा जे क्रियालोपी आचार हीन अने ज्ञानहीन छे मात्र गच्छनी चालें सिद्धान्त भणे छे वांचे छे व्रत पच्चख्खाण करे छे ते पण द्रव्य निक्षेपो जाणवो. एम श्री अनुयोगद्धारमां कह्युं छे.

जे इमे समण गुणमुक्कजोगी छक्काय निरणुकंपा ॥ हयाइव उद्दामा ॥ गयाइव निरंकुसा ॥ घट्ठामट्ठातुप्पोठा ॥ पंडुरयाउरणा जिणाणं आणाए सच्छंद विहरिउण उभओकालं आवस्सग्गस्स ऊवट्ठंति ॥ तं लोगुत्तरियं दव्वावस्सयं ॥

अर्थ...जेने छ कायनी दया नथी, घोडानी पेरें उन्मत्त छे,

हाथीनी पेठे निरंकुश छे, पोताना शरीरने धोवतां मसलतां उजले कपडे शिणगार करी गच्छना ममत्वभावे माचतां स्वेच्छाचारी वीतरागनी आज्ञा भांजता जे तप क्रिया करे छे ते पण द्रव्य निक्षेपामां छे. अथवा ज्योतिष वैद्यक करे छे अने पोताने आचार्य उपाध्याय कहेवरावीने लोक पासे महिमा करे (करावे छे) छे ते पत्रीबंध खोटा रूपैया जेवा छे घणा भव भमशे अवंदनीक छे. ए साख उत्तराध्ययनमध्ये अनाथी मुनिना अध्ययनथकी जाणवी. अने सूत्रना अर्थ गुरुमुखे शिख्या विना तथा नय प्रमाण जाण्या विना निश्चय आत्मानुं स्वरूप ओलख्या विना निर्युक्ति विना उपदेश आपे ते पोते तो संसारमां बुड्या छे पण जे तेमनी पासे बेसे छे तेमने पण संसारमां बुडावे छे एम प्रश्न व्याकरणसूत्र तथा अनुयोगद्वार सूत्रमां कह्युं छे " अज्जुत्थ चेव सोल सम " इत्यादि अने भगवती सूत्रमा पण कह्यु छे " सुतत्थो खलु पढमो, बीओ निजुत्ति मिसओ भणिओ, इत्तो तईअणुओगो, नाणुन्नाओ जिणवरेहिं " अने केटलाक एम कहे छे जे अमे सूत्र उपर * अर्थ करिये छैये तो निर्युक्ति तथा टीका मशुरवनुं शुं काम छे ते पण मृषावाद छे केमके श्रीप्रश्नव्याकरणमां " वयणतियं लिंगतियं "

---

* श्री भगवती सूत्रमा " सुतत्थोखलु पढमो, बीओनिज्जुत्ति मिसओ भणिओ ॥ इत्तो तईयणुओगो, नाणुन्नाओजिण वरेहिं " एवी राते आगमसारनी जूदी जुदी त्रण प्रतोमा लख्यु हतु माटे में पण तेमज लख्यु छे पण बीजा ठेकाणे ए भगवतीनी साख दीधी छे तिहा तो " सुतत्थो खलु पढमो, बीओनिज्जुत्ति मिसओ भणिओ ॥ तइओय निरविसेसो, एस विहि होइ अणुओगो " एवो पाठ छे ते खरो जणाय छे पछे बहुश्रुत कहे ते खरु

इत्यादिक जाण्या विना अने नय निक्षेप जाण्या विना जे उपदेश आपे ते मृषावादी छे एम अनेक सूत्रमां कह्युं छे माटे बहुश्रुत पासे उपदेश सांभलवो. श्री उत्तराध्ययन मध्ये बहुश्रुतने मेरुनी तथा समुद्रनी अने कल्पवृक्षादि सोल उपमा दीधी छे ए द्रव्य निक्षेपो कह्यो.

४ भाव निक्षेपा कहे छे. जे नाम स्थापना अने द्रव्य ए त्रण निक्षेपा ते एक भाव निक्षेपा विना अशुद्ध छे जे नाम तथा आकार लक्षण गुण सहित वस्तु ते भाव निक्षेपा जाणवो " उवओगो भाव " इति वचनात्. एटले पूजा, दान, शील, तप, क्रिया, ज्ञान ए सर्वे भावनिक्षेपे सहित लाभनुं कारण छे. इहां कोइ कहेशे जे मननां परिणाम दृढ करीने ने करियें तेने भाव कहियें एम कहे छे ते जूठा छे एतो सुखनी वांछायें मिथ्यात्वी पण घणा करे छे ते गणवुं नहीं. इहां सूत्रनी साखे वीतरागनी आज्ञाए हेय उपादेयनी परीक्षा करी अजीवतत्त्व तथा आस्रवतत्त्व अने बन्धतत्त्व उपर हेय कहेतां त्याग भाव अने जीवना स्वगुण जे संवर निर्जरा तथा मोक्षतत्त्व ऊपरें उपादेय परिणाम ते भाव कहिये. एटले रूपीगुण ते द्रव्य निक्षेप छे अने अरूपीगुण ते भावनिक्षेप छे. एटले मन वचन काया लेश्यादिक सर्व द्रव्य निक्षेपामां छे. अने ज्ञान दर्शन चारित्र वीर्य ध्यान प्रमुख सर्व गुण भाव निक्षेपामां छे. ए भाव निक्षेपो ते नामस्थापना तथा द्रव्य सहित होय एटले चार निक्षेपा कह्या.

हवे चार निक्षेपा पदार्थ ऊपर लगाडी देखाडे छे. नाम जीव ते चेतना अथवा मांचाना वाणने जीव कही बोलावे छे ते नाम निक्षेपे जीव. मूर्ति प्रमुख थापियें ते स्थापना जीव. एकेंद्रियथी पंचेंद्रिय पर्यंत सर्व जीव छे पण उपयोग मिले नहि ते द्रव्य

जीव. अने मूर्तिमां जीव स्वरूप ओलखी समकितना उपयोगमां छे ते भाव जीव. एम धर्मास्तिकायादिक द्रव्यमां पण जाणवुं. नामथी धर्मास्तिकाय कही बोलाववो ते नाम धर्मास्तिकाय. धर्मास्तिकाय एहवा अक्षर लखवा अथवा दृष्टांत कारणे कांइक वस्तु थापवी ते स्थापना धर्मास्तिकाय. तथा धर्मास्तिकाय जे असंख्यात प्रदेशी धर्म द्रव्य छे ते द्रव्य धर्मास्तिकाय ए धर्मास्तिकायने जे वारे चलण सहाय गुणनी अपेक्षा सहित ओलखियें ते भाव धर्मास्तिकाय

हवे कोइकनो साधु एहवो नाम छे ते नाम साधु अने स्थापना करियें ते स्थापना साधु. तथा जे पंच महाव्रत पाले क्रिया अनुष्ठान करे सुजतो आहार लिये पण ज्ञान ध्याननो जेवो उपयोग जोइए तेवो उपयोग न होय ते द्रव्य साधु. जे भाव संवरमोक्षनो साधक थइ भाव साधुनी करणी करे ते भाव निक्षेपे साधु कहियें

कोइकनो अरिहत नाम छे ते नाम अरिहंत. अने अरिहंतनी प्रतिमा ते थापना अरिहंत. जेटला सुधी छद्मस्थ अवस्था ते द्रव्य अरिहंत अने केवल ज्ञान पाम्या पछे लोकालोकनो भाव जाणे देखे ते भाव अरिहंत एम सिद्धमां पण कहेवो.

कोइ जीवनो ज्ञान एहवो नाम अथवा भावें अजीवनो नाम ते नाम ज्ञान तथा जे ज्ञान पुस्तकमा लख्यु छे ते स्थापना ज्ञान. जे उपयोग विना सिद्धातनो भणवो अथवा अन्य मतिना सर्व शास्त्र भणवा तथाज्ञ शरीरादिक ते सर्व द्रव्य ज्ञान. जे तत्त्वस्वरूपनुं जाणवुं ते भावज्ञान.

तथा कोइकनु तप एहवु नाम ते नाम तप तथा पुस्तकमां तपनी विधिनु लेखन ते थापना तप. अने पुण्यरूप मासखमणा-

दिक करवो ते द्रव्य तप. जे परवस्तु ऊपर त्यागनो परिणाम ते भाव तप. एम संवरादिक सर्वमां चार चार निक्षेपा जाणवा. तथा श्री अनुयोगद्धारमध्ये कह्युं छे–यतः·" जत्थयजं जाणिज्जा, निख्खेवं निख्खिवे निरवसेसं ॥ जत्थयनो जाणिज्जा चउक्कयं निख्खिवे तत्थ ॥ १ ॥ ए चार निक्षेपा कह्या एटले शब्दनय कह्यो.

हवे छट्ठो समभिरूढ नय कहे छे जे वस्तुना केटलाक गुण प्रगट्या छे अने केटलाक गुण प्रगट्या नथी पण अवश्य प्रगटशे एहवी वस्तुने वस्तु कहे ते वस्तुना नामांतर एक करी जाणे. जेम जीव चेतन तथा आत्मा एहनो× एक अर्थ कहे ते समभिरूढ नय कहियें, ए नय एक अंश ओछी वस्तुने पूरेपूरी वस्तु कहे, जेम तेरमा गुणठाणे केवळी होय तेहने सिद्ध कहे, ए नयना भेद बिलकुल नथी ए समभिरूढ नय कह्यो.

हवे एवंभूतनय कहे छे जे वस्तु पोताने गुणे संपूर्ण छे अने पोतानी क्रिया करे छे तेने ते वस्तु कही बोलावे. जेम मोक्षस्थानके जे जीव पहोतो तेने सिद्ध कहे. जेम पाणीथी भरेलो स्त्रीना माथा उपर आवतो जळ धारण क्रिया करतो तेने घडो कहे. ए एवंभूत नय कह्यो.

हवे सात नयना दृष्टान्त श्री अनुयोगद्धार सुत्रथी लखियें छैयें. जेम कोइक पुरुषे बीजा कोइक पुरुपने पुछयुं जे तमे किहां वसो छो तेवारे ते पुरुषे कह्युं हुं लोकमां वसुं छुं. ए अशुद्ध नैगम. वली पुछयुं जे लोकना त्रण भेद छे, १ अधोलोक, २ तिर्छोलोक, ३ उर्ध्वलोक, तेमां तुं किहां रहे छे

× एकार्थवाची नामोनां नामभेदे भिन्न भिन्न अर्थ करे छे तेने समभिरूढ नय कहे छे. एम नयचक्रसारमां कह्युं छे.

तेवारें नैगमे कह्यु जे तिर्छालोकमा रहुं छु. वली पुछयुं जे तिर्छालोकमां असंख्याता द्वीप समुद्र छे तेमां तुं कया द्वीपमां रहे छे. तेवारें विशुद्ध नैगमें कह्यु जे जंबुद्वीपमा रहुं छुं. ते जंबुद्वीपमां खेत्र घणा छे, तेमां तुं कया खेत्रमां रहे छे, तेवारें अतिशुद्ध नैगम बोल्यो जे भरतक्षेत्रमां रहु छुं, ते भरतक्षेत्रना छ खंड छे ते मांहेला कया खंडमा रहे छे तेवारें कह्युं जे मध्य खंडमा रहु छु एम क्रमे पूछतां छेल्ले कह्यु जे आपणा देशमां रहु छु, तेवारें फरी पुछ्यु जे देशमां तो नगरगाम घणा छे तो तु किहां रहे छे. तेवारें कह्युं जे हुं अमुक गाममां रहु छुं, ते गाममा वली अमुक पाडो तथा अमुक घर बताव्युं तिहां सुधी नैगम नय जाणवो.

अने संग्रह नय वालो बोल्यो जे मारा पोताना शरीरमां वसुं छु, तथा व्यवहारनयवालो बोल्यो जे संथारे बेठो छुं तेट-लाज विछानामा रहु छु, अने ऋजुसूत्र नयवाले कह्युं जे मारा आत्माना असंख्याता प्रदेशमां रहुं छु. वली शब्दनय कहे जे मारा स्वभावमा रहुं छु, तेमज समभिरूढनय कहे जे हुं मारा गुणमा रहु छु, अने एवंभूतनयवाली कहे जे ज्ञानदर्शन गुणमां वसुं छु. ए दृष्टांत कयो तेम सर्व वस्तुमा कहेवु.

तथा कोइक प्रदेशमात्र क्षेत्र अंगीकार करी पुछयुं जे ए प्रदेश कया द्रव्यनो छे तेवारें नैगमनय बोल्यो जे छए द्रव्यनो प्रदेश छे केमके एक आकाश प्रदेशमध्ये छ द्रव्य मेला छे तेवारें संग्रह नय बोल्यो जे कालद्रव्य तो अप्रदेशी छे ते माटे सर्व लोकमां एक समय छे पण ते एक आकाश द्रव्यना प्रदेशमां जूदो नथी माटे काल विना पांच द्रव्यनो प्रदेश छे तेवारें व्यवहारनय बोल्यो के जे द्रव्य मुख्य देखाय छे तेहनो प्रदेश छे तेवारें ऋजु-

सुत्रनय बोल्यो के जे द्रव्यनो उपयोग देइ पुछियें ते द्रव्यनो प्रदेश छे. जो धर्मास्तिकायनो उपयोग देइ पुछियें तो धर्मास्तिकायनो प्रदेश छे. जो अधर्मास्तिकायनो उपयोग देइ पुछियें तो अधर्मास्तिकायनो प्रदेश छे. तेवारे शब्दनय बोल्यो के जे द्रव्यनो नाम लइ पुछियें ते द्रव्यनो प्रदेश छे. हवे समभिरुढनय बोल्यो जे एक आकाश प्रदेश मध्ये धर्मास्तिकायनो एक प्रदेश छे, अधर्मास्तिकायनो एक प्रदेश छे अने जीवना अनंता प्रदेश छे. पुद्गलना अनंता परमाणु प्रमुख अस्तिकायनो एक प्रदेश छे, तेवारे एवंभूतनय बोल्यो, जे प्रदेश द्रव्यनी क्रियागुण अंगीकार करी देखीयें ते समयमां ते प्रदेश ते द्रव्यनो गणिये. ए प्रदेशमां सात नय कह्या.

हवे जीवमां सात नय कहे छे. प्रथम नैगमनयने मते जे गुण पर्यायवंत शरीर सहित ते जीव. एटले शरीरमां जे बीजा पुद्गल तथा धर्मास्तिकायादिक द्रव्य छे ते सर्वे जीवमांज गण्या तेवारे संग्रहनय बोल्यो जे असंख्यात प्रदेशी ते जीव एटले एक आकाशना प्रदेश टल्या बीजा सर्व द्रव्य एमां गणाणा तेवारे व्यवहारनय बोल्यो, जे विषय लइ काम वात संभारे ते जीव. इहां धर्मास्तिकाय, अधर्मास्तिकाय, आकाश तथा बीजा पुद्गल सर्वे टल्या पण पांचे इन्द्रीय तथा मन अने लेश्या ए पुद्गल छे ते जीवमां गणाणा, कारणके विषयादिकतो इन्द्रियो ले छे ते जीवथी न्यारा छे पण इहां व्यवहारनयमते जीव भेला लीधा छे. तेवारे ऋजुसुत्रनय बोल्यो जे उपयोगवंत ते जीव. इहां इन्द्रियादिक सर्वे टल्या पण अज्ञान तथा ज्ञानना भेद टल्या नहीं. हवे शब्दनय बोल्यो जे नामजीव, स्थापना जीव, द्रव्यजीव, भाव जीव, इहां जीवमां गुण निर्गुणनो भेद पड्यो नही, तेवारें

समभिरूढनय बोल्यो जे ज्ञानादिगुणवंत ते जीव तेवारे मतिज्ञान श्रुतज्ञान इत्यादिक साधक अवस्थाना गुण ते सर्व जीव स्वरूपमां आव्या. हवे एवंभूतनय बोल्यो जे अनंतज्ञान, अनंतदर्शन, अनंत चारित्र, शुद्धसत्तावंत ते जीव. ए नये जे सिद्ध अवस्थामां गुण हता तेज ग्रह्या ए सात नये जीव द्रव्य कह्यो

हवे सातनये धर्म कहे छे नैगमनय बोल्या जे सर्व धर्म छे केमके सर्व प्राणी धर्मने चाहे छे ए नय स्वरूप धर्म–नाम धर्मने धर्म कहे. हवे संग्रहनय बोल्या जे वडेरायें आदर्या ते धर्म, एणे अनाचार छोडयो पण कुलाचारने धर्म कह्यो, व्यवहारनय बोल्यो जे सुखनु कारण ते धर्म एणे पुण्य करणीने धर्म करी मान्या. ऋजुसूत्रनयमते जे उपयोग सहित वैराग्यरूप परिणाम ते धर्म कहियें. ए नयमां यथाप्रवृत्तिकरणना परिणाम प्रमुख सर्वे धर्ममां गण्या ते मिथ्यात्वीने पण होय हवे शब्दनय बोल्या जे धर्मनुं मूल समकित छे माटे समकित तेज धर्म तेवारे समभिरूढनय बोल्यो जे जीव अजीव नवतत्व तथा छ द्रव्यने ओलखीने जीवसत्ता ध्याने अजीवनो त्याग करे एहवो ज्ञान दर्शन चारित्रनो शुद्धनिश्चय–परिणाम ते धर्म. ए नये साधक सिद्ध परिणाम ते धर्मपणे लीधा एवंभूतनय बोल्यो जे शुक्लध्यान रूपातीत परिणाम क्षपकश्रेणि कर्मक्षयना कारण ते साधन धर्म जे जीवनो मूल स्वभाव ते वस्तु धर्म जे मोक्षरूप कार्य नीपने सिद्धमां रहे ते धर्म. ए साते नयें धर्म कह्यो.

हवे सातनयें सिद्धपणो कहे छे नैगमनयने मते सर्व जीव सिद्ध छे केमके सर्व जीवना आठ रुचक प्रदेश सिद्ध समान निर्मल छे माटे संग्रहनय कहे जे सर्व जीवनी सत्तासिद्ध समान छे एणे पर्यायार्थिक नयकरी कर्म सहित अवस्था ने टालीने

द्रव्यार्थिक नयेंकरी अवस्था अंगीकार करी. तेवारें व्यवहारनय बोल्यो जे विद्या लब्धि प्रमुख गुणे करी सिद्ध थयो ते सिद्ध. ए नये बाह्य तप प्रमुख अंगीकार कर्या, हवे ऋजुसूत्रनय बोल्यो के जेणे पोताना आत्मानी सिद्धपणानी सत्ता ओलखी अने ध्याननो उपयोग पण तेज वर्त्ते छे ते समयें ते जीव सिद्ध जाणवो. ए नये समकीति जीव सिद्ध समान छे एम कह्युं. हवे शब्दनय बोल्या जे शुद्ध शुक्ल ध्यान परिणाम नामादिक निक्षेपे ते सिद्ध. तेवारें समभिरूढनय बोल्यो जे केवलज्ञान, केवलदर्शन, यथाख्यातचारित्र ए गुणे सहित ते सिद्ध जाणवा. ए नये तेरमा चउदमा गुणठाणाना केवलीने सिद्ध कह्या. अने एवंभूतनय कहे छे के जेना सकल कर्म क्षय थया लोकने अंते विराजमान अष्टगुण संपन्न ते सिद्ध जाणवा. ए रीते सिद्ध पदे सात नय कह्या. एम सात नय मिल्या समकीति छे अने जे एक नयने ग्रहण करे ते मिथ्यात्वी छे. ए साते नय सिद्ध ते वचन प्रमाण छे अने ए सात नयमां कोइ पण नयने उत्थापे तेनुं वचन अप्रमाण छे.

हवे प्रमाणनो विचार कहे छे. प्रमाणना बे भेद छे. एक प्रत्यक्ष प्रमाण, बीजुं परोक्ष प्रमाण. तेमां जे जीव पोताना उपयोगथी द्रव्यने जाणे ते प्रत्यक्ष प्रमाण कहियें. जेम केवली छ द्रव्य प्रत्यक्ष प्रमाणे जाणे तथा देखे ते माटे केवलज्ञान ते सर्वथी प्रप्रत्यक्ष ज्ञान छे, अने मनः पर्यवज्ञान ते मनोवर्गणा प्रत्यक्ष जाणे तथा अवधिज्ञान ते पुद्गल द्रव्यने प्रत्यक्ष जाणे माटे ए बे ज्ञान देश प्रत्यक्ष छे. बीजुं छद्मस्थज्ञान ते सर्व परोक्ष प्रमाण छे.

हवे परोक्ष प्रमाण कहे छे. मतिज्ञाननो अने श्रुतज्ञाननो उपयोग परोक्षप्रमाण छे, केमके जे शास्त्रना बलथी जाणे ते परोक्ष

प्रमाण कहियें. ते परोक्ष प्रमाणना त्रण भेद छे. १ अनुमान प्रमाण, २ आगम प्रमाण, ३ उपमान प्रमाण. तेमां अनुमान एटले कोइक सहिनाण देखीने जे ज्ञान थाय जेम धुमाडो देखीने अग्निनु अनुमान थाय अने आगम एटले शास्त्रनी साखथी जे वात जाणियें जेम देवलोक तथा नरक निगोद विगेरेनो विचार आगमथी जाणिये छैये ते आगमप्रमाण, अने कोइक वस्तुनो दृष्टान्त आपीने वस्तुने ओल्खाववी ते उपमान प्रमाण जाणवा. ए प्रमाण कह्या हवे सत् असत् पक्षथी सप्तभगी कहे छे

१ स्यात् केहतां अनेकांतपणे सर्व अपेक्षा लेइ जीवद्रव्यमां आपणो द्रव्य, आपणो खेत्र, आपणो काल, आपणो भाव एम आपणे, गुणपर्याय जीव छे तेम सर्व द्रव्य आपणे गुणपर्यायें छे ते स्यात् अस्ति नामा पहला भांगो थयो.

२ जे जीवमां बीजा पाच द्रव्यना १ द्रव्य २ खेत्र ३ काल ४ भाव नथी एटले परद्रव्यना गुणनो नास्तिपणो सर्व द्रव्यमां छे. ए स्यात् नास्ति बीजो भागो थयो.

३ द्रव्य स्वगुणे अस्ति अने पर गुणे नास्ति ए बे भांगा एक समये द्रव्यमां छे. जेम जे समये शुद्ध स्वगुणनी अस्ति छे तेज समयें परगुणनी नास्ति पण छे, माटे अस्ति नास्ति ए बेहु भांगा भेला छे ते स्यात् अस्ति नास्ति त्रीजो भागो थयो.

४ अस्ति अने नास्ति ए बेहु भांगा एक समयमां छे तो वचने करी अस्ति एटलो बोल्ता असंख्याता समय लागे तेथी नास्ति भागा तेज वचने कहेवाणा नही अने जो नास्ति भांगो कयो तो अस्तिपणो नाव्यो माटे एकज अस्ति कहेतां थकां नास्तिपणो तेज समये द्रव्यमा छे ते नही कहेवाणो माटे मृषावाद लागे, तेमज नास्ति कहेतां अस्तिनो मृषावाद लागे, माटे

सिद्धना जीवने चलाववापणो करतो नथी तेनुं केम? तेने उत्तर कहे छे जे सिद्धना जीव अक्रिय छे माटे चालता नथी पण ते क्षेत्रमां जे सूक्ष्म निगोदना जीव तथा पुद्गल छे तेहने धर्मास्तिकाय चलावे छे माटे पोतानी क्रिया करे छे, तेमज अधर्मास्तिकाय जीव तथा पुद्गलने स्थिर राखवानी क्रिया करे छे, तथा आकाश द्रव्य ते सर्व द्रव्यने अवगाहनारूपकार्य करे छे. इहां कोइ पूछे जे अलोकाकाशमां तो बीजुं कोइ द्रव्य नथी तो अलोकाकाश कया द्रव्यने अवगाहदान आपे छे तेने उत्तर कहे छे जे अलोकाकाशमां अवगाह करवानी शक्ति तो लोकाकाश जेवीज छे परंतु तिहां अवगाहनो दान लेनार द्रव्य कोइ नथी माटे अवगाहदान करतो नथी अने पुद्गल द्रव्य मिलवा विखरवारूप क्रिया करे छे, तथा कालद्रव्य वर्त्तना रूप क्रिया करे छे, अने जीव द्रव्य ज्ञान लक्षण उपयोगरूप क्रिया करे छे. एम सर्व द्रव्य पोताने परिणामी स्वसत्तानी क्रिया करे छे. ए द्रव्यत्वपणो कह्यो.

४ प्रमेयत्वं कहेतां प्रमेयपणो जे छ द्रव्यमां प्रमेयपणो छे, तेनो प्रमाण केवली पोताना ज्ञानथी करे छे, जे धर्मास्तिकाय तथा अधर्मास्तिकाय अने आकाशास्तिकाय एकेक द्रव्य छे, अने जीवद्रव्य अनंता छे, तेहनी गणती कहे छे. संज्ञी मनुष्य संख्याता छे, असंज्ञी मनुष्य असंख्याता छे, नारकी असंख्याता छे, देवता असंख्याता छे, तिर्यंच पंचेन्द्रिय असंख्याता छे, बेइन्द्री असंख्याता छे. तेरिन्द्री चौरेंद्रीय असंख्याता छे, पृथ्वीकाय असंख्याता, अपकाय असंख्याता, तेउकाय असंख्याता, वायुकाय असंख्याता, प्रत्येक वनस्पति जीव असंख्याता, ते थकी सिद्धना जीव अनंता ते थकी बादर निगोदना जीव अनंत-

गुणा एटले बादर निगोद ते कदमूळ आदु सुरण प्रमुख एहने सुइने अग्रभागें अनंता जीव छे ते सिद्धना जीवथी अनंतगुणा छे अने सूक्ष्मनिगोद सर्वथी अनतगुणा छे. सूक्ष्मनिगोदनो विचार कहे छे जेटला लोकाकाशना प्रदेश तेटला गोला छे ते एकेक गोलामां असंख्याता निगोद छे. निगोद शब्दनो अर्थ ए छे जे अनंता जीवनो पिंड भूत एक शरीर तेहने निगोद कहियें. ते एकेकी निगोदमध्ये अनंता जीव छे. ते अतीतकालना सर्व समय तथा अनागतकालना सर्व समय अने वर्तमान कालनो एक समय तेने भेळा करी अनंतगुणा करीये एटला एक निगोदमां जीव छे एटले अनंता जीव छे ए संसारी जीव एकेकाना असंख्याता प्रदेश छे, अने एकेका प्रदेशे अनंति कर्मवर्गणा लागी छे. ते एकेक वर्गणा मध्ये अनता पुद्गल परमाणु छे एम अनंता परमाणु जीव साथे लाग्या छे ते थकी अनत गुणा पुद्गल परमाणु जीवथी रहित छुटा छे.

गोलाय असखिज्जा, असख निगोयओ हवइ गोलो॥
इक्किक्कमि निगोए, अणतजीवा मुणेयव्वा ॥१॥

अर्थ—लोकमांहे असख्याता गोला छे, एकेका गोला मध्ये असख्याति निगोद छे.एकेक निगोदमां अनंता जीव छे॥

सत्तरस समहियाकिरी ।इगाणुपाणुमि हुति खुड्डभवा
सगतीससयतिहुत्तर पाणु पुण इग मुहुत्तमि ॥१॥

अर्थ—निगोदिया जीव ते मनुष्यना एक उसासमां सत्तर १७ भव जाजेरा करे छे अने सडतीससो तिहुंतेर ३७७३ श्वासोश्वास एक मुहूर्तमा थाय.

पणसट्ठि सहस्य पणसय। छत्तिसा इग मुहुत्त खुड्डभवा
आवलियाणं दो सय । छपन्ना एग खुड्डभवे ॥१॥

अर्थ—निगोदना जीव एक मुहूर्तमां ६५५३६ भव करे अने निगोदनो एक भव २५६ आवलीनो छे. क्षुल्लक भवनो ए प्रमाण छे.

अत्थि अणंताजीवा, जेहिं न पत्तो तसाइपरिणामो
उवज्जंतियचयंतिय, पुणोंवि तत्थेव तत्थेव ॥२॥

अर्थ—निगोदमां अनंता जीव एहवा छे, जे जीव त्रसपणो पहेला किवारें पाम्या नथी अनंतो काल पूर्वे गयो अने अनंतो काल जाशे पण ते जीव वारंवार तिहांज उपजे छे अने तिहांज चवे छे. एम एक निगोदमां अनंता जीव छे ते निगोदना वे भेद छे. एक व्यवहार राशी निगोद, अने वीजो अव्यवहारराशी निगोद. तेमां जे वादर एकेंद्रियपणो आवें त्रसपणा पामीने पाछा निगोदमां जाइ पड्या छे ते निगोदिया जीवने व्यवहार राशिया कहियें, अने जे जीव कोइ पण काले निगोदमांथी निकल्या नथी ते जीव अव्यवहारराशीया कहियें. अने इहां मनुष्यपणाथी जेटला जीवकर्म खपावीने एक समयमां मोक्षे जाय छे तेटला जीव तेज समये अव्यवहारराशी सूक्ष्म निगोदमांथी निकलीने उंचा आवे छे. जो दश जीव मोक्ष जाय तो दश जीव निकले. कोइक वेलाए भव्य जीव ओछा निकले तो ते ठेकाणे एक बे अभव्य निकले पण व्यवहारराशीमां जीव कोइ वधे घटे नहीं. एवा निगोदना असंख्याता लोक मांहेला गोला तें छदिशीना आव्या पुद्गलने आहारादिपणे ले छे ते सकल गोला कहेवाय. अने लोकांतना प्रदेशे जे निगोदना गोला रह्या छे तेने त्रण दिशीना आहारनी फरशना छे माटे

निकल गोला कहियें. ए सूक्ष्म निगोदमां पांच थावरना सूक्ष्म जीव ते सर्व लोकमां काजलनी कुंपलीनी पेरे भर्या थका व्यापी रह्या छे अने साधारणपणो ते मात्र एक वनस्पतिमांज छे पण चार थावरमा नथी. ए सूक्ष्म निगोदमां अनतु दुःख छे तेनुं उदाहरण कहे छे. सातमी नरकनु आयुष्य तेत्रीस सागरोपमनुं छे ते तेत्रीस सागरोपमना जेटला समय थाय तेटला वखत सातमी नरकमां उत्कृष्टो तेत्रीस सागरोपमने आयुषे कोइक जीव उपजे तेटला (असंख्याता) भवमां जेटलुं छेदन भेदननुं दुःख थाय ते सर्व एकठुं करियें तेथी अनंतगणुं दुःख निगोदना जीव एक समयमां भोगवे छे. दृष्टांत जेम कोइक मनुष्यने साडात्रण क्रोड लोहानी सुइने अग्निथी तपावीने कोइक देवता समकाले चापे तेने जे वेदना थाय तेथी अनंतगुणी वेदना निगोद मध्ये छे, अने भव्य जीवने निगोदनु कारण ते अज्ञान दशा छे, माटे तेहनो त्याग करो. ए निगोदनो विचार कह्यो. ए सर्व प्रमेयनो प्रमाता आत्मा पोताना ज्ञान गुणे करी प्रमेयनो प्रमाण करे ए प्रमेयपणो कह्यो.

५ सत्त्वपणो ते छ द्रव्य एक समयमा उपजे विणसे छे अने स्थिरपणे छे उत्पाद व्यय ध्रुवपणो तेहिज सत्पणो. "उत्पाद व्ययध्रुवयुक्तं सत्" इति तत्त्वार्थ वचनात् ते विस्तारथी कही देखाडे छे जेधर्मास्तिकायना असख्याता प्रदेश छे तिहां एक प्रदेशमां अगुरुलघु असंख्यातो छे अने बीजा प्रदेशमां अनंतो अगुरुलघु छे, त्रीजा प्रदेशमां संख्यातो अगुरुलघु छे एम असंख्याता प्रदेशमां अगुरुलघुपर्याय घटतो वधतो रहे छे ते अगुरुलघु पर्याय चल छे, ते जे प्रदेशमां असख्यातो छे ते प्रदेशमा अनतो थाय छे, अने अनताने ठेकाणे असख्याता थाय छे एम लोकप्रमाण असख्यात

प्रदेशमां शरीरनो समकाले अगुरु लघु पर्याय फिरे छे ते जे प्रदेशमां असंख्यातो फिटीने अनंतो थाय छे, ते प्रदेशमां असंख्यापणानो विनाश छे, अने अनंतपणानो उपजवो छे, अने अगुरुलघुपणे गुण ध्रुव छे, एम उपजवो विणसवो अने ध्रुव ए त्रणे परिणाम छे. अधर्मास्तिकायमां पण ए त्रणे परिणाम असंख्यात प्रदेशे सदा समय समयमां परिणमी रह्या छे. तेमां पण उपजे विणशे अने स्थिर रहे छे. एम आकाशना अनंता प्रदेशमां पण एक समये त्रण परिणाम परिणमे छे अने जीवना असंख्याता प्रदेश छे ते मध्ये पण उपजे विणसे थिर रहे (छे) तथा पुद्गल परमाणुमां पण समये समये थाय छे अने कालनो वर्त्तमान समय फिटीने अतीतकाल थाय छे तो ते समयमां वर्तमानपणानो विनाश छे अने अतीतपणानो उपजवो छे काल पणे ध्रुव छे. ए स्थूल थकी उत्पाद व्यय ध्रुवपणो कह्यो, अने वस्तुगते मूलपणे ज्ञेयने पलटवे ज्ञाननो पण ते भासनपणे परिणमवो थाय ते पूर्व पर्याय भासननो व्यय अने अभिनव ज्ञेयना पर्याय भासननो उत्पाद तथा ज्ञानपणानो ध्रुव ए रीते सर्व गुणना धर्मनी प्रवृत्तिरूप पर्यायनो उत्पाद व्यय श्रीसिद्धभगवन्तमां पण थइ रह्यो छे. एमज धर्मास्तिकायना प्रदेशे ते क्षेत्र गत पुद्गल तथा जीवने पहेले समये असंख्यात चलण सहायीपणो परिणमतो हतो अने बीजे समये अनन्त परमाणु तथा अनन्ता जीव प्रदेशने चलन सहायी थयो तेवारें असंख्याता चलन सहायनो व्यय, अने अनंता चलन सहायनो उपजवो, अने गुणपणे ध्रुव, एम धर्मद्रव्यमध्ये उत्पाद व्यय थइ रह्यो छे. तेमज अधर्मादिक द्रव्यने विषे पण भाववुं. तथा वली कार्य कारणपणे उत्पाद व्यय तथा अगुरुलघुना चलनने उत्पाद व्यय पंचास्तिकायने विषे कहेवो. तथा कालद्रव्य ते उपचार छे तेनुं स्वरूप सर्व उपचारथीज कहेवुं. ए रीते सर्व

द्रव्यमां सत्पणो छे जो अगुरुलघुनो भेद न थाय तो पछे प्रदेशनो मांहोमांहे भेद केम थाय ? ते माटे अगुरुलघुनो भेद सर्वमां छे अने जेनो उत्पाद व्यय रूप सत्पणो एक छे ते द्रव्य एक छे. तथा जेनो उत्पाद व्यय सत्पणो जूदो ते द्रव्य पण जूदो छे एटले सत् कहेता सत्त्वपणो कह्यो.

६ अगुरुलघुपणो कहे छे. जे द्रव्यनो अगुरुलघु पर्याय छे ते छ प्रकारनी हानि वृद्धि करे छे. तेमा छ प्रकारनी वृद्धि छे १ अनन्त भागवृद्धि, २ असंख्यातभागवृद्धि, ३ संख्यातभागवृद्धि, ४ संख्यातगुणवृद्धि, ५ असंख्यातगुणवृद्धि, ६ अनंतगुण वृद्धि. हवे छ प्रकारनी हानि कहे छे. १ अनतभागहानि, २ असंख्यातभागहानि, ३ संख्यातभागहानि, ४ संख्यातगुणहानि, ५ असंख्यातगुणहानि, ६ अनंतगुणहानि. ए रीते छ प्रकारनी वृद्धि तथा छ प्रकारनी हानि ते सर्व द्रव्यमा सदा समय समय थइ रही छे. वृद्धि ते उपजवो अने हानि ते व्यय कहियें. ए अगुरुलघुपणो कह्यो. नहीं गुरु तथा नहीं लघु ते अगुरुलघु स्वभाव कहियें. ए सर्व द्रव्य मध्ये छे, ते श्री भगवती सूत्रें "सव्वदव्वा सव्वगुणा सव्वपएसा सव्वपज्जवा सव्वद्धा अगुरुलहुआए" अगुरुलघु स्वभावने आवरण नथी तथा आत्मा मध्ये जे अगुरुलघुगुण ते आत्माना सर्व प्रदेशे क्षायिक भाव थये सर्व गुण सामान्यपणे परिणमे, पण अधिका ओछा परिणमे नही ते अगुरुलघुगुणनु प्रवर्तन जाणवु ते अगुरलघु गुणने गोत्रकर्म रोके छे. ए अगुरुलघु स्वभाव ते सर्व द्रव्यमा छे.

हवे गुणनी भावना कहे छे तिहा जेटला छए द्रव्यमा सरीखा गुण छे ते सामान्य गुण कहियें, अने जे गुण एक द्रव्यमां छे अने बीजा द्रव्यमा नथी ते विशेष गुण कहियें जे गुण

कोइक द्रव्यमां छे अने कोइक द्रव्यमां नथी ते साधारण असाधारण गुण कहियें. एम ए छ द्रव्यमां अनंतगुण, अनन्त पर्याय, अनन्त स्वभाव सदा शाश्वता छे. जेम श्री केवली भगवंते प्ररूप्या ते सर्व जे रीते छे ते रीते सद्दहणा पूर्वक यथार्थ उपयोगथी श्रुतज्ञानादिकथी यथार्थपणे जाणवा–सद्दहवा. ए निश्चयज्ञान मोक्षनुं कारण छे. जे जीव ज्ञान पाम्यो ते जीव विरति करे छे ते चारित्र कहियें. ज्ञाननुं फळ विरतिपणो छे ते मोक्षनुं तत्काल कारण छे.

हवे निश्चय चारित्र अने व्यवहार चारित्रनो विचार कहे छे. तेमां प्रथम व्यवहार चारित्र ते जे प्राणातिपातविरमण प्रमुख पंच महाव्रतरूप ते सर्व विरति कहियें अने स्थूलप्राणातिपातविरमण व्रतादिक श्रावकनां बारव्रत ते देश विरतिं चारित्रनां जाणवुं. ए व्यवहार चारित्र सुखनुं कारण छे एवी करणीरूप श्रावकना बार व्रत अने यतिनां पांच महाव्रत ते अभव्यने पण आवे तेथी देवतानी गति पामे पण सकाम निर्ज्जरानुं कारण न थाय. इहां कोइ पूछे के मोक्षनुं कारण नथी तो एटलुं कष्ट शा वास्ते करियें? तेने उत्तर जे त्याग बुद्धि निश्चय ज्ञान सहित चारित्र ते मोक्षनुं कारण छे माटे निश्चय चारित्र सहित व्यवहार चारित्र पालवुं ते निश्चय चारित्र कहे छे. शरीर, इन्द्रिय, विषय, कषाय, योग ए सर्व परवस्तु जाणी छोडवा तथा आहार ते पुद्गल वस्तु जाणी छांडवो. आत्मा अणाहारी छे ते माटे मुजने आहार करवो घटे नहीं. आहार ते पुद्गल छे, आत्मा अपुद्गली छे ते माटे त्याग करवो. तद्रूप जे तप ते तप निश्चय चारित्रमां जाणवुं. चारित्र कहेतां चंचलतां रहित थिरताना परिणाम अने

आत्म स्वरूपने विषे एकत्वपणे रमण तन्मयता स्वरूप विश्राति-तत्त्वानुभव ते चारित्र कहियें. ते चारित्रना बे भेद छे एक देशविरति, बीजुं सर्व विरति. तिहा देश विरति कहेतां श्रावकनां वार व्रत ते वार व्रत निश्चय तथा व्यवहारथी कहे छे.

१ प्राणातिपात विरमण व्रत-ते परजीवने आपणा जीव सरीखो जाणी सर्व जीवनी रक्षा करे ते व्यवहार दया थइ माटे व्यवहार प्राणातिपात विरमण व्रत जाणवु अने जे आपणो जीव कर्म वश पड्यो दु खी थाय छे ते आपणा जीवने कर्मबंधनथी मुकाववु अने आत्म गुण रक्षा करी गुण वृद्धि करवी ते स्वदया बंधहेतु परिणति निवारि स्वरूप गुणने प्रगटपणे करवा, जे गुण प्रगट थयो ते राखवो, एटले ज्ञाने करी मिथ्यात्व टाली आपपणा जीवने निर्मल करे ते निश्चयथी प्राणातिपात विरमण व्रत कहियें.

२ मृषावाद विरमणव्रत कहे छे जुठु वचन बिलकुल बोलवु नही ते व्यवहार मृषावाद विरमणव्रत, हवे निश्चय कहे छे जे पर पुद्गलादिक वस्तुने आपणी कहेवी ते मृषावाद वचन छे. अने जीवने अजीव कहे तथा अजीवने जीव कहे इत्यादिक अज्ञान ते भाव मृषावाद छे. अथवा सिद्धान्तना अर्थ खोटा कहे ए मृषावाद जेणे छाड्यो ते निश्चय मृषावाद विरमणव्रत कहियें एटले बीजा अदत्तादानादिक व्रत जो भाजे (भागे) तो तेनो मात्र चारित्र भंग थाय पण ज्ञान दर्शननो भग न थाय अने जेणे निश्चय मृषावाद विरमणना भग कर्यो तेणे समकित तथा ज्ञान अने चारित्र ए त्रणेनो भंग कर्यो, तथा आगममा एम कह्यु छे जे एक साधुये चोथो व्रत भग कर्यो अने एक साधुयें

बीजो मृषावाद व्रत भंग कर्यो तो जेणे चोथो व्रत भंग कर्यो ते आलोयण लेइ शुद्ध थाय पण जे सिद्धान्तना अर्थनो मृषा उपदेश आपे ते आलोयण लीधे पण शुद्ध थाय नहीं.

३ अदत्तादान विरमण व्रत कहे छे,. जे पारकुं धन वस्तु छुपावे; चोरी करे; ठगबाजी करी लीये ते चोरी छे, एटले पारकी वस्तु धणीना दीधा विना लेवी नही ए व्यवहारथी अदत्तादानविरमण व्रत जाणवुं. अने जे पांच इन्द्रियना त्रेवीस विषय, आठ कर्मवर्गणा इत्यादिक परवस्तु लेवी नहीं तथा तेनी वांछा न करवी ते आत्माने अग्राह्य छे माटे. ते निश्चयथी अदत्तादानविरमण व्रत कहियें. इहां कोइ पूछे जे विषयनी अने कर्मनी वांछा कोण करे छे? तेने उत्तर.जे पुण्यने भलो लेवा योग्य कहे छे ते जीव कर्मनी वांछा करे छे. जे पुण्यना ४२ भेद छे ते नाम कर्मनी शुभ प्रकृति छे एटले जे व्यवहार अदत्तादान तो नथी लेता पण अंतरंग पुण्यादिकनी वांछा छे तेने निश्चय अदत्तादान लागे छे.

४ मैथुन विरमणव्रत कहे छे. जे पुरुष परस्त्रीनो परिहार करे, तथा जे स्त्री परपुरुषनो परिहार करे. इहां साधुने स्त्रीनो सर्वथा त्याग छे.अने गृहस्थने परणेली स्त्री मोकली छे. परस्त्रीनो पच्चखाण छे ते व्यवहारथी मैथुननुं विरमण कहियें अने जे विषयनी अभिलाषानो तथा ममता तृष्णानो त्याग, परभाव वर्णादिक परद्रव्यना स्वामित्वादिक तेनो अभोगीपणो आत्मा स्वगुण ज्ञानादिकनो भोगी छे अने ए पुद्गलखंध ते अनंता जीवनी एंठ छे तेने केम भोगवे? ए रीते त्याग निश्चयथी मैथुन विरमण कहियें. जेणे बाह्य विषय छांडयो छे अने अंतरंग लालच छुटी नथी तो तेहने ते मैथुनना कर्म लागे छे.

५ परिग्रह परिमाणव्रत कहे छे. परिग्रह धन-धान्य-दास-

दासी०चतुष्पद–जमीन–वस्त्र आभरणनो त्याग तेमां साधुने तो सर्वथा परिग्रहनो त्याग छे तथा श्रावकने इच्छा परिमाण छे जेटली इच्छा होय तेटलो परिग्रह मोकलो राखे. बीजानी विरति करे ए व्यवहारथी कह्यो अने जे भाव कर्म रागद्वेष अज्ञान द्रव्य कर्म ज्ञानावरणीय प्रमुख आठ कर्म अने शरीर इन्द्रियनो परिहार एटले कर्मने जाणी छांडवा ते निश्चयथी परिग्रहनो त्याग एटले परवस्तुनी मूर्छा छाडवी जेणे मूर्छा छोडी तेणे परिग्रह छोड्योज छे एम जाणवु

६ दिशिपरिणाम व्रत कहे छे. तिहां तिरछि चार दिशी पाचमी अधो छट्टी ऊर्ध्व ए छ दिशिना क्षेत्रनो मान करी मोकलो राखे ते व्यवहारथी दिशिपरिणाम कहियें अने चार गतिमा भटकवु ते कर्मनुं फल छे एम जाणी तेथी उदासीपणो अने सिद्ध अवस्था (नो) शुं उपादेयपणो ते निश्चय दिशिपरिमाण व्रत कहियें.

७ भोगोपभोगपरिमाण व्रत कहे छे. जे एकवार भोगववुं ते भोग अने वारम्वार भोगववुं ते उपभोग तेनो परिमाण करे ते व्यवहार भोगोपभागव्रत कहिये, अने जे व्यवहारनयें कर्मनो कर्त्ता भोक्ता जीव छे अने निश्चयनये तो कर्मनो कर्त्ता कर्म छे आत्मा अनादिनो परभाव भोगी थयो छे तेथी परभावग्राहक अने परभावरक्षक थयो एटले आत्मानी ज्ञायकता, ग्राहकता, भोग्यता, रक्षकता बीगडे कर्त्तापणो बीगड्यो, तेवारे परभाव कर्त्ता थयो तेथी परभाव रंगीपणे आठ कर्मनो कर्त्ता थयो छे पण सत्तायें तो स्वभावनो कर्त्ता छे पण उपकरण अवराणा तेथी स्वकार्य करी शकतो नथी. विभावने करे छे, अज्ञानपणे जीवनो उपयोग मल्यो छे. पोताना ज्ञानादिक गुणनो कर्त्ता

भोक्ता छे एहवो स्वरूपानुयायी परिणाम ते निश्चयभोगोपभोग-व्रत त्याग जाणवो.

८ अनर्थदण्डविरमणव्रत कहे छे. काम विना जीवनो वध करवो. पारका वास्ते आरम्भ प्रमुख करवानी आज्ञा प्रमुख आपवी ते व्यवहार अनर्थदंड अने शुभाशुभ कर्म ते मिथ्यात्व अविरति कषाय योगथी बंधाय छे तेने जीव आपणा करी जाणे ए निश्चयथी अनर्थदंड.

९ सामायिक व्रत कहे छे. जे मन वचन कायाने आ-रम्भथी टालीने तेने निरारम्भपणे वर्त्तावे ते व्यतहार सामायिक जाणवो. अने जे जीव ज्ञान, दर्शन, चारित्र गुण विचारे सर्व जीव सत्ता गुण एक समान जाणी सर्वथी समतापरिणाम ते निश्चय समतारूप सामायिक कहियें.

१० देशावगाशिक व्रत कहे छे. जे मन वचन काय योग एक ठोर करी एकस्थानके बेसी धर्म ध्यान करवो ते व्यवहार देशावगाशिक कहियें. अने जे श्रुतज्ञाने करी छ द्रव्य ओलखीने पांच द्रव्यनो त्याग करे अने ज्ञानवन्त जीवने ध्यावे ते निश्चय देशावगाशिक व्रत कहियें.

११ पौषध व्रत कहे छे. जे चार पहोर अथवा आठ पहोर सुधी समता परिणामे सावद्य छोडी निरारम्भपणे सज्ञायध्या-नमां प्रवर्ते ते व्यवहार पोशह कहियें, अने पोताना जीवने ज्ञान ध्यानथी पोषीने पुष्ट करे ते निश्चयथी पौषध व्रत कहियें. जीवने पोताना स्वगुणे करी पोषीजे तेणे पौषध कहियें.

१२ अतिथिसंविभाग व्रत कहे छे. जे पोशहने पारणे अ-थवा सदा सर्वदा साधुने तथा जैनधर्मिश्रावकने पोतानी शक्ति प्रमाणे दान देवुं ते व्यवहार अतिथिसंविभाग कहियें अने पो-

ताना जीवने अथवा शिष्यने ज्ञाननु दान ते भणवुं, भणाववुं, सुणवु सुणाववुं, ते निश्चयथी अतिथिसंविभाग व्रत कहियें एटले श्रावकनां वार व्रत कह्यां ते समकित सहित जे निश्चय तथा व्यवहारथी वार व्रत धारे ते जीवने पांचमे गुणठाणे देशविरति श्रावक कहियें देश केहतां देशथकी थोडोशा व्रतिपणो छे माटे. अने यतिने सर्वथी व्रतिपणो छे तेथी पांच महाव्रत छे. साधुने पाच महाव्रतमां सर्व व्रत आव्यां. ए निश्चय त्यागरूप ज्ञान ध्यान संवर निर्ज्जरामां थिरताना परिणाम ते निश्चय चारित्र. तेना एक उत्सर्ग बीजो अपवाद ए बे मार्ग छे तेमां जे उत्कृष्ट तीक्षण परिणाम ते उत्सर्ग अने ने राखवाने कारणरूप ते अपवाद–उक्तच ॥ " संघरणमि अशुद्ध, दुन्नवि गिन्ह तदेतयाणहियं ॥ आउर दिट्ठं तेण, ते चेवहिय असंघरणे " ॥ १ ॥ एटले ज्यां सुधी साधक भावने बाधक न पडे त्यां सुधी जेहनी ना कही ते आदरवो नहि अने जो साधक परिणाम रहेता न दीठा तेवारे जेहनी ना ते आचरे तेनेअपवाद मार्ग कहिये. जे आत्मगुण राखवाने करवो ते अपवाद, अने गुणीने रागे–भक्तिये करवो ते प्रशस्त. ए वे तो साधन छे अने जे औदयिकने अखमवायी करवुं ते अतिचार छे तथा सवलो अने औदयिक माटे, आसक्तपणे करवुं ते पडिवाइ छे ते माटे अपवाद मार्ग ते परिणाम दृढ रहे तेम आचार्ये करवो.

हवे चार ध्यान कहे छे. १ आर्तध्यान, २ रौद्रध्यान, ३ धर्मध्यान, ४ शुक्लध्यान. तिहां पहेला वे ध्यान ते अशुभ कहियें अने पाछला वे ध्यान ते शुभ छे. जे एक ध्येयने विषे अंतर्मुहूर्त चित्तनो–उपयोगनो तन्मय एकाग्रपणे थीर रहेवो ते ध्यान अने केवलीने योगनो रोकवो ते ध्यान उक्तंच-

"अंतो मुहूत्ता मित्ता चित्तावत्थाणमेग वथ्थुम्मि, छउमत्थाणं, झाणं, जोगनिरोहो जिणाणंतु." तिहां मनमां आहट्ट दोहट्टना परिणाम ते आर्तध्यान कहिये तेना चार पाया छे. १ भाइ, मित्र, सज्जन, माता, पिता, स्त्री, पुत्र, धन, प्रमुख इष्ट वस्तुनो वियोग थवाथी विलाप करे ते पहेलो इष्ट वियोगनामा आर्तध्यान तथा २ अनिष्ट जे भुंडां दुःखनां कारण, दुश्मन दरिद्रीपणो, तथा कुपुत्रादि मलवाथी मनमां दुःख चिंता उपजे ते अनिष्ट संयोग नामा आर्तध्यान. ३ शरीरमां रोग उपना थका दुःख करे, चिन्ता घणी करे ते रोग चिंतानामा आर्तध्यान. ४ मनमां आगलना वखतनो शोच करे जे आ वर्षमां आ काम करशुं, आवता वर्षमां अमुक काम करशुं तो अमुक लाभ थशे अथवा दान शील तपनुं फल मांगे जे आ भवमां तप कीधो छे माटे आवते भवे इन्द्र चक्रवर्तिनी पदवी मले एहवी आगला भवनी वांच्छा ते अग्रशोचना परिणाम उपजे अथवा नियाणानो करवो ते निदान आर्तध्यान कहीये, ए धर्मकरणीनां फलनुं नियाणुं समकिती न करे. ए आर्तध्याननो चोथो पायो जाणवो. ए आर्तध्यानना चार भेद कह्या. ते तिर्यंच गतिना कारण छे. ए ध्यानना परिणाम ते पांचमा अथवा छठ्ठा गुणठाणा सुधी होय.

२ जे कठोर परिणामनुं चितवन ते रौद्रध्यान. तेना चार भेद छे. १ जीवहिंसा करीने हर्ष पामे अथवा बीजो कोइ हिंसा करतो होय तेने देखी खुशी थाय अथवा युद्धनी अनुमोदना करे ते हिंसानुबंधी रौद्रध्यान. २ जूठुं बोलीने मनमां हर्ष पामे के जुओ में केवो कपट केळव्यो. मारा जूठापणानी खबर कोइने पडी नहीं, एवो मृषावाद रूपपरिणाम ते मृषानुबंधी रौद्रध्यान. ३ चोरी करी अथवा ठगाइ करी मनमां खुशी थाय

के मारा जेवो जोरावर कोण छे, हुं पारको माल खाउं छुं एवो परिणाम ते चौरानुबंधि रौद्रध्यान ४ परिग्रह धन धान्य परिवार घणो वधवानी लालच होय ते धन अथवा कुटुंबने माटे गमे तेवुं पाप करे अथवा घणो परिग्रह मिल्याथी अहंकार करे ते परिग्रहरक्षणानुबंधी रौद्रध्यान. ए रौद्रध्यानना चार भेद कह्या. ए ध्यान नरक गति पमाडवानुं कारण छे महा. अशुभकर्मनुं कारण छे. ए पांचमा गुणठाणा सुधी छे अने छट्ठे गुणठाणे पण एक हिंसानुबंधीरौद्रध्यानना परिणाम कोइक जीवने होय.

हवे धर्मध्यान कहे छे. जे व्यवहार क्रियारूप ते कारण धर्म तथा श्रुतज्ञान अने चारित्र ए उपादानपणे साधन धर्म तथा रत्नत्रयी भेदपणे ते उपादान शुद्ध व्यवहार उत्सर्गाऽनुयायी ते अपवाद धर्म जाणवो. अने अभेद रत्नत्रयी ते साधन शुद्ध निश्चयनयें उत्सर्ग धर्म अने (धम्मो वत्थु सहावो) जे वस्तुनो सत्तागत शुद्ध पारिणामिक स्वगुण प्रवृति कर्त्रादिक अनंतानंद रूप सिद्धावस्थायें रह्यो ते एवंभूत उत्सर्ग उपादान शुद्धधर्म, ते धर्मनुं भासन रमण एकाग्रतापणे चिंतन तन्मयतानो उपयोग एकत्वनो चिंतववो ते धर्मध्यान कहियें. तेना पाया चार छे ते कहे छे.

१ आज्ञाविचयधर्मध्यान–जे वीतराग देवनी आज्ञा साची करी सद्दहे एटले भगवते छ द्रव्यनुं स्वरूप नय प्रमाण निक्षेपा सहित सिद्ध स्वरूप, निगोद स्वरूप जे कह्या तेम सद्दहे, वीतरागनी आज्ञा नित्य अनित्य स्याद्वादपणे निश्चय व्यवहारपणे माने सद्दहे ते आज्ञा प्रमाणे यथार्थ उपयोग भासन थयो तेने हर्षे करी ते उपयोग मध्ये निर्धार, भासन, रमण, अनुभवता, एकता, तन्मयपणो ते आज्ञाविचय धर्मध्यान कहियें.

२ अपायविचयधर्मध्यान ते जीवमां अशुद्धपणे कर्मना योगथी संसारी अवस्थामां अनेक अपाय कहेतां दूषण छे ते अज्ञान, राग, द्वेष, कषाय, आस्रव ए मारा नथी. हुं एथकी न्यारो छुं. हुं अनंतज्ञान, दर्शन, चारित्र, वीर्यमयी, शुद्ध, बुद्ध, अविनाशी छुं. अज, अनादि, अनंत, अक्षर, अनक्षर, अचल, अकल, अमल, अगम्य, अनामी, अरूपी, अकर्म्मा, अबंधक, अनुदय अनुदीरक, अयोगी, अभोगी, अभेदी, अवेदी, अछेदी, अखेदी, अकषायी, असखाइ, अलेशी, अशरीरी, अणाहारी, अव्याबाध, अनवगाही, अगुरुलघु, अपरिणामी, अतीन्द्रिय, अप्राणी, अयोनि, असंसारी, अमर, अपर, अपरंपार, अव्यापी, अनाश्रित, अकंप, अविरुद्ध, अनाश्रव, अलख, अशोकी, असंगी, लोकालोकज्ञायक, एवो शुद्ध चिदानंद मारो जीव छे, एहवो एकाग्रतारूप ध्यान ते अपायविचयधर्मध्यान जाणवो.

३ विपाकविचय धर्मध्यान कहे छे. जे एहवो जीव छे तोपण कर्मवशें दुःखी छे ते कर्मनो विपाक चिंतवे, जे जीवनो ज्ञानगुण ते ज्ञानावरणीय कर्म दाब्यो छे, अने दर्शनावरणीय कर्मे दर्शनगुण दाब्यो छे, एम आठ कर्मे जीवना आठ गुण दाब्या छे. एटले आ संसारमां भमतां थकां जीवने जे सुखदुःख छे ते सर्व कर्मनां कीधां छे. माटे सुख उपने राचवुं नहीं अने दुःख उपने दिलगीर थवुं नही. कर्म स्वरूपनी प्रकृति, स्थिति, रस, अने प्रदेशनो बंध, उदय, उदीरणा, तथा सत्ता, चिंतवन एकाग्रता परिणाम ते विपाकविचय धर्मध्यान.

४. संस्थानविचयधर्मध्यान कहे छे. ते चउद राजमान लोकनुं स्वरूप विचारे जे ए लोक ते चउदराज ऊंचो छे ते मध्ये सातराज अधोलोक छे. विचमां अढारसो योजन मनुष्य क्षेत्र त्रिछो लोक छे ते ऊपर कांइक ऊणो सातराज ऊर्ध्वलोक

छे, तेमां सर्व वैमानिक देवता वसे छे, अने ऊपरे सिद्ध शिला सिद्ध क्षेत्र छे. ए रीतें लोकनुं प्रमाण छे, ए लोकनु संस्थान वैशाख छे. अनतो काल आपणा जीवें संसारमा भमतां सर्व लोकने जन्म मरण करी फरस्यो छे, एवु जे लोक स्वरूप तथा लोकने विषे पंचास्तिकायनु अवस्थान तथा परिणमन द्रव्य मध्ये गुण-पर्यायनुं अवस्थान तेनो जे एकाग्रतायें तन्मयचिंतवन परिणाम एहवु जे ध्यान ते संस्थान विचय धर्मध्यान कहियें. ए धर्म-ध्यानना चार पाया कह्या ए धर्मध्यान चोथा गुणठाणाथी मांडीने सातमा गुणठाणा सुधी छे.

हवे शुक्लध्यान कहे छे. शुक्ल केहता निर्मल, शुद्ध, पर आलंबन विना आत्माना स्वरूपने तन्मयपणे ध्यावे एहवू ध्यान तेने शुक्लध्यान कहियें. तेहना पाया चार छे ते कहे छे.

१ पृथक्त्ववितर्कसमविचार-ते पृथक्त्व केहतां जीवथी अजीव जूदा करवा, स्वभाव विभाव तेने जूदा पृथक्पणे वहेंचण करवी, स्वरूपने विषे पण द्रव्य तथा पर्यायनो पृथक्पणे ध्यान करी, पर्याय ते गुणमा संक्रमावे अने गुण ते पर्यायमां सक्रमण करे ए रीतें स्वधर्मने विषे धर्मांतरभेद ते पृथक्त्व कहियें अने तेनो वितर्क ते जे श्रुतज्ञाने स्थित उपयोग. अने समविचार ते सविकल्पोपयोग एटले एक चितव्या पछी वीजो चिंतववो तेने विचार कहियें. एटले निर्मल विकल्प सहित पोतानी सत्ताने ध्यावे ते पृथक्त्व वितर्कसमविचार पेहेलो पायो ए आठमा गुणठाणाथी माडी अग्यारमा गुणठाणा सुधी छे.

२ एकत्ववितर्कअसमविचार नामा वीजो पायो कहे छे, जे जीव आपणा गुणपर्यायनी एकता करी ध्यावे ते आवी रीते के जीवना गुणपर्यायअने जीव ते एकज छे, अने म्हारो जीव

सिद्धस्वरूप एकज छे एवो एकत्व स्वरूप तन्मयपणे अनंता आत्म धर्मनो एकत्वपणे ध्यानं वितर्क केहतां श्रुतज्ञानावलंबीपणे अने अप्रविचार केहतां विकल्प रहित दर्शन ज्ञानना समयांतरे कारणता विना रत्नत्रयीनो एक समयी कारण कार्यतापणे जे ध्यान, वीर्य उपयोगनी एकाग्रता ते एकत्ववीतर्क अप्रविचार जाणवो. ए पायो बारमा गुणठाणे ध्यावे. ए बेहु पायामां श्रुत-ज्ञानावलंबनीपणो छे. पण अवधि मनःपर्यव ज्ञानोपयोगें वर्तता जीव कोइ ध्यान करी शके नहीं, ए बे ज्ञान परानुयायी छे. माटे ए ध्यानथी घनघातियां चार कर्म खपावे. निर्मल केवल ज्ञान पामे, पछे तेरमे गुणठाणे ध्यानंतरीकापणे वर्त्ते छे तेरमोना अंते अने चउदमे गुणठाणे बाकीना बे पाया ध्यावें.

३ सूक्ष्मक्रिया अप्रतिपाति पायो कहे छे. ते सूक्ष्म मन, वचन कायाना योग रुंधे, शैलेशी करण करी अयोगी थाय ते जे अप्रतिपाति निर्मलवीर्य अचलतारूप परिणाम ते सूक्ष्मक्रिया-अप्रतिपाति ध्यान जाणवुं. इहां सत्ताए ८५ प्रकृति रही हती ते मध्ये ७२ खपावे.

४ उच्छिन्नक्रियानिवृत्ति पायो कहे छे, जे योग निरुंध कीधापछें, १३ प्रकृति खपावे, अकर्मा थाय, सर्व क्रियाथी रहित थाय ते ससुच्छिन्न क्रियानिवृत्ति शुक्लध्यान कहिये, ए ध्यानं ध्यावतां शेष, दलखरणरूप क्रिया उच्छेदे, अवगाहना देहमानमांथी त्रीजो भाग घटाडे, शरीर मूकी इहांथी सातराज उपर लोकने अंते जाय, सिद्ध थाय. इहां शिष्य पूछे जे चौदमे गुणठाणे तो अक्रिय छे, तो सातराज उंचो गयो ए क्रिया केम करे छे? तेने उत्तर जे सिद्ध तो अक्रिय छे, परंतु पूर्व प्रेरणायें तुंबीगे दृष्टान्ते जीवमां चालवानो गुण छे. धर्मास्तिकाय मध्ये प्रेरणा गुण छे, तेथी कर्मरहित जीव मोक्षे जतां लोकने

अंते जइ रहे. इहां कोइ पूछे जे आगळ उंचो अलोक छे तिहां किम जातो नथी ? तेने उत्तर जे आगल धर्मास्तिकाय नथी माटे न जाय. वली कोइ पुछे जे तो अधोगतिये अथवा तिरच्छी गतिये केम नथी जातो ? तेने उत्तर जे कर्मना भारथी रहित–थयो हलवो थयो, माटे नीचो तथा डावो जिमणो न न जाय, कारण के प्रेरक कोइ नथी. तथा कंपे नही केमके अक्रिय छे माटे. तथा कोइ पुछे जे सिद्धने कर्म केम लागतां नथी ! तेने कहे छे जे कर्म तो जीवने अज्ञानथी तथा योगथी लागे छे, ते सिद्धना जीवने अज्ञान तथा योग नथी, माटे कर्म लागे नही. ए चार ध्याननो अधिकार कह्यो.

हवे वली बीजां चार ध्यान कहे छे. १ पदस्थ, २ पिंडस्थ, ३ रूपस्थ, ४ रूपातीत. तेमा पहेलुं पदस्थ ध्यान कहे छे. जे अरिहंतादिक पांच परमेष्ठीना गुण संभारे, तेनो चित्तमां ध्यान करे ते पदस्थध्यान. २ पिंडस्थ कहेतां शरीरमां रह्या जे आपणो जीव तेमां अरिहन्त, सिद्ध, आचार्य, उपाध्याय अने साधुपणाना गुण सर्व छे एहवो जे ध्यान ते पिंड कहेतां जीव द्रव्य अथवा आकार अथवा स्थापना तेनु अवलवन पामी गुणोना गुण मध्ये एकत्वता उपयोग करवो ते पदस्थ ध्यान. ३ रूपमा रह्यो थको पण ए मारो जीव अरूपी अनंत गुणी छे, जे वस्तुनो स्वरूप अतिशयावलंबी थया पछे आत्मानु रूप एकतापणो एहवो जे ध्यान ते रुपस्थध्यान ए त्रण ध्यान धर्म ध्यानमां गणवां. ४ निरंजन, निर्मल, संकल्पविकल्प रहित अभेद एक शुद्ध सत्तारूप, चिदानद, तत्त्वामृत, असंग, अखंड, अनन्तगुण पर्यायरूप, आत्मस्वरूपनुं ध्यान ते रुपातीत ध्यान जाणवुं इहां मार्गणागुणठाणा नयप्रमाण मति आदिक ज्ञान

क्षयोपशमभाव सर्व छांडवा योग्य थया. एक सिद्धना मूल गुणने ध्यावे ते रूपातीत ध्यान जाणवो. एटले मोक्षनुं कारण जे ध्यान ते कह्युं.

हवे भावना कहे छे. तेमां धर्म ध्याननी चार भावना कहे छे. १ मैत्री भावना-ते सर्व जीव साथे मित्रतानो भाव चितववो, सर्वनु भलुं चाहवुं पण कोइनुं माठुं चितववुं नही. सर्व जीव ऊपर हित बुद्धि राखवी ते मैत्री भावना. २ गुणवंत अने ज्ञानादिक गुण उपरें राग जे गुणी श्री अरिहंतादिकनो योग मिल्ये जे अनंत गुण मोक्षना कारण तत्त्वभोगी तत्त्वविलासी एवा अद्भुत प्रभुजी अहो प्रभुजी, अहो प्रभुजीनी उपकारता, अहो प्रभुनी निःसंगता एहवो जे परिणाम ते अद्भुतता, वली दुःखे करी मोहाधीन, मोहमयी, पुद्गल रंगी, पराधीन मने एहवा परमात्मा प्रभु अथवा यथार्थ वादी गुरु तथा स्याद्वाद धर्मनो योग मिल्यो. आज मुजने चिंतामणिनी कोडी मिलि. आज माहरा मननो मनोरथ सफल थयो, एहवी आश्चर्यता तथा वली रखे मने एहवा कारणनो विरह पडे एहवो कायरता परिणाम ते बीजी प्रमोदभावना. ३ जे धर्मवंत उपर राग अने मिथ्यात्वी ऊपर राग नही तेम द्वेष पण नही कारण के हिंसक उपरे पण उत्तम जीवने करुणा उपजे. जा उपदेश थकी सारा मार्गे आवे तो तेने शुद्ध मार्गे आणवो, कदाचित् मार्गे न आवे तो पण द्वेष न राखवो केमके ते अजाण छे एम समजवुं एहवा जे परिणाम ते मध्यस्थ भावना. ४ सर्व जीवने पोताने तुल्य जाणी दया पाले, कोइने हणे नहीं तथा जे दुःखी अथवा धर्महीन तेवा जीव उपर करुणा तेना दुःख टाळवानो परिणाम तथा धर्महीन जीव देखीने एवो चिंतवे जे ए जीव किवारें धर्म

पामशे, यथार्थ आत्मसाधन पामी स्वरूप धर्मने किवारे (क्यारे) अवलंवशे एवो परिणाम, ते चोथी करुणा केहतां दया भावना. ए चार भावना कही.

१ हवे वार भावना कहे छे. शरीर, कुटुम्ब, धन, परिवार सर्व विनाशी छे जीवनो मूलधर्म अविनाशी छे. एम चिंतववुं ते पहेली अनित्य भावना. २ संसारमां मरण समये जीवने शरण राखनार कोइ नथी, एक धर्मनो शरण छे एवु चिंतववु ते वीजी अशरणभावना. ३ मारा जीवे संसारमा भमतां सर्व भव कीधा छे ए संसारथी हु किवारें छुटीश, ए संसार मारो नथी, हु मोक्षमयी छुं एम विचारवुं ते त्रीजी संसार भावना. ४ ए माहरो जीव एकला छे, एकलो आव्यो, एकलो जशे, पोतानां करेलां कर्म एकलो भोगवशे एम चिंतववुं ते चोथी एकत्व भावना ५ आ संसारमा कोइ कोइनो नथी एम चिंतववु ते पांचमी अन्यत्वभावना. ६ आ शरीर अपवित्र मलमूत्रनी खाण छे, रोग-जराथी भर्यो छे, ए शरीरथी हु न्यारो छुं, एम चिंतववो ते छठ्ठी अशुचि भावना. ७ रागद्वेष, अज्ञान, मिथ्यात्व प्रमुख सर्व आस्रव छे, एम चिंतववुं ते सातमी आस्रव भावना. ८ ज्ञान ध्यानमा वर्त्ततो जीव नवा कर्म वांधे नहीं ते आठमी संवर भावना. ९ ज्ञान सहित क्रिया ते निर्ज्जरानुं कारण छे, ते नवमी निर्ज्जरा भावना १० चउद राजलोकनुं स्वरूप विचारवु ते दशमी लोक स्वरूप भावना. ११ संसारमां भमता जीवने समकित ज्ञाननी प्राप्ति पामवी (थवी) दुर्लभ छे. अथवा समकित पाम्यो पण चारित्र सर्व विरति परिणाम रुप धर्म पामवो दुर्लभ छे ते अग्यारमी वोधिदुर्लभ भावना. १२ धर्मना कहेणहार (कथक) गुरु तथा शुद्ध आगमनुं

सांभलवुं एहवी जोगवाइ मलवि दोहेली छे ते बारमी धर्मदुर्लभ भावना. एटले बार भावना कही. ए चारित्रनुं स्वरूप संपूर्ण कह्युं.

एवो समकित सहित ज्ञानचारित्र ते मोक्षनुं कारण छेः तेना उपर भव्य प्राणीयें उद्यम करवो. अने जो तेवुं ज्ञानचारित्र नही पले तोपण श्रेणिक राजानी पेरे सद्दहणा शुद्ध राखजो. जो समकित शुद्ध छे तो मोक्ष नजीक छे. समकित विना ज्ञानध्यान क्रिया सर्व निःफल छे एम आगममां कह्युं छे.

जंसक्कं तं किरइ, अहवा न सक्केइ तहय सद्दहइ ।
सद्दहमाणो जीवो, पावइ अयरामरं ठाणं ॥ १ ॥

अर्थ—रे जीव तुं करी शके तो कर अने जो न करी शके तोपण जेवो वीतरागे धर्म कह्यो ते रीते सद्दह. सद्दहणा शुद्ध राखनार जीव अजरामर स्थानक ते मोक्ष पदवी पामे.

हवे समकितनो मार्ग कहे छे. १ जीव, २ अजीव, ३ पुण्य, ४ पाप, ५ आस्रव, ६ संवर, ७ निर्ज्जरा, ८ बंध, ९ मोक्ष. ए नव तत्त्व छे. तेमां मोक्षनो कर्ता जीव छे, अने संवर तथा निर्ज्झरा ए बे छे, ते मोक्षना उपादानकारण छे, देवगुरु उपकारी ते मोक्षना निमित्त कारण छे एटले जीव संवर निर्ज्झरा मोक्ष ए चार उपादेय छे अने बीजा पांच हेय छे एहवो परिणाम तेने समकित ज्ञानकहियें ते समकित ज्ञान भल्योज थाय. तिहां अनुयोगद्वारमां कह्यो छे.

नायम्मि गिन्हियव्वे, ।
अगिन्हियव्वे अ इच्छ अत्थंमि ॥

जइवमेवइयजो, सो उवएसो नओ ताम ।१।

अर्थ—ज्ञानथी छ द्रव्य जाणीने लेवा योग्य होय ते ले अने छांडवा योग्य छांडे एवो जे उपदेश ते नयउपदेश जाणवो. हवे समकितनी दश रुचि कहे छे.

१ निसर्ग रुचि ते निश्चयनये करी जीवादि नवतत्त्व जाणे, आश्रव त्यागे, संवर आदरे, वीतरागना कह्या भाव ते द्रव्य क्षेत्र काल भाव सहित जाणे, नामादि चार निक्षेपा पोतानी बुद्धिथी जाणे, सद्दहे, वीतरागना भाख्या भाव ते सत्य एवी सद्दहणा होय.

२ उपदेश रुचि–नव तत्त्व तथा छ द्रव्यने गुरु उपदेशथी जाणी सद्दहे ते उपदेश रुचि.

३ आज्ञा रुचि–ते रागद्वेष मोह जेमना गया छे, अज्ञान मिट्यु छे एहवा अरिहंत देव तेणे जे आज्ञा कही तेने माने सद्दहे ते आज्ञारुचि.

४ सूत्ररुचि–१ आचारांग, २ सुयगडांग, ३ ठाणांग, ४ समवायाग, ५ भगवती, ६ ज्ञाताधर्म कथा, ७ उपासकद्शांग, ८ अंतगडदशांग, ९ अनुत्तरोववाइ दशांग, १० प्रश्न व्याकरण, ११ विपाक, ए इग्यार अंग तथा बारमु अंग दृष्टिवाद जेमा चउद पूर्व हतां ते हमणां विच्छेद गयांछे. तथा १ उववाइ, २ रायपसेणी, ३ जीवाभिगम, ४ पन्नवणा, ५ जंबुद्वीपपन्नति, ६ चंदपन्नति, ७ सुरपन्नति, ८ कप्पीआ, ९ कप्पवडंसिया, १० पुप्फिआ, ११ पुप्फचुलीआ, १२ वन्हिदशा, ए बार उपांग जाणवा. अने १ व्यवहारसूत्र, २ बृहत्कल्प, ३ दशा-

श्रुतस्कंध, ४ निशीथ, ५ महानिशीथ, ६ जितकल्प, ए छ छेद-ग्रंथ तथा १ चउसरण, २ संथारापयन्ना, ३ तंदुलवेयालीय, ४ चंदाविजय, ५ गणिविजय, ६ देविंदथुओ, ७ वीरथुओ, ८ गच्छाचार, ९ जोतिकरंड, १० आयुः पच्चखाण, ए दश पयन्नानां नाम तथा १ आवश्यक, २ दश वैकालिक, ३ उत्त-राध्ययन, ४ ओघनिर्युक्ति, ए चार मूलसूत्र तथा १ नंदि, २ अनुयोगद्वार, ए पीस्तालीस आगम ते १ मूलसूत्र तथा २ निर्युक्ति, ३ भाष्य. ४ चूर्णि, ५ टीका, ए पंचांगीना वचन जे जीव माने तथा आगम सांभलवानी तथा भणवानी जेने घणी चाहना होय ते सूत्ररुचि जाणवी.

५ जे जीव गुरुमुखथी एक पदनो अर्थ सांभलीने अनेक पद सद्दहे ते वीजरुचि.

६ अभिगमरुचि–ते जे सूत्र सिद्धान्त अर्थ सहित जाणे अने अर्थ विचार सांभलवानी घणी चाहना होय ते अभिगमरुचि.

७ जे छ द्रव्यना गुण पर्यायने चार प्रमाण तथा सात नये करी जाणे ते विस्ताररुचि.

८ क्रियारुचि–ते दर्शन, ज्ञान, चारित्र, तप, विनय, समिति, गुप्ति बाह्य क्रिया सहित आत्मधर्म साधे जेने रुचि घणी होय ते क्रियारुचि.

९ संक्षेपरुचि–ते जे अर्थने ज्ञानमां थोडो कहे थके घणो जाणीने कुमतिमां पडे नहि, जिनमतनी प्रतीति मानेते संक्षेपरुचि.

१० जे पांच अस्तिकायनुं स्वरूप जाणे, श्रुतज्ञाननो स्वभाव अंतरंग सत्ता सद्दहे ते धर्मरुचि.

हवे समकितना आठ गुण कहे छे १ निशंका–ते जिनागम मध्ये सूक्ष्म अर्थ कह्या ते साचा सद्दहे तेमां संदेह आणे नही. तथा सात भयथी पण डरे नहि २ निकंखा गुण–ते पुण्यरूप फलनी चाहना न राखे, केमके जिहां इच्छा तिहां कर्मनो बंध छे माटे. ३ निविति्तिगिच्छागुण–ते शुभ अशुभ पुद्गल एक सरिखा छे तेमां पुण्यना उदयथी शुभयोग मिल्या खुशी थइ अहंकार न करवो तथा पापना उदयथी दुःखसंयोग मिल्या दिलगीर थावुं नही. ४ अमूढद्दष्टि गुण–ते जे आगममां सूक्ष्म निगोदना तथा छ द्रव्यना सूक्ष्म विचार कह्या छे ते सांभलतो थको मुंजाय नही, जे पोतानी धारणामां आवे ते धारी राखे अने जे धारणामां न आवे तेने सद्दहे ५ उपबृंहगुण–जे आपणा जीवमां अनंत ज्ञानादिक गुण छे ते छुपाववा नही, शुद्ध सत्ता जेवी छे तेवी कहेवी, राग द्वेष अज्ञान ते कर्मनी उपाधि छे जीव ए उपाधिथी न्यारो छे ६ स्थिरीकरण–गुण ते आपणा परिणाम ज्ञानध्यानमां स्थिर करवा, डगाववा नही अथवा कोइ भव्य प्राणी धर्मथी पडतो होय तेने साह्य देइ उपदेश आपी स्थिर करवो. ७ वात्सल्यता गुण–ते जेनी साथे ज्ञान ध्यान तप पडिक्कमणो भेलो करता होइये अने सद्दहणा पण एकज होय ते आपणो साधर्मी भाइ छे तेनी भक्ति करवी. अथवा सर्व जीवना ज्ञानादि गुण आपणा समान छे माटे सर्व जीव ऊपर दया करवी. अथवा बीजा जीवना पण आपणा तुल्य ज्ञानादि गुण छे ते जीवने पोषवा योग्य ज्ञान ध्याननो घणो अभ्यास करावे. ८ प्रभावक गुण–ते भगवतना धर्मनी प्रभावना महिमा करवो अथवा पोताने ज्ञानादि गुण वधारवा दान, शील, तप, भाव, पूजा करी घणो महिमा करवो, ए समकितना आठ गुण.

हवे समकितना पांच लक्षण कहे छें. १ उपशम भावलक्षण–ते विवेकी प्राणी अर्थे कपाय न करे अने जो कदाचित् कपाय करे तोपण तत्त्ल मनने पाछो वाले. २ आस्ताभूषण–ते भगवंतना वचन उपर शुद्ध प्रतीत राखें, भगवंते जेम आगममां आज्ञा करी तेम सद्दहे. ३ दया भाव लक्षण–ते सर्व जीव पोताना सरीखा जाणी दया पालवी. ४ निर्वेद–ते संसारथी तथा धनथी शरीरथी उदाशीनपणो राखवो. ५ संवेग–ते इन्द्रियना सुख जीवें अनन्ति वार भोगव्या पण ते दुःखना कारण छे, एक चिदानंद मोक्षमयी अतीन्द्रिय सुखने आपणो करी जाणे. ए समकितनां पांच लक्षण कह्यां.

हवे छ आयतन कहे छे. १ निश्चयकुगुरु ते भगवंतना वचनना खोटा अर्थ करे खोटी प्ररूपणा करे. २ व्यवहारकुगुरु ते योगी, संन्यासी, ब्राह्मण अने आचारहीन वेषधारी यति ते पण छोडवा. ३ निश्चय कुदेव ते जिणे श्रीवीतरागदेवनुं स्वरूप नथी जाण्युं, ४ व्यवहार कुदेव ते जे सरागीदेव कृष्ण, महादेव, क्षेत्रपाल, देवी, पितर प्रमुख ते पण छोडवा. ५ निश्चयथी कुधर्म ते जे एकांत मार्ग बाह्यकरणी उपर राच्या छे अंतरंगज्ञान नथी ओलख्यो ते. ६ व्यवहार कुधर्म ते पारका अन्य दर्शनोना मत सर्व छांडवा एटले कुदेव कुगुरु तथा कुधर्मने छोडी शुद्धदेव, गुरु तथा धर्म सद्दहे ते समकितनी सदहणा जाणवी, समकितना लक्षण पन्नवणा सूत्रथी कहे छे.

परमत्थसंथवो वा, सुदिट्ठपरमत्थ सेवणावावि ॥
वावन्न कुदंसणा वज्जाणाय सम्मत्तसद्दहणा ॥१॥

अर्थ—परमार्थ छ द्रव्य नव तत्त्वना गुण पर्याय मोक्षनुं स्वरूप एटले जे परमार्थ सूक्ष्म अर्थ छे ते जाणवानो घणो

अभ्यास परचो करे अथवा जाणवानी घणी चाहना राखे अने सुदिठ्ठ कहेतां भली रीते दीठा जाण्या छे परमार्थ छ द्रव्य मोक्षमार्ग जेणे एहवा गुरुनी सेवा करे एटले ज्ञानी गुरु धारवा अने वावन्न कहेतां जिनमति यतिना नाम धरावीने जे क्षेत्रपाल प्रमुखने समकित विना माने एवा गुरुनो संग वर्जे अने कुदर्शनी जे अन्यमति तेनो संग न करे, एवा जे परिणाम ते समकितनी सद्दहणा जाणवी.

विरया सावज्जाओ, कसायहीणा महव्वयधरावि ॥
सम्मदिट्ठिविहूणा, कयावि मुक्ख न पावंति ॥ २ ॥

अर्थ--जे सावद्य आरंभथी विरम्या छे, क्रोधादि चार कषाय जीत्या छे अने शुद्ध पाच महाव्रत पाले छे पण समकित विना छे ते जीव मोक्ष पामे नहि.

हवे समकित ते शी वस्तु छे ते विषे गाथा कहे छे.

नयभगपमाणेहिं, जो अप्पा सायवायभावेणं ।
जाणइ मोक्खसरूवं, समदिट्ठिओ सो नेओ ॥३॥

अर्थ--नय तथा भंगे करी तथा प्रमाणे करी जे पोताना आत्माने जाणे, ओलखे, स्याद्वाद आठ पक्षे जाणे अने एम स्याद्वादपणे मोक्ष-नि कर्माऽवस्थाने पण जाणे, परवस्तुने हेय जाणे, जीवगुण उपादेय जाणे, तेने समकीति जाणवो.

हवे जीवस्वरूप ध्यान करवाने गाथा कहे छे.

अहमिक्को खलु सुद्धो,
निम्ममओ नाणदंसणसमग्गो ॥

तम्मि ठिओ तच्चित्तो,
सव्वे ए ए खयं नेमि ॥ ४ ॥

अर्थ—ज्ञानी जीव एहवुं ध्यान करे के हुं एक छुं, पर पुद्गलथी न्यारो छुं, निश्चयनये करी शुद्ध छुं, ज्ञानदर्शन स्वरूप छुं, निर्मल छुं, ममताथी रहित छुं, हुं मारा गुणमां रह्यो छुं, चेतनागुण ते माहारी सत्ता छे, हुं मारा आत्मस्वरूपने ध्यावतो सर्व कर्म क्षय करूं छुं.

निरंजणं निकल अयल, देवअणाइ अणाइ अणंतं ॥
चेयणलख्खण सिद्धसम, परमप्पा सिवसंतं ॥ ५ ॥

अर्थः—कर्म अंजनथी रहित निरंजन छुं, कलंक रहित छुं, अयल केहतां पोताना स्वरूपथी किवारें चलायमान थाउं नहिं, परमदेव छुं. जेनी आदि नथी तथा जेनो अंत नथी एवो छुं, चेतना लक्षण छुं, सिद्ध समान छुं, संतसत्ता मयी छुं.

जीवादिसद्दहणं सम्मत्तं, अहिगमो नाणं ॥
तथ्थेव सया रमणं, चरणं एसो हु मुख्ख पहो ॥६॥

अर्थः—जीवादिक छ द्रव्य जेवा छे तेवा सद्दहवा ते समकित अने छ द्रव्य जेवा छे तेहवा गुणपर्याय सहित जाणवा ते ज्ञान जाणवु. ते छ द्रव्य जाणीने अजीवने छांडे अने जीवना स्वगुणमां स्थिर थइने रमे ते चारित्र कहियें. ए ज्ञान दर्शन चारित्र शुद्ध रत्नत्रयो ते मोक्षनो मार्ग छे. माटे ए ज्ञान दर्शन चारित्रनो घणो यत्न करवो. ए रत्नत्रयी पामीने प्रमाद करवो नहीं. तिहां निश्चय व्यवहारनी गाथा.

**निच्छयमग्गो मुख्खो, ववहारो पुण्णकारणो वुत्तो ॥
पढमो सवररुवो, आसवहेउ तओ वीओ ॥ ७ ॥**

अर्थः—निश्चयनयनो मार्ग ज्ञान सत्तारूप ते मोक्षनुं कारण छे अने व्यवहार क्रिया नय ते पुण्यनुं कारण कह्यो. पहेलो निश्चय नय संवर छे अने निश्चय संवर-निश्चय नय ते एकज छे जूदा नथी. वीजो व्यवहार नय ते आस्रव नवा कर्म लेवानो हेतु छे एटले शुभ पुण्य कर्मनो आस्रव थाय छे अने अशुभ व्यवहारे अशुभ कर्मनो आस्रव थाय छे. कोइ पुछे जे व्यवहारनय आस्रवनुं कारण छे तो अमे व्यवहार नही आदरशुं, एक निश्चय मार्ग आदरशु. तेने उत्तर कहे छे.

**जइ जिणमय पवज्जह, ता मा ववहारनित्थए मुयह ॥
एकेण विण तिथ्थं, छिज्जइ अन्नेगओ तच्च ॥ ८ ॥**

अर्थः—अहो भव्य प्राणी ! जो तमने जिनमतनी चाहना छे अने जो तुमे जिनमतने इच्छो छो, मोक्षने चाहो छो तो निश्चयनय अने व्यवहारनय छांडशो नहि एटले बेहुनय मानजो. व्यवहार नये चालजो अने निश्चय नय सद्दहजो. जो तमे व्यवहारनय उत्थापशो तो जिनशासनना तीर्थनो उच्छेद थाशे. जेणे व्यवहार न मान्यो तेणे गुरु वंदना, जिनभक्ति, तप, पचख्खाण, सर्व न मान्या. एम जेणे आचार उथाप्यो तेणे निमित्त कारण उथाप्यो. अने निमित्त कारण विना एकलो उपादान कारण ते सिद्ध न थाय, माटे निमित्त कारणरूप व्यवहार नय जरूर मानवो. अने जो एकलो व्यवहार नय मानियें तो निश्चयनय ओलख्या विना तत्त्वनुं स्वरूप जाण्यु जाय नहीं माटे तत्त्व मोक्ष

मार्ग ते निश्चयनय विना पामियें नही, अने तत्त्वज्ञान विना मोक्ष नथी, एटले निश्चयनय अने व्यवहारनय ने मानवा. जे कारणे आगममां ज्ञान क्रियाथी मोक्ष छे, तिहां ज्ञान—हेय उपादेयनो परीक्षा, क्रिया—जे हेय बंधकारणनो त्याग, उपादेय स्वगुण ते लेवा, थिर परिणाम राखवा; एवुं ज्ञान क्रिया ते मोक्षनुं कारण छे, माटे ज्ञान सहित क्रिया प्रमाण छे. ज्ञान विना क्रिया पुण्यनुं कारण छे एम निश्चय विना व्यवहार निःफल छे अने निश्चय सहित व्यवहार ते प्रमाण छे. तेनो दृष्टान्त—जेम सोनाना आभूषणमां उपधातु अथवा किणजो मिल्यो होय ते पण उंचा सोनाने भावें लेइ राखियें छैयें, अने जो ते किणजो तथा सोनुं जुदुं करियें तो सहु कोइ सोनाने ले पण कोइ किणजो जे कुधातु ते लीये नही. तेम निश्चय नय सोना समान छे, माटे निश्चय नय सहित सर्व भला छे अने निश्चयनय विना सर्व अलेखे, माटे आगममां निश्चय व्यवहार रूप मोक्षमार्ग छे ते कह्यो.

वली शरीर उपर मोह करे नही ते विषे.

छिज्जो भिज्जो जाय खओ, जो इहमे हु सरीरं ॥
अप्पा भावे निम्मलो, जं पावं भवतीरं ॥ ९ ॥

अर्थः—भव्य प्राणी एम चिंतवे जे ए शरीर छीजजाओ, भिजजाओ, क्षय थइ जाओ, विणसी जाओ, ए म्हारूं शरीर पौद्गलिक छे, परवस्तु छे, ते एक दिवसे मूकवुं छे माटे रे प्राणी ! तुं आपणा आत्माने निर्मलपणे ध्यावतो संसारथी तरीने कांठो पामीश.

ए हिज अप्पा सो परमप्पा,
कम्मविसेसोइ जायोअप्पा ॥

इमये देवज्झासुसो परमप्पा,

वहु तुह्मे अप्पो अप्पा ॥ १० ॥

अर्थः—अहो भव्यजीव ! पहीज आपणो आत्मा छे. ते शुद्ध ब्रह्म छे, पण कर्मने वश पड्यो जन्ममरण फरे छे पण ए शरीरमां जे जीव छे ते देव छे, परमात्मा छे, माटे तुमे आपणो आत्मा यावो, तरण तारण जिहाज ए आपणो आत्माज छे एम श्री हेमाचार्ये वीतरागस्तोत्रमा कह्यो छे.

यः परमात्मा परं ज्योतिः, परमःपरमेष्ठिनाम् ॥

आदित्यवर्णं तमसः, परस्तादामनति यम् ॥ १ ॥

सर्वे येनोदमूल्यत, समुलाःक्लेशपादपाः। इत्यादि ॥

अर्थः—परमात्मा छे, परमज्योति छे, पंच परमेष्ठीथी पण अधिक पूज्य छे केमके पंचपरमेष्ठी तो मोक्षमार्गना देखाडनारा छे पण मोक्षमां जनारो तो आपणो जीव छे. अज्ञाननो मिटावनार छे सर्व कर्म क्लेशनो खपावनार छे, एवो आत्मा ध्यावो पहिज परम श्रेयनु कारण छे शुद्ध छे, परम निर्मल छे. एहवो आत्मा उपादेय जाणी सद्दह अने जेवो पोतायी निर्वाह थाय तेवो त्याग वैराग्यमा प्रवर्त्त पटले धन ते परवस्तु जाणी सुपात्रने दान आपे अने इन्द्रियना विकार ते कर्मबंधनां कारण जाणी परिहर, शील पाळे, जे आहार छे ते पौद्गलिक परवस्तु छे, शरीर पुष्टीनुं कारण छे, अने शरीर पुष्ट थकीयाथी इन्द्रियोना विषयनो पोष थाय माटे ते परस्वभाव छे, अज्ञान संसारनुंकारण छे माटे आहारनो त्याग करवो तेने तप कहियें तथा पूजा ते छे श्री अरिहंत देवे मोक्षमार्ग उपदेश्यो ते आपणे जाण्यो माटे आपणा उपकारी छे ते उपकारीनो बहु मान सहित भक्ति करीयें माटे

श्रीअरिहंत देवाधिदेवनी पूजा करवी. एम दान, शील, तप, पूजा सर्व जीव अजीवनुं स्वरूप ओलख्या विना जे करवुं ते पुण्यरूप इंद्रिय सुखनुं कारण छे अने जे जीवने उपादेय करी वांछा विना करे ते निर्ज्जरानुं कारण छे. एम दया पण श्री भगवती सूत्रमां सातावेदनी कर्मनुं कारण छे. एटले सम्यक् ज्ञानीनी सर्व करणी निर्ज्जरारुप छे, अने ज्ञान विना सर्व करणी बंधनुं कारण छे; माटे ज्ञाननो घणो अभ्यास करजो ए भगवंते सीखामण दीधी छे.

तथा ज्ञाननुं कारण श्रुतज्ञान छे तेनो घणो भाव राखजो.

श्रीठाणांगमां तथा उत्तराध्ययनमां १ वाचना, २ पृच्छना, ३ परावर्तना, ४ अनुप्रेक्षा, ५ धर्मकथा. ए सज्झाय भणवा गुणवानुं फल मोक्ष कह्यो छे. सज्झाय करवाथी ज्ञानावरणी कर्म खपावे केमके वाचनाथी तीर्थधर्म प्रवर्त्ते, महानिर्ज्जरा थाय पूछवाथी सूत्र तथा अर्थ शुद्ध थाय, मिथ्यात्व मोहनीय खपावे, ते जेम अर्थ विचार पूछे तेम तेम समकित निर्मळ थाय अने अनुप्रेक्षा ते अर्थ विचारतां सात कर्मनी स्थिति, रस पातला करे. अनंतो संसार खपावीने पातला करे तथा श्रुतज्ञाननी आराधनाथी अज्ञान मिटे एवां फल कह्यां छे.

माटे वांचवा तथा भणवानो घणो उद्यम करवो, केमके आज पांचमा आरामां कोइ केवली नथी तथा मनः पर्यवज्ञानी अने अवधिज्ञानी पण नथी; एक मात्र श्रुतज्ञान—आगमनो आधार छे. यतः—

कहं अम्हारिसा पाणी, दुसमादोसदूसिया ॥
हा अणाहा कहं हुंता, न हुंतो जइ जिणागमो॥१॥

अर्थ—हे भगवंत ! अमसरिखा प्राणीनी शी गति थात

जे अमे आ दुसम पचम कालमा अवतार लीधो. हा! इति खेदे अमे अनाथ छुं (छीए). जो जिनराजना कहेला आगम न होत तो आज शुं थात, एटले आज आगमनोज आधार छे. माटे आगम अने आगमधर जे बहुश्रुत तेनो घणो विनय करवा. आगममां विनयनुं फल ते सांभळवु अने सांभळवानुं फल ज्ञान छे, ज्ञाननुं फल मोक्ष छे, एम आगम सांभळी लेवा योग्य लेजो, छंडवा योग्य छोडजा, सदहणा शुद्ध राखजो, सद्दहणा ते मोक्षनुं मूल छे. ए इन्द्रिय सुख तो आ जीवे अनंतिवार पाम्युं छे. एहवी जाति-जन्म-योनि कोइ रही नथी जे आपणा जीवे नहीं करी होय ए जीवने संसारमां भमतां अनंतां पुद्गल परावर्तन थया पण धर्मनी जोगवाइ मली नहीं तो हवे मनुष्यभव, श्रावक कुल, नीरोग शरीर, पचेन्द्रिय प्रगट, बुद्धि निर्मल, एटला संयोग मल्या. वली श्री वीतरागनी वाणीना कहेनारा शुद्ध गुरुनी जोगवाइ पामीने अहा भव्यलोको! तुमे धर्मने विषे विशेष उद्यम करजो, फरिथी एवी जोगवाइ मिलवी दुर्लभ छे माटे प्रमाद करशो नहीं. ए शरीर, धन, कुटुंब, आयुष्य, सर्व चचल छे, क्षण क्षण छीजे छे, माटे पांच समवाय कारण मल्यां मोक्षरूप कार्य सिद्ध करवु. ते पंचसमवायना नाम कहे छे. १ काल, २ स्वभाव, ३ नियति, ४ पूर्वकृत, ५ पुरुषाकार. ए पांच समवाय माने ते समकीति छे. एमां एक समवाय उथ्थापे तेहने मिथ्यात्वी कहिये एम सम्मति सूत्रमां कह्यो छे.

कालो सहाव नियइ, पुव्वकय पुरिसकारणे पंच ॥
समवाए सम्मत्तं, एगते होइ मिच्छत्त ॥ १ ॥

अर्थः—काल लब्धि विना मोक्षरूप कार्य सिद्ध थाय

नही, एटले काल सर्वनुं कारण छे. जे काले जे कार्य थवानों होय ते कार्य ते कालें थाय, ए काल समवाय अंगीकार करी कह्यो. इहां कोइ पूछे जे अभव्य जीव मोक्षे केम जता नथी ? तेनो उत्तर जे अभव्यने काल मले पण अभव्यमां मुक्ति जवानो स्वभाव नथी तेथी मोक्षे जाय नहीं. केमके काल अने स्वभाव ए बे कारण जोइये. तेवारें फरि पूछ्युं जे भव्य जीवोमां तो मोक्षे जवानो स्वभाव छे तो सर्व भव्य केम मोक्ष जता नथी ? तेने उत्तर जे नियत कहेतां निश्चय समकित गुण जागे तेवारें मोक्ष पामे एटले काल, स्वभाव, नियत ए त्रण कारण मान्या. ते वारे फरि पूछ्युं जे समकित आदि कारण तो श्रेणिक राजाने हतां तो मोक्ष केम न थयो ? तेने उत्तर जे पूर्वकृत कर्म घणां हतां अथवा पुरुषाकार जे उद्यम कर्यो नही. फरी पूछ्युं जे शालिभद्र प्रमुखे तो उद्यम घणो कीधो तेनुं उत्तर जे तेमना पूर्वकृत शुभकर्म खप्यां न हतां माटे पांच समवाय मिल्या कार्यनी सिद्धि थाय, ते वारें फरि पूछ्युं जे मरुदेवा माताने तो चार कारण मिल्या पण पांचमो पुरुषाकार उद्यम कांइ कीधो नही, तेनें उत्तर जे क्षपक श्रेणि चढवानो शुक्ल ध्यान रूप उद्यम कीधो छे, माटे पांच समवाय मीलया मोक्षरूप कार्य सिद्ध थाय.

जेवारें केवलज्ञाने करी सर्व द्रव्य जेम रह्यां छे तेम देखे एटले आकाशद्रव्य लोकालोक प्रमाण छे तेमां अलोकमां बीजुं द्रव्य कोइ नथी. लोकाकाशना एकेक प्रदेशे धर्मास्तिकाय, अधर्मास्तिकायनो एकेक प्रदेश रह्यो छे तथा अनंता जीवना अनंता प्रदेश रह्या छे, अनंता पुद्गल परमाणुआ रह्या छे. कालनो समय सर्वत्र वर्त्ते छे.

हवे छ द्रव्यनी फरसना कहे छे. धर्मास्तिकाशना एक प्रदेशे धर्मास्तिकायना छ प्रदेश फरस्या छे. ते आवी रीते के चार

दिशिना चार अने पांचमो नीचे, छट्ठो उपर, ए छ प्रदेश फरस्या छे, तथा एक मूल पोतें प्रदेश, एम सात प्रदेशनो संबंध छे अने धर्मास्तिकायना एक प्रदेशने आकाशद्रव्य तथा अधर्मास्तिकायना सात सात प्रदेश फरशे छे ते एक मूलना प्रदेशने बीजा द्रव्यनो मूलनो प्रदेश फरशे माटे सात प्रदेशनी फरसना छे अने धर्मास्तिकायना एक प्रदेशें जीव पुद्गलना अनंता प्रदेशनी फरसना छे अने लोकने अंते जे धर्मास्तिकायना प्रदेश छे तेने आकाश फरसनातो छए दिशीनी छे अने एक मूल प्रदेश सुद्धां सात प्रदेशनी फरशना छे अने बीजा द्रव्यनी त्रण दिशीनी फरशना छे. एम सर्व द्रव्यनी फरसना छे अने आकाशथी धर्म अधर्मनी अवगाहना सूक्ष्म छे धर्म अधर्म द्रव्यथी जीवनी अवगाहना सूक्ष्म छे. जीवथी पुद्गलनी अवगाहना सूक्ष्म छे.

एम छ द्रव्यना गुण पर्याय सामान्य स्वभाव ११ छे. अने विशेष स्वभाव दश छे, ते श्रीसिद्ध भगवंत ज्ञानथी जाणे दर्शनथी देखे. ते इग्यार सामान्य स्वभाव कहे छे. १ अस्ति स्वभाव, २ नास्ति स्वभाव, ३ नित्य स्वभाव, ४ अनित्य स्वभाव, ५ एक स्वभाव ६ अनेक स्वभाव, ७ भेद स्वभाव, ८ अभेद स्वभाव, ९ भव्य स्वभाव, १० अभव्य स्वभाव, ११ परम स्वभाव. ए इग्यार सामान्य स्वभाव सर्व द्रव्यमां छे. ए सामान्य उपयोग दर्शन गुणथी देखे. हवे दश विशेष स्वभाव कहे छे. १ चेतन स्वभाव, २ अचेतन स्वभाव, ३ मूर्ति स्वभाव, ४ अमूर्ति स्वभाव, ५ एक प्रदेश स्वभाव, ६ अनेक प्रदेश स्वभाव, ७ शुद्ध स्वभाव, ८ अशुद्ध स्वभाव, ९ विभाव स्वभाव, १० उपचरित स्वभाव. ए दश विशेष स्वभाव छे. ते कोइक द्रव्यमा कोइक स्वभाव छे, कोइक द्रव्यमां कोइक स्वभाव नथी, ए ज्ञानथी जाणे एटले सिद्ध भगवान लोकालोक सर्व ज्ञानोपयोगथी जाणी रह्या छे. दर्शनोप-

योगथी देखी रह्या छे. एहवा अनंत गुणी अरूपी सिद्ध भगवान् छे ते समान पोताना आत्माने जाणे उपादेय करी ध्यावे ते समकिती जाणवो.

॥ दोहा ॥

अष्ट कर्म वन दाहके, भए सिद्ध जिनचन्द ।
ता सम जो अप्पा गणे, वंदे ताको इंद ॥ १ ॥
कर्मरोग औषधसमी, ज्ञान सुधारस वृष्टि ।
शिव सुखामृत सरोवरी, जय जय सम्यक्दृष्टि ॥२॥
एहिज सद्गुरु शीख छे, एहिज शिवपुर माग ।
लेजो निज ज्ञानादि गुण, करजो परगुण त्याग ॥३॥
ज्ञान वृक्ष सेवो भविक, चारित्र समकित मूल ।
अमर अगम पद फल लहो, जिनवर पद्वी फूल॥४॥
संवत सत्तर छिहत्तरे, मनशुद्ध फागुण मास ।
मोटे कोट मरोटमे, वसतां सुख चामास ॥५॥
सुविहित खरतर गच्छसुथिर, युगवर जिनचंद सूर।
पुण्य प्रधान प्रधान गुण, पाठक गुण पंडूर ॥६॥
तास शिष्य पाठक प्रवर, सुमतिसार गुणवंत ।
सकल शास्त्र ज्ञायक गुणी, साधुरंग जसवंत ॥७॥
तास शिष्य पाठक विबुध, जिनमत परमत जाण।
भविक कमल प्रतिबोधवा, राजसार गुरुभाण ॥८॥

ज्ञानधर्म पाठक प्रवर, शमदम गुणे अगोह।
राजहंस गुरु गुरु शक्ति, सहुजग करे सराह ॥९॥
तास शिष्य आगमरुचि, जैन धर्मको दास।
देवचद आनदमें, कीनो ग्रथ प्रकाश ॥ १० ॥
आगमसारोद्धार एह, प्राकृत संस्कृत रूप।
ग्रथ कियो देवचदमुनि, ज्ञानामृत रसकूप ॥११॥
करयो इहां सहाय अति, दुर्गदास शुभचित्त।
समजावन निज मित्रकु, कीनो ग्रंथ पवित्त ॥१२॥
धर्ममित्र जिन धर्म रत, भविजन समकितवंत।
शुद्ध अमरपद ओलखण, ग्रंथ कियो गुणवंत ॥१३॥
तत्त्वज्ञानमय ग्रन्थ यह, जोवे बालाबोध।
निजपर सत्ता सब लिखे, श्रोता लहे प्रबोध ॥१४॥
ता कारण देवचद मुनि, कीनो भाषा ग्रथ।
भणशे गुणशे जे भविक, लहेशे ते शिवपथ ॥१५॥
कथक शुद्ध श्रोतारुचि, मिलजो एह सयोग।
तत्त्वज्ञान श्रद्धा सहित, वलीय काय निरोग ॥१६॥
परमागमसु राचजो, लहेशो परमानद।
धर्मराग गुरु धर्मसौं, धरजो ए सुखवृंद ॥ १७ ॥
ग्रन्थ कियो मनरगसो, सितपख फागुणमास ॥
भोमवार अरु तीज तिथि,सफल फली मन आस॥१८॥

गुणस्थानक विचार.

हवे गुणठाणानो विचार लखीइं छे. प्रथम मिथ्यात्वगुणठाणुं १, सास्वादनगुणठाणुं २, मिश्रगुणठाणुं ३, अविरति समकित गुणठाणुं ४, देशविरति गुणठाणुं ५, प्रमत्त गुणठाणुं ६, अप्रमत्तगुणठाणुं ७, अपूर्वकरण गुणठाणुं ८, अनिवृत्तिवादर गुणठाणुं ९, सूक्ष्मसंपराय गुणठाणुं १०, उपशांतमोह गुणठाणुं ११, क्षीणमोह गुणठाणुं १२, सयोगी केवली गुणठाणुं १३, अयोगी केवलि गुणठाणुं १४, अरिहंतनां भाख्यां वचन साचां करी सद्दहे नहिं ते मिथ्यात्व गुणठाणो कहीइं. तेहना भेद पांच छे. अभिग्गहिय मिथ्यात्व-जे लीधो हठ मुकी सके नहीं १, अनभिग्रहिक मिथ्यात्व जे देव तथा कुदेव तथा गुरु तथा कुगुरु धर्म अधर्म सरिखा करी मांने परीक्षाबुद्धि नहीं २, अभिनिवेशमिथ्यात्व-जे खोटाने खोटुं जाणे पण हठ मुकी सके नहीं ३, सांशयिक मिथ्यात्व-जे केवलिना भाख्या वचन तेमां संशय उपजे पूरी परतीत आवे नहीं ४, अनाभोग मिथ्यात्व-जे कांई जाणपणुं उपजे नहीं एकेंद्रीविकलेंद्रीनी पेरे तथा श्रीठांणागसूत्रे मिथ्यात्वना दश बोल कह्या छे. जीवने अजीव करी माने ते मिथ्यात्व १, तथा अजीवने जीव करी माने ते मिथ्यात्व २, तथा धर्मने अधर्म करी माने ते मिथ्यात्व ३ तथा अधर्मने धर्म करी माने ते मिथ्यात्व ४, मोक्षनो मार्ग ज्ञानदर्शन चारित्र तप तेहने मोक्षमार्ग न माने ते मिथ्यात्व ५, तथा मोक्षनो मार्ग नथी संसारनो हेतु छे तेहने मोक्ष मार्ग करी माने ते मिथ्यात्व ६, तथा मोक्ष गया नथी तेने मोक्ष माने ते मिथ्यात्व ७, जे मोक्षे गया तेहने मोक्ष न माने ते मिथ्यात्व ८, जे साधु विषयविकार त्यागी तेहने असाधु माने ते मिथ्यात्व ९, तथा

जे साधु नथी तेहने साधु करी माने ते मिथ्यात्व १०, ते मिथ्यात्वनी चाल तीन प्रकारनी छे. एक देवगत मिथ्यात्व-ते कुदेव सरागी तेहने देव करी माने बीजो गुरुगत-जे कुगुरुने गुरु करी माने, त्रीजो पर्वगत मिथ्यात्व-ससारी पर्वने धर्मना पर्व करी माने ते मिथ्यात्व. ते मिथ्यात्वनी स्थिति तीन प्रकारनी छे. अनादि अनंतनी अभव्य जीवने, अनादि सात भव्यजीवने, सादिसांत पडवाइने, ते जघन्य अंतर्मुहूर्त उत्कृष्टी अर्द्धपुद्गलपरावर्त्त कांइक उणी छे बीजु गुणठाणुं सास्वादन-ते कोईक जीव उपसमसमकितथी पडतो मिथ्यात्व गुणठाणे प्होतो नथी वचे छआवलिका रहे ते सास्वादन गुणठाणुं कहीई तेहनो दृष्टांत जे कोइ पुरुष खीरखांड घृत जमीने तुरत वमतो होइं ते वमता कांईक स्वाद आवे तिम समकितथी पडतां पिण कांइक वासना रहे तेहने सास्वादन कहिइ त्रीजो गुणठाणो मिश्र-कोइ जीव क्षयोपशम समकितथी पडी मिश्रमोहनीने उदये मिश्रगुणठाणे आवे अथवा मिथ्यात्वथी निकली समकित गुणठाणे आवता वचे मिश्रमोहनीने उदये मिश्रगुणठाणे आवे ते जीव अंतर्मुहूर्त्तकालसीम रहे एहने समकित मिथ्यात्वदृष्टि कहीई. एहनो दृष्टांत कहे छे जे कोइ जीव नालियरद्वीपमां वसतो होइं ते नालियर खाइं तेहने अन्न दीठे राग न उपजे तेम द्वेष पण न उपजे तिम ए जीवने जिन धर्म साचो सांभलतां राग पण न उपजे तेम द्वेष उपजे नहीं एहवा जीवने मिश्रगुणठाणुं कहीइं, एहनी स्थिति अंतर्मुहूर्तनी छे. चायो अविरत समकित, तेहना भेद त्रण छे, तेहनो पहेलो भेद उपसमसमकित-जे जीव अनादि मिथ्यात्व संज्ञीपंचेंद्रीपर्याप्तो कोई कारण पामीने संसारथी उभगे, नरक निगोदथी [illegible] दुःखथी बीहे, वैरागे ए सर्व संसार खोटो जाणे, [illegible] रुचि घणी करे, दयापाले, [illegible] तप करे, [illegible] पाले ते जीव [illegible]

तेता कहीइं, एटली करणोमुधी भव्य तथा अभव्य जीव आवे, नवग्रैवेयकसुधी जाए पण समकित पाम्यो नथी ते माटे लेखामां नावे, तापण काइ जीव वैराग्य परिणामसहित संसारने असार जाणतो साचा धर्मनी परीक्षा करतो सातकर्मनी स्थिति उत्कृष्टी खपावे, एक कोडाकोडी सागरोपम वाकी स्थिति सातकर्मनी रहे तेवारे अपूर्वकरण करे तेवारे एक ज्ञान मार्ग साचो करी माने, बुद्धि सूक्ष्मभाव जाणवानी विशेष थाइं. तेवारे पछे एक आत्मा पाताना शरीरने विषे रह्यो, पण अशरीरी छे, अरूपी छे, अविनाशी छे, अनंतज्ञानमयी, अनंत दर्शनमयी, अनंत चारित्रमयी, अनंतअगुरुलघुमयो, अनंततपमयी, अनंतवीर्यमयी, निर्मल अलेप अखंड छे तेहना प्रदेश असंख्याता छे, प्रदेशे प्रदेशे अनंतागुण, अनंतापर्याय छे, उपयोग लक्षण ते माहरो धर्म छे, ए धर्म ते जे करतां प्रगट थाये, गुणीश्रीअरिहंत, सिद्ध, आचारज, उपाध्याय, साधु तथा सिद्धांत तेहनो विनय तथा वैयावच्च करवो, अरिहंतना आगम प्रमाणप्रतीत राखे ते समकित कहीइं, ते समकितना तिन भेद छे, १ उपसम समकित २ क्षयोपशम समकित ३ क्षायिकसमकित तिहां अनंतानुवंधिकषाय ४ मिथ्यात्वमोहनी, मिश्रमोहनी, समकितमोहनी एसातप्रकृति उदये आवे ते खपावी अने उदये नथी आवी ते विपाके उपसमावी छे, प्रदेसे उदये छे, समकितमोहनी उदय आकरो छे तेणे समकितना अतिचार लागे छे तेहने क्षयोपशम समकित कहीइं, एहनी स्थिति जघन्य अन्तर्मुहुर्त्त छे उत्कृष्टि ६६ छासठिसागरोपम केटलाएक मनुष्यभव अधिक एटली स्थिति रहे ए समकितने पांच अतिचार लागे तेहनां नाम॥शंका— जे आगममां कह्यो ते साचो पीण कांइक संदेह उपजे १. अतिचार. कंखा—बीजा मतना शास्त्र तथा देव हरिहरादिक सरागि तथा ते मतना गुरु सविकारी तेहने कांईक रुडापणे जाणि वांछा करिये २ अतिचार, वितिगिछा—जे धर्मअरिहंतनो कह्यो करीइं पण ए-

इनो फल थासे के नही थाय अथवा जिनसासनथी बीजा मतनी करणी रुडो छे एहवो परिणाम आवे ते ३ अतिचार॥ परसंस-जे परमतनी परसंसा करे, जे बीजा मतना देव तथा लिंगीयाना कष्टकरणी तथा काई चमत्कार देखीने ते उपर राग आवे तेहने पगे लागे तेहना गुण बोले ए ४ अतिचार जाणवो॥ संथवो-जे बीजा मतना देव तथा गुरु तथा ते मतना जे सेवक तेहनो परिचय मेलाप घणो करे बीजा मतनी वात करे सांभले ते पाचमों अतिचार॥ ए क्षयोपशम समकित एक जीवने असंख्यातीवार आवे अने वली असंख्यातीवारजाए, जे आगमने आधारे राखे तेहने रहे. तेपछे क्षायिक समकित थाईं ते क्षायिकनो अर्थ लिखीई छे. ४ अनतानुवधी १ मिथ्यात्व मोहनी २ मिश्रमोहनी ३ समकितमोहनी ए सात प्रकृति सर्वथा जे जीवे खपावीने निरमली परतीत किधी ते क्षायिकसमकितो कहीइं ए आव्या पछे जाय नहीं. ए समकितवाला जीवने दस जातिनी रुचि उपजे ते लिखीइं छे १ निसर्गरुचि-नव तत्त्व छ द्रव्य ८ निक्षेपा सातनय पोतानी बुद्धिथी साचा जाणे ते निसर्गरुचि २ अभिगमरुचि-जे जिनागमनासूक्ष्म अर्थ जाणवानी रुचि गुरुना मुखथी उपदेशथी जाणे ते उपदेशरुचि ३ आणारुचि-श्री अरिहंत केवलीना कह्या वचननी आणा प्रमाण करे ते आणारुचि ४ सूत्ररुचि-जिन सूत्र साभलतां साचा मारगनी परतीत उपजे समकित पामे ५ बीजरुची-सिद्धांतनुं एकपद साभलता वधावोलनु जाणपणुं आवे श्रद्धासमीयाइ ६ अभिगमरुचि-जे ११ अंगादिक ८४ आगम तथा निर्युक्ति भाष्य चूर्णि टीकाना अर्थ जाणे सर्व बोलना परमार्थ जाणवानी रुचि ७ विस्ताररुची ६ द्रव्यनाभाव ४ निक्षेपेसातनये करी च्यार प्रमाणे करी जाणे ८ क्रिया रुचि-जे जीव जिनसासननी क्रिया साची करी सू-

त्रमां कह्यो ते रीते करे आघीपाछी न करे ९ संक्षेपरुचि, जे जीव सिद्धांतना जाण, गीतार्थ आगमने अनुसारे जे अर्थ कहे ते साचा करी माने १० धर्मरुचि–आतमानो धर्म ज्ञान दर्शन चारित्रमयी अरुपी आतमानो परिणाम भावदया प्रमुख गुणी श्री अरिहंतादिकनो बहुमान वेयावच्च ते धर्म करी माने वीजा वाह्य तप वाह्यकिरिया जे आगममां कह्या परमाणे करे ते धर्मनो कारण करी माने ते धर्मरुचि, समकित मोक्षमार्ग मूल छे, समकित विना जे करणि ते संसार खाते छे पण मोक्षमारग न जाणे ए चोथो गुणठाणो कह्यो ४ पांचमो देशविरति गुणठाणो इहां जीवने व्रतपच्चखाण आवे, जघन्ये एक नवकारसीपच्चखाण तथा कंदमूलना पच्चखाण साची श्रद्धासहीत थया होवे तेहने श्रावक कहीइं, उत्कृष्टे इंद्रीसुखनी वांछा विना श्रावकनां वारव्रत पाले ते उत्कृष्टो श्रावक कहीइं वारव्रतनां नाम. १ स्थूलप्राणातिपात विरमण, जे त्रस जीवने निरपराध हणे नहि २ स्थूलमृषावाद विरमण, जे मोटका पांच कन्यालीक १, गवालीक २, भौमालिक ३, थापिणमोसो ४, कुडीसाख न वोले ५ ॥ ३ थूलअदत्तादान विरमण, जे चोरी कीधे राजा दंडे तथा च्यार रुडां माणस ठपको दे अथवा पोताने भय लागे अथवा सामाना जीवने ध्रास्को पडे ते मोटी चोरी करवी नहि ४ थूलमैथुन विरमणव्रत, जे परस्त्री मनुष्यणी तथा तिर्यंचणी तथा देवतानी भोगववी नहीं. पांच इन्द्रीना स्वाद घणा मगनपणे सेवे नहीं ५ थूलपरिग्रह विरमण, जे धनादिक नव भेदनो परिग्रहना पच्चक्खाण करे, ईच्छा परिमाण करे अथवा पोता पासे जे धन होइं ते राखी वीजानो पच्चक्खाण करे ६ दिक परिमाणव्रत, जे च्यार द्रिशा तथा उंचो तथा नीचो दिसो जावानो मान करे ७ भोगोपभोग परिमाण

व्रत जे नीम साचवे, पन्नर कर्मादान न करे, जे पोताने खावे-पीवे तथा वस्त्रोनु मान राखे ८ अनर्थ दंड विरमणव्रत, ते जे मोटका पाप, रंगवां, खेतर खेडवां, भाठो जे चूना प्रमुख न करवानां पच्चक्खाण करे, ९ सामायिकव्रत जे जघन्य २ घडी सुधी ससारनां काम मूकी कुटुंब धननो राग तजी कोइथी द्वेष न करवो एहवो समपरिणाम राखवो ते सामायिक कहिई १० देशावगासिकव्रत जे बे घडीथी च्यार पोहोरथी उणुकाल दिसनुं मानकरि थीरचित्त समतापणे रहेवु ते देसावगासिकव्रत जाणवुं ११ पौपधव्रत च्यार पोहोर अथवा आठ पोहोर सुधी समतापणे साधुपेरे श्रावकवर्ते, मन वचन काया समताई राखे ते पोपधव्रत कहीइ १२ अतिथिसंविभाग वारमु व्रत जे श्रावक ते साधुने विहरावीने पछे जिमवु जो तेहवा साधुनो योग न मिले तो साधर्मिक श्रावकने जीमाडीने जमवा बेसवु बेठा पछे थोडीसीकवार साधुजीनी वाट जोवी इम करतां साधुजी न आव्या तो एहवी भावना भाववी जे धन्य ते श्रावक जे साधुजीने वहोरावीने जिमता हस्ये इम चिंतवी जमवा बेसे ए वारव्रत धरे ते श्रावक कहीइ श्रावकने जघन्य ३ वार उत्कृष्टे ७ वार चैत्य वंदन करवुं, अरिहंतदेवसिद्ध भगवंतने वंदना करवी तथा नित्य पडिक्कमणु बे वार करवुं जो नित्य न थाय तो पाखीनो पडिकमणुं नियमा करवु तथा पच्चक्खाण प्रभातना नोकारसी अवस्य साचववी, रात्रि चउविहार, तिविहार, दुविहार ए ३ मांहि एक पच्चक्खाण अवस्य करवुं. ए पांचमा गुणठाणानी स्थिति जघन्य अंतमुहूर्त्त उत्कृष्टे देशे उणी पूर्वक्रोडी वर्षनी जाणवी ए जीव अढार पाप स्थानक आलोइने निर्मल थयो चारित्र फरसे ते कहे छे, अथ अढारे पाप स्थान लिखीई छे. कोइ भव्य जीव अवसर पामीने जैनागम सूणता संसारथी उभग्यो थको मोक्ष सुखनो

अभिलाप करे पण आलंवन विना कार्य नीपजवो दुक्कर छे तेथी प्रथम देवतत्त्व श्री वितराग अनंत ज्ञानमय अनंत दर्शनमय शुद्ध स्वरूपी आत्म ऋद्धिभोगी आत्मालंवी आत्मपरणामी जेहने अवलंवीने अनंता जीव अव्यावाध सुख वरे, ते देवतत्व. तेहने सेववे सर्वे जीव संसारभयथी छुटे तथा निग्रंथपंच महाव्रतधारी संवरस्वरूपी एक निर्मल मोक्षमार्गने विषे जेहनी दृष्टि छे, शरीर, इन्द्रिय, कषाय, योगनी प्रवृत्ति जीपता मुनिराज अतीतकाल विषय संभालता नथी, वर्त्तमान विषयमां रमता नथी, अनागतकाल विषयनी आसंसा नथी, पोताना अनंतगुणपर्याय निर्मल करवाने उत्कृष्ट उद्यमवंत छे ते साधु महात्मा गुरुपणे धारवा, तथा धर्मतत्त्व–जे जीव द्रव्य असंख्यात प्रदेशी स्याद्वाद रीते पोतानी गुणपर्याय परणति ते धर्म श्री सिद्ध भगवानने प्रगट छे, श्री अरिहंते उपदिस्यो आचार्य ते धर्म साधवाने ज्ञानादिक पंचाचार पाले छे, श्रीउपाध्यायजी ते धर्मनी घोषणा करे छे, साधुनिग्रंथ ते धर्म साधवाने राज्य तजी इन्द्रिय विषय तजी वनमां साधु टोलामध्ये अथवा एकलवासी, वनवासी, गुफानिवासी, पर्वतनी शिला उपर उनाले आतापना शीतकाले नदीने तटे शीत खमे छे, जगत्रयथी अव्यापकपणे रागद्वेष वारता समतामई श्रुतसंपन्न चारित्रसंपन्न विचरे छे तथा देशविरति ते शुद्ध धर्म प्रगट करवा वास्ते देशविरती लेइ सर्व विरतीनी इहा करतो संसार कार्य ते विष पाननी पेरे उदासीनपणे करे छे, सम्यग्दृष्टि ते धर्मनी इहा करतां

कईयासिद्धिलंभो कईयासव्वेगुणनिरावरणा
कईयाअव्वाबाहं, सुहंसमुहंमयेसिज्जे ॥ १ ॥

कईयापुग्गलरहियो रमामिसिवमयल
निरुवमसहावो, पासतोसव्वपय भुजंतोअप्पणोभावं २

ए भावना भाविने धर्मनो अभिलाष करतां संसारप्रवृत्ति तप्त लोहपद धरवानी रीते करे छे, ससारसपदा बालक रमवानां धूलघर समान जाणे छे, ते धर्म प्रगट करवानी रुचि सर्व जीवे करवी. पण ते धर्म आठ कर्म आवर्यो छे ते आठ कर्मने क्षये प्रगटे ते आठ कर्मनो क्षय, पापस्थान आलोयतां थाये ते पापस्थाननी आलोयणा करवी, जे माहरे जीवे संसार भमतां स्वस्वरूपनी भूले हिंसा पापस्थान कर्यो, आपणा ज्ञानादिक प्राण हण्या ते भावहिंसा, अने रागद्वेषे असयमे परना प्राण हण्या ते द्रव्यहिंसा, ते लौकिक रीते पृथ्वीकाय, अप्काय, तेऊकाय, वाउकाय, वनस्पतिकाय, त्रसकाय हण्या, संताप्या, छेद्या भेद्या, तपाव्या, परने संक्लेश उपजाव्यो, परणति संकल्पे प्रवर्त्ते हे श्रीवीतराग तुमें सर्व जाणो छो, ते हिंसाने धर्म करी मान्यो, हिंसामध्ये राच्यो, ए रीते हिंसा पोते ए भवे पाछले अनंतेभवे जे जे हिंसा परिणति करी, करावी, करता अनुमोदि मने, वचने, कायाए ते सर्व श्रीप्रभुजीनी साखे गुरुसाखे मिच्छामिदुक्कडं. ए प्रथम पापस्थान ॥ हवे बीजो पापस्थान ते मृषावाद जे जूठु बोलवु, लौकिक ससारकाममध्ये, लोकोत्तर धर्मकार्यमध्ये, ते पिण भाव मृषावाद स्वस्वरूपशुद्ध अध्यात्मभाव पोतानी परणतिने पोतानी न माने, शरीर इन्द्रिय धन कुटुम्ब ते परभाव संसार हेतु दुष्टता मूल तेहने पोताना कहे, क्रोधे मृषा बोले, भये मृषा बोले, लोभे मृषा बोले ते सर्व माहरे जीवे ससार भमता चार गतिमाही जे मृषावाद बोल्या होय, बोलाव्या होय, बोलता

अनुमोद्या होय, ते सर्व मने वचने कायाए श्रीप्रभुजीनी साखे, गुरुसाखे, आत्मसाखे मिच्छामिदुक्कडं. हवे त्रीजो पापस्थानक अदत्तादान—ते जे पारकी वस्तु अणदीधी लेवी ते लौकिक, जे संसारी असंयमीना धन, कंचन, द्विपद, चतुष्पद, आदिक अणदीधा लेवा, लोकोत्तर ते जे चैत्यउपगरण पूजाउपगरण चारित्रउपगरण तेहनो चोरवो. बाह्य वस्तुनो लेवो, ते द्रव्य, भाव ते जीव परपुद्गल खंधादिकनो आत्माने विषे ग्राहकतारुप परिणमन कर्यो हवे, कराव्यो हवे, करतां अनुमोद्यो हवे, ते सर्व मन वचन कायाए. श्रीप्रभुजीनी साखे, गुरुसाखे, आत्मसाखे मिच्छामिदुक्कडं. हवे चोथो पापस्थान मैथुन—जे कामी भोगीपणे इन्द्रि विषे पुद्गलना वर्णादिकनो भोगववो, लोकोत्तर धर्मलिंगे धर्मी महाजन, साधु, साध्वी, धर्मोपकरण, चैत्यादिने विषे इन्द्रिनी पोषणा करवी ते वली द्रव्यथी त्रण वेदना उदये जे कामविकारीपणे भोगविलासादिक, भावथी आत्मपरिणति परभोगीपणे पर वस्तु अशुचिपरिणाममध्ये रमणीकता ते माहारे जीवे, एकेन्द्रियपणे, बेरिन्द्रियपणे, तेरिन्द्रिपणे, चौरिन्द्रिपणे, पंचेन्द्रिपणे १ फरसन २ रसन ३ घ्राण ४ चक्षु ५ श्रोत्रेन्द्रिय पांच इन्द्रियना त्रेवीस विषय वांच्छ्या, सेव्या, सेवाव्या, वतां अनुमोद्या होइं ते मन वचन कायाए करी श्रीप्रभुजीनी साखे आत्म साखे मिच्छामिदुक्कडं. हवे पांचमो पापस्थान परिग्रह—जे कोइ आत्मधर्मथी अन्यभाव संरक्षणा परिणामे राखवा ते, लौकिक परिग्रह द्विपद चतुःपद धनधान्य गृहखेत्र वस्त्रप्रमुख, लोकोत्तर परिग्रह सम्यक्त्वनो हेतु मोक्षकारण श्री अरिहंतनो चैत्य तथा जिनबिंब तथा ज्ञाननो कारण पुस्तक नवकारवाली प्रमुखचारित्रनां उपगरण तेहने ममत्वभावे ग्रहे, द्रव्य परिग्रह पुद्गल खंधादि ममत्वभावे ग्रहे, भावपरिग्रह क्रोधादिक अशुद्ध

परिणाम परभावस्वामित्वग्राहकत्वादिक परिणति ते परिग्रह राख्यो हवे, परद्रव्यनी इच्छा करी हवे, परिग्रह सुख मान्यो हवे, परिग्रह वास्ते धर्म आचरण करयो हवे ते परिग्रह पापस्थान मने वचने कायाए करी सेव्यो, सेवाव्यो होय सेवतां अनुमोद्यो होवे ते श्रीअरिहंतनी साखे गुरुसाखे आत्मसाखे मिच्छामिदुक्कडं हवे छठो पापस्थानक क्रोध–तप्त परिणाम क्षमानो रोधक ते लौकिक भाई पिता प्रमुख कुटुम्ब उपर तथा अन्य जीव उपर क्रोध परिणाम, लोकोत्तर देवगुरु सार्धर्मिक उपर क्रोध परिणाम ते द्रव्यत तथा सकठोरता भाव रुद्र परिणाम ते जो कोई रीतनो अप्रशस्त क्रोध कर्यो होवे कराव्यो होवे करता अनुमोद्यो होवे ते श्री त्रिभुवनपति निरंजन देवनी साखे गुरुसाखे आत्मसाखे मिच्छामिदुक्कडं हवे सातमो पापस्थान मान, अहंकार १ रुपनो, धननो, राज्यनो, परिवारनो, बलनो, तपनो, विद्यानो, कुलनो तथा गुणी नहीं ने गुणीनो मान, आचार्य उपाध्याय साधुपणानो अभिमान, ससारकार्य यशाभिलापे मान, धर्मकार्य संघयात्राचैत्य प्रमुखनो कराव्या रखवाल्यानो मान कर्यो हवे, लौकिक वाह्यलोकोत्तर गुणनो गुणथी, महत्व कर्यो हवे ते सर्व मने वचने कायाइ करि कर्यो हवे कराव्यो होवे करता अनुमोद्यो होवे ते श्रीप्रभुजीनी साखे आत्मसाखे मिछामिदुक्कड. हवे आठमो पापस्थान माया कपट–वक्रता जे कोइथी वचननो द्रोह ठगाइ करवी ते माया लौकिक संसारी संबधथी, लोकोत्तर आचार्य साधु सार्धर्मिकथी, धर्म पद्धतिनो कपट करवो ते द्रव्यत कोइने वंचवो, ते भावतः आर्ज्जवता रहित परिणामे जे माहरे जीवे कर्यो कराव्यो करतां अनुमोद्यो ते मने वचने कायाए करी श्रीजगवत्सल परम करुणानिधिनी साखे गुरु यथार्थवादीनी साखे, आत्म साखे मिछामिदुक्कड

हवे नवमो पापस्थान लोभ, लालची परिणाम इच्छा गृद्धता ते लौकिक, बाह्य पोताने इष्ट वस्तु तेहनी लालच जे घणी जडे इन्द्रिय सुख प्रमुख आवे एहवो परिणाम ते लोभ, लोकोत्तर धर्मलिंगे धन विषय जसनो लाभ वांछे ए द्रव्यतः कह्युं, जे भावतः परभावाभिलाष सर्व ते जे माहारे जीवे कर्यो कराव्यो करतां अनुमोद्यो ते मने करि वचने करि कायाये करि श्री प्रभुजीनी साखे गुरु साखे आत्म साखे मिछामिदुकडं. हवे दसमो पापस्थान रागप्रीत परिणाम-वाल्हास जे जीव अजीव पोताने विषे पोषणीये लौकिक तथा लोकोत्तरथी द्रव्य तथा भावथी ते राग परिणति अनंति आत्माथी उपनी अन्य द्रव्यने विषे तेना उदिकनी रीझ ते माहारे जीवे करी करावो करतां अनुमोदि ते सर्व मने करी वचने कायाए करी श्री अरिहंतनी साखे गुरुनी साखे मिछामिदुक्कडं. हवे अग्यारमो पाप-स्थानक द्वेष अप्रीति परिणाम-जीव तथा अजीव उपर पोतानी विषयादि इष्टताये अपूरातां जे असुहामणां ते लौकिक उपर द्वेष तथा लोकोत्तर उपर द्वेष जे कर्यो होवे कराव्यो होवे करता प्रत्ये अनुमोद्यो होवे ते मने वचने कायाये करी ते श्रीसर्वज्ञनी साखे गुरु साखे मिछामिदुक्कडं. हवे बारमो पापस्थान कलह वढवाड-कोइथी द्रव्य वासते जस वडाइ वासते आक्रोश कुवचनादिक करवा तथा धर्म मध्ये नामगावा वासते, कुयुक्तिये पोतानो मत थापवाने जे कलह करवे प्रशस्त करतां अप्रशस्त थयुं होवे ते सर्व मने वचने कायाए करी कर्युं कराव्युं अनुमोद्युं ते देवसाखे गुरुसाखे आत्मसाखे मिच्छामिदुक्कडं. तथा तेरमो पापस्थान अभ्याख्यान-कुडोआल देवो द्वेषे तथा हास्ये गुणीना गुण ओलववा, आगलाने सहसात्कारे हिणो वचन कहेवो तथा वस्तुगते लोपीने फट्कार करवो ते लौकिक

अन्यजीवने संसारी रीते, लोकोत्तर अरिहन्त सिद्ध आचार्य उपाध्याय साधु सार्धर्मिक देशविरति समकिती तेहनी औदयि चाल देखी कलंक देवो ते अभ्याख्यान कर्या होवे, कराव्या होवे करतां अनुमोद्या होवे ते मने वचने कायाए करी श्री प्रभुजीनी साखे गुरुसाखे आत्मसाखे मिच्छामिदुक्कड. हवे चउदमो पापस्थान पैशुन्य-पारकी चाडी करवी ते जे द्वेषे थाये आगल्या जीवने कष्ट असातानो हेतु राजा तथा आचार्यादिक अधिक आगल तेहना छता अथवा अछता दोष कही तेहनो आश्रय भांजवो ते पैशून्य कहीये ते जे माहारे जीवे कर्यो कराव्यो करतां अनुमोद्यो मने वचने कायायें करी श्री प्रभुजीनी साखे आत्म साखे गुरु साखे मिच्छादि दुक्कडं. पन्नरमो पापस्थान रति तथा अरति उपजे असाता दुःखवियोग हानिप्रमुख उपजे जे अरति आकुलता किहांइ सुहाय नही ते अरति लौकिक विषयनी ऊणी असुहामणे, तथा लोकोत्तर आगम सुणता देरयात्राये तप सामायकपोसह भणवो प्रमुख ते मध्ये अरति करि होवे तथा रति, इन्द्रि विषयमध्ये रीझ सुहामण रक्तता विश्राम ते रति लौकिक, तथा लोकोत्तर चैत्य पुस्तकादिकनी सुन्दरता देखीने जे इंद्रि जिपे रीझ पामे ते रीझ ए नवा कर्म बांधवाने आकरी चिकणता जे माहरे जीवे करी, करावी, करता अनुमोदी ते मने वचने कायाये करी श्रीपरमात्मानी साखे गुरुनी साखे आत्म साखे मिछामिदुक्कडं कर्यो कराव्यो करता अनुमोद्यो मने वचने कायाए करी श्रीप्रभुजीनी साखे, आत्मसाखे गुरू साखे मिछामिदुक्कड सोळमो पापस्थान परपरिवाद, पारकी निंदा ते द्वेषे पारका अवगुण कह्या, कोइना अपजस वासते पारकी कुथली करी अथवा सामा मनुष्यने खिसाणो पाडवा माटे जे निंदा करी ते मध्ये लौकिक ते जे ससारी जीवनी, लोकोत्तर गुणी जैनमार्ग अवलंबता मार्गानुसारिथी मांडी सिद्ध भगवान लगे जे

अवर्णवाद बोलवो ते बोल्यो होवे बोलाव्यो होवे बोलताने अनुमोद्यो होवे ते मन वचन कायाए करीने श्रीप्रभुजीनी साखे, गुरु साखे, आतम साखे मिछामिदुक्कडं. हवे सत्तरमो पापस्थान माया मृषा-कपटे परने ठगवा वास्ते मिट्ठं बोले, कोइ कपटलिंग वगलानी पेरे देखाडीने गुणी नहि ने गुणी रीते वंदाववो, पूजाववो, मनाववो, कराववो, अथवा लौकिक वचने व्यापार प्रमुख मध्ये कपटे मृषा बोले तथा धर्म-चाले जैनागम मध्ये कपट रीते प्रवृत्ति करवी ते लिंगी जीव प्रमुख करवां ते जे माहारे जीवे कर्यां कराव्यां करतो अनुमोद्या ते मने वचने कायाए करी श्रीप्रभुजीनी साखे गुरु साखे आत्म साखे मिछामिदुक्कडं. हवे अढारमो पापस्थान मिथ्यात्व-जे कुदेव विषयी कर्माधिन परिग्रही पुण्यप्रकृति भोगि तेहने देव माने, कुगुरु चारित्रधर्म रहित जे अन्य लिंगी तथा स्वलिंगी गुणभ्रष्ट परिग्रहनो लोभी अढार पापस्थान भर्या ते गुरु करी माने, धर्म यथार्थ आत्मपरिणति विना अथवा तेहना साधन विना धर्म माने तथा जीवादिक नव तत्त्व जिम वस्तुधर्म वस्तु-पणे पोतानो परिणति छे, षटद्रव्ये जिम पोतानी परिणति गुणपर्याय स्वभाव स्याद्वाद रीते जिम छे तिम न सद्दहे कल्पित रीते सद्दहे तेने मिथ्यात्व कहे छे, तेहना मूल भेद ५ पहेलो अभिग्रह मिथ्यात्व-खोटो कदाग्रह झाल्यो मूके नहि २ अनभिग्रह मिथ्यात्व गुणअवगुण परख्या विना सर्व सरिखा माने ३ अभिनिवेश मिथ्यात्व. जाणीने खोटो कदाग्रह खेंचे ४ संशयमिथ्यात्व जे सर्व संशय मध्ये रहे ५ अनाभोग मिथ्यात्व जे कांइ जाणे नहि तथा साध्य साधन निमित्त तथा उपादान उत्सर्ग अपवाद विपर्यास रीते करि एहवी अशुद्ध सद्दहणा जे वेदांतादिकनी ते सर्व मिथ्यात्व जाणवो, ते जे सेव्यो होवे, सेवाव्यो होवे सेवतां अनुमोद्या होवे मने वचने कायाए करीने ते श्रीप्रभुजीनी साखे

गुरुसाखे आत्मसाखे मिच्छामिदुक्कड, ते मिथ्यात्व जीवने महादुःखकारी छे, अनादि संसारनो बीज छे, लोकोत्तर श्री जिनेन्द्रनो कह्यो शुद्धमार्ग जीव पामे नही ते मिथ्यात्व महा पापस्थान छे ते थका धर्म करणी पिण साधक न थाय ते माटे मिथ्यात्वनो पश्चात्ताप घणो करवो, ते मिथ्यात्व टलतो नथी ते जे पूर्वे जीवे गुणीनी आशातना तथा गुणनो अनादर कर्यो छे ते महागुणी अरिहन्त देव तेहनी भक्तिने काजे उत्तम भव्य-जीवे जे धनादिक रह्यो थको पोताना आत्माने तथा अन्य संसारी जीवने सिण (स्नेह) सरागता, परिग्रहता हिंसादि-कनो हेतु थाये, तिणे गुणीनी भक्ति जोडतो निरधिकरणी थाये, ते माटे जे अरिहंतनी भक्ति कारजे कर्यो जे धनादिक ते देवको कहिये, ते जे खाधो होवे अथवा पोते विणसाड्यो होवे अथवा उवेल्यो होवे ते सर्व देवकाना दूषण थयो, ते माटे देवकादोषनी आलोयणा करवी ते लखीये छे, जे माहारे जीवे एकेन्द्रि पृथ्वी-कायपणे जिनबिंबादिकनी आशातना करी अथवा पृथ्वीकायपणे मुक्यां जे शरीर तेहथी जे गुणी अथवा गुणीनी थापना चैत्या-दिक तेहने व्याघात थयो तथा अपकायपणे पाणिमे चैत्य वहेव-राव्या पाड्या जिन बिंब वहाव्यां तथा अग्निकायपणे जे चैत्य-बिंबादिक बाल्या होवे, तथा वायुकायपणे चैत्य पाड्यो होवे, तथा वनस्पतिकायपणे जे चैत्य मध्ये रुखडा झाड पणे उगीने चैत्य पाड्या होवे, त्रसकायपणे चैत्यमध्ये मालादिक करी रह्या हुवे पचीने भवे चैत्य तथा जिनबिंब उपर बेसी असमंजस आचरण कर्यां होवे, तथा देवकाद्रव्य मनुष्यपणे जाणी तथा जाण्या विना खाधा होवे अथवा अविधि वावर्या होवे तथा देवका उपर अन्याय हुकम कर्या होवे, अथवा देवकी वस्तु वावरीने पोताना यश बोलाव्या होवे, देवका दोकडा व्याजे

राखी थोडो व्याज भरी आप्यो होवे अने घणो लाभ लीधो होवे, तथा बीजी पण देवथी इन्द्रि सुख यशवडाइ प्रमुख जे करी होवे तथा अरिहंत देव प्रते सांसारिक कामे मान्या इच्छा होवे ते मने वचने कायाए करी मिच्छामिदुक्कडं. हिवे माहारे ए कार्य अशुद्धाचरणरूप न करवुं आज पछी माहारो आत्मा अनंनगुणमयी प्रगट करवानी रुचि करवी श्रीअरिहंतनो कह्यो मार्ग तहत्त करी सर्द्दहवो, अन्य सर्व मिथ्या, श्रीवीतरागे कह्यो, निग्रंथे आचर्यो, समकिती जीवे सद्दह्यो, श्रीगणधर देवे आगम मध्ये गूंथ्यो, शुद्ध धर्म माहारो तथा सर्व जीवनो हित छे ते माहरे प्रमाण ते सदहवो, ते जाणवो, ते आदरवो, ते नीपजाववो. जे समये समये गुणस्थान चढी कर्मक्षय करी संलेशी अंते पोतानी सिद्ध संपदा प्रगट थास्ये ते समयसार मानवो, अने जेने ए मारगनी परतीत प्रगटी तेने शरणे रहेवो तथा साध्य शुद्धसत्ता साधन गुणठाणे चढी ते रत्नत्रयी परणमवी ए मार्ग माहरो सदा अविहड होज्यो इति ॥

॥ दूहा ॥

परम अध्यात्मने लखे, सद्गुरुकेरे संग;
तिणकुं भव सफलो हवे, अविहड प्रगटे रंग. १

धर्मध्यानको हेत यह, शिवसाधनको खेत;
ऐसो अवसर कब मिले, चेत सके तो चेत. २

वक्ता श्रोता सम मिले, प्रगटे निजगुणरूप;
अक्षय खजानो ज्ञानको, तीन भूवनको भुप. ३

एह पत्र अनुप हे, समझे जे चित्तलाय,
देवचंद्रकवि इम कहे, निज आतम थिर थाय. ४

इति अढार पापस्थान जाणवां. हवे छट्ठो गुणठाणो प्रमत्त साधु एहवे नामे कहीये जे प्रत्याख्यानी चोकडीनो उदय टल्यो सर्व विरति प्रगटी, संयम साधन माटे पौद्गलिक भावे ग्रहे पण पुद्गलने भोगिपणे ग्रहे नहीं. स्वरूपरमणी आत्मधर्म थिरता रूप सर्व-परभाव उपर अग्राहकतारूप चारित्रधर्म प्रगटयो छे ते साधु उत्सर्ग अपवाद मार्गेपंचमहाव्रत पाले छे, तिहा द्रव्यभाव पच महाव्रत सहित पांच समिति, तीन गुपतिना, दश यति धर्मना पात्रथका निराशसी एक आत्मा निर्मल करवाना उद्यमथकी विचरे ते पंच महाव्रत, तिहा पहेलो महाव्रत–सव्वाओपाणाईवायाओवि-रमणं " विवहारे छकायना जीवना द्रव्य प्राण १० हणे नही हणावे नहीं हणताने अनुमोदे नही. मन वचन कायाए करीने, निश्चयथी ज्ञानदर्शन चारित्र सुख प्रमुख भावप्राण पोताना पर-ना कर्म आवरणपणे हणे नहि, हणावे नहि, हणता अनुमोद्ये नहीं, तथा बीजे महाव्रते, सव्वाओ मोसा वायाओ वेरमणं. द्रव्यतः क्रोधे, माने, मायाए, लोभे, सूक्ष्मबादर लौकिक तथा लोकोत्तर जूठुं पोते बोले नही, बोलाये नहि, बोलता अनुमोद्ये नहि, मन वचन कायाए करी, भावथी सर्व द्रव्य पर्यायनो य-थार्थ जाणवो, सत्य भासनरूप ज्ञायकता शक्ति साधि ज्ञान सत्यपणे पाले तथा श्री वीतरागना आगम प्रमाणे अर्थ भाव छे तेहनी सद्दाय करे, जेहथी पोताना ज्ञानदर्शन चारित्र निर्मल थाये ते भाषा बोले. त्रीजा महाव्रत सव्वाओ अदिन्नादाणाओ वेरमणं" जे द्रव्य ते त्रण तुस मात्र पण अण दीधो लेवे नही, लेवरावे नही, जे लेवे तेहने सारो कहे नहीं, मने वचने कायाए

करीने लौंकिक चोरी जे संसारी जीवनी वस्तु चोरी लेवी, लोकोत्तर चोरी जे तीर्थंकर आणमे जे न लेवानो कह्यो ते लेवो ते चोरी न करे, भावथी आत्मानी ग्राहकता शक्ति ते स्वरूप ग्रहणरूप कार्यना कर्ता छे ते अनादिनी परभाव ग्राहकता करी रह्युं छे ते निवारीने स्वरूप ग्राहकपणे परणमावे, ते अदत्तादान विमरणव्रत थयो. ते अदत्तादान चार भेदे छे ते तीर्थंकर अदत्त–जे तीर्थंकरनी आणामें न लेवो कह्यो सर्व परभाव ते लेवे बीजो गुरुअदत्त–जे गुरु परंपरा विना सूत्र अर्थ कहेवा त्रीजो स्वामी अदत्त जे वस्तुना जे धणी होवे तेनी अणदीधी जे वस्तु लेवी ते चोथुं जीव अदत्त–जे कोइ जीवे एम कह्यो नथी जे माहरा प्राण हणो अने पोताने इंद्री स्वाद माटे परजीवना प्राणहणे ते जीव अदत्त तथा प्रशस्त काम करतां कोइ जीवना प्राणघात थाये ते श्री भगवंते हिंसा कही नथी, ते विनय तथा वैयावच्चमां गण्युं छे ए द्रव्यभाव अदत्तादान त्रिविधि त्रिविधिपणे होवे. चोथे महाव्रते "सव्वाओ मेहुणाओ वेरमणं" जे द्रव्यथी पांच इंद्रिना त्रेवीस विषय सेवे नही, सेवतां अनुमोदे नहीं, मनुष्य तिर्यंच देवताना विषयनी वांछा न करे, न करावे, अनुमोदे नही, भावथी जे आत्मा द्रव्य आत्म गुणनो भोगी छे ते पण करम करवा माटे परभावने भोगवे ते भाव मैथुन छे, ते सर्व परभाव भागीपणे भोगवे नही, ते आत्मानिःकर्मी करवा माटे, परभाव साधनपणे ग्रहे पण अभोग्य अग्राह्यपणे अरमणिक माने, जे माहरो आत्मा आत्मानंदना भोगी ते परभाव अनंत जीवे अनंतवार लइ भोगवीने वम्यो ते मने ग्रहवो भोगववो घटे नही ए अनंत जीवे अनंतीवार भोगवी जे ऐंठ जडचल तेहने हुं भोगवुं नहीं इम सर्व परभाव भोगीपणो तजी स्वभाव भोक्तापणे रहेवा ते. द्रव्यथी मैथुनना कारणरूपी खंध

मिल्या जाणशो, खेत्रथी मैथुन तीन लोकने विषे ईंद्रीना सवादनी ईच्छा, कालथी मैथुन दिवस तथा रात्री, भावथी मैथुन रागथी तथा द्वेषथी, ते सर्वथी सेववो नहीं तेहनी वाड नवे पालशी. पहेली वाडे जे थानके स्त्री पशु पडक रहे ते थानके ब्रह्मचारीए रात्रीये रहेवुं नहीं. बीजी वाडे स्त्री साथे हासि तथा कामकथा करवी नहीं, त्रीजी वाडे जे पीठ पाटले स्त्री बेठी होये ते पाटले बे घडी लगे ब्रह्मचारी पुरुषे बेसवुं नहीं, स्त्रीये तीन पहोर लगे बेसवुं नहीं. चोथी वाडे स्त्रीनुं रूप नजर जोडीनेजोवु नहीं. पांचमी वाडे जिहां स्त्री भरतार काम भोग भोगवता होवे ते भींतने अंतरे ब्रह्मचारीये राते रहेवुं नहीं, तेहना शब्द काने पडवा देवा नहीं. छट्ठी वाडे गृहस्थपणे जे भोग भोगव्या ते सभारवा नहीं. सातमी वाडे सरस आहार जेहथी काम दीपे ते आहार करवो नहीं. आठमी वाडे अतिमात्राए आहार करवो नहीं, नवमी वाडे शरीर सिणगार लुगडानो तथा घरेणानो करशो नहीं, सनान उगटणा न करवा, एकली स्त्री साथे एकलुं वाटे चालवुं नहीं, तथा नानु बालक तथा बालिकाथी एक शय्याए सुवु नहीं, सात वरस पछें. पांचमे महाव्रते "सव्वाओ परिग्गहाओ वेरमणं" जे द्रव्यथी परिग्रह सूक्ष्मबादर राखे नहीं रखावे नहीं, राखे तेहने अनुमोदे नही, जे सयम पालवा माटे सुखे सिझाय थाये ते माटे उपकरण १४ राखे, कारणे अधिको जोइए तो गृहस्थनाथका पाडेरुं वापरे ए थिरकल्पीनो विवहार छे, जिनकल्पी कोइ उपगरण न राखे, अपवादे दश उपगरण राखे. बार कषायउदय टल्या तेहने छट्ठो गुणठाणो कहीये-साधु कहीये. पण ५ परमाद सेवे १ निद्रा २ विकथा ३ आहार ४ अल्पविषय ५ मानादिक ए अल्प सेवे, अनाभोगे जाणे, सेवे नहीं. ए छट्ठा गुणठाणानी स्थिति जघन्ये एक समय उत्कृष्ठे अंतर्मुहुर्त ए

गुणठाणे १ सामायिक, २ छेदोपस्थापनीय, ३ परिहार विशुद्धि ए तीन चारित्र छे. तेहनो स्वरूप जे परभाव परित्यागे स्वरूप एकत्व ते चारित्र कहीये ते मध्ये जे तजवा योग्य भाव तजे ते द्वेष विना, अने रत्नत्रयीजे आत्म धर्म ते ग्रहे स्वधर्म माटे. पण लौकिकादिक इष्टता राग विना. एहवो समपरिणाम ते सामायिक कहीए, तथा जे सामायक मध्ये संज्वलनना तीव्रोदये जे आकरा अतिचारे अथवा वार कषायने उदये असंजमपरिणाम फरसे जे पूर्व पर्याय छेदीने अभिनव निर्मल पर्यायनो अंगीकार करवो ते छेदोपस्थापनीय कहीये, अने छेदोपस्थानीचारित्र भरत ५ तथा ऐरवत ५ ते मध्ये प्रथम चरम तीर्थंकरना साधुजीने होवे तथा तीर्थंकर तथा गणधरजीना शिष्य नव पूर्वथी उपरांत श्रुतवन्त मध्य युवान वयी प्रथम संघयणे अढार मासनो उग्रंतप ते अप्रमादी निद्रा रहित नवजणा वनवासी थका जे तप करे ते परिहार विशुद्ध चारित्र कहिजे, दशमे गुणठाणे शुक्लध्यान तथा सूक्ष्म लोभनो उदय छे ते सूक्ष्म संपराय चारित्र कहिजे, तथा सर्वथा कषायना उदय नथी ते यथाख्यात चारित्र कहिजे ते मध्ये ११ मे गुणठाणे उपशांत यथाख्यात छे १२, १३, १४ मे गुणठाणे क्षायिक यथाख्यात छे, हवे सातमो अप्रमत्त गुणठाणो लिखीये छे, छट्ठे गुणठाणे जे भाव साधुजीना कह्या ते सर्व होवे पण पांच प्रमाद न होवे, ते माटे अप्रमाद, ए छट्ठे गुणठाणे वरततो साधु जिनशासनने कामे लब्धि फोरवे पण सातमे गुणाठणे वरततो साधु लब्धि न फोरवे, एहनी स्थिति जघन्य एक समय उत्कृष्ट अंतर्मुहूर्तनी छे. छट्ठे तथा सातमे गुणठाणे मिलीने साधु देशे उणी पूर्व कोडी रहे. श्री भगवतीसूत्रे ए बे गुणठाणानी देशे उणी पूर्व कोडी स्थिति जूदी कही छे. ते व्यवहारनये छे, समय तथा बे समय वच्चे गुणठाणो पलटे

ते गवेल्यो नथी ते माटे अंतर्मुहुर्तनी स्थिति कही छे, सातमे बे गुणठाणे सामायिक तथा छेदोपस्थापनीय तथा परिहार विशुद्धि चारित्र छे, तथा सातमे गुणठाणे साधु लब्धि फोरवे नहि, अने छठा गुणठाणाना साधु जिनशासनने काजे लब्धि फोरवे तेनुं साधुपणुं जाय नहीं. आठमो अपूर्वकरण गुणठाणो-जे जीव भावनाभावतो आत्मानो स्वरूप अनतज्ञानमयी, अनंतदर्शनमयी, अनतचारित्रमयी, अनन्तदानमयी, अनन्तलाभमयी, अनन्तभोगमयी, अनंतउपभोगमयी, अनन्तवीर्यमयी, अनन्त अव्याबाधसुखमयी, परमआनदमयी, अरूपी, अवेदी, अकषाई, अलेसी, अशरीरी, अनाहारी, सर्व आनन्दरूप माहारो धर्म छे ए शरीर, आहार ते हुं नहीं, एहवी भावनामांहे परणम्यो जीव शुक्लध्याननो पहेलो पायो ध्यावे, इहां पांच अपूर्वकरण करे पूर्वे किवारे नकरयां होय ते करे, तेहनां नाम पहेलो अपूर्वकरण थितिघात जे जीव कने असख्याता थित जगन्य थोकडा हता ते करमथिति सघली खपावी अथवा उपशमावी बीजो अपूर्वसंघात जे कर्मना रस चीकणास हती ते खपावी पातछुं करवुं, त्रीजो अपूर्वगुण श्रेणि जे जीवने सत्तामांहे करमदल हतां ते सर्वे विखेरी नाखवां, चोथो अपूर्वगुणसंक्रम आतमाना गुणमे रमवो, पांचमो अपूर्व जे नवोस्थितिबंध न करवो एहवा परिणाममयी कषाय खपावीने आतमा शीतल परिणामे परिणम्यो कर्म निर्जरा करे ते. ए गुणठाणे जघन्य एक समय उत्कृष्ट अंतर्मुहुर्तनी स्थिति छे, ए गुणठाणे चारित्र सामायिक तथा छेदोपस्थापनीय ए बे छे नवमो गुणठाणो अनिवृत्तिबादर छे ते शुक्लध्याननो पहेलो पायो तेथी आवे, ए गुणठाणे वर्तता जीव एक अध्यवसाये जेटला होये तेटला सर्वनो एक सरखो परिणाम एक सरखो संवर, एक सरखी निर्जरा. एहने सामायिक

तथा छेदोपस्थापनीय ए बे चारित्र होवे, एहने अंते तीन वेद जाये तथा तीन कषाय संजलनो क्रोधमान माया लोभ जाये ए गुणठाणे संख्याता जीव होये. ए गुणठाणानी स्थिति जघन्य एक समय उत्कृष्ट अंतर्मुहुर्तनी छे. दशमो गुणठाणो सूक्ष्म संपराय इहां सूक्ष्म संज्वलननो लोभ उदय होवे. इहां बे जातना जीव पामीये, उपशम श्रेणि तथा क्षपक श्रेणि. कर्मने उपशमावेते उपशम श्रेणि, क्षपकश्रेणि कर्म मोहनीने खपावे, ए गुणठाणे एक सूक्ष्म संपदाय चारित्र होवे, ध्यान शुक्ल होवे, परिणाम निर्मल होवे, ते अवेदी छे एहनी स्थिति जघन्य एक समय उत्कृष्ट अंतर्मुहर्तनी छे. इग्यारमो गुणठाणो उपशांतमोह तिहां जे जीव उपशम श्रेणि आठमेछतोघोलना परिणामशांत मोह कर्मनी प्रकृतिउपशमावतो जाय ते तेहनो उठाणधुरथीज उपशमावानो छे ते नवमे आवी मोहप्रकृति उपशमावी दशमे लोभ उपशमावीने कषायना उदयरहीत छे ते इग्यारमे आवे ते ×यथाख्यात चारित्र पामे, एहने चोवीस संपरायकी क्रिया उतरी एकइरियावहिकी क्रिया रहे. प्रकृति तथा परदेश ए बे बंध रह्या छे हेतु न बांधे, बंध एक सातावेदनीनो छे, ध्यान शुक्ल छे. ए गुणठाणे जे जीव मरण पाम्या पछी चोथे गुणठाणे आवे ते देवता लवसत्तमीया थाए, एकावतारी थाए. अथवा कोइक जीव अगीयारमे गुणठाणे जइ पाछो पडे ते इग्यारमांथी दशमे आवे, दशमाथी नवमे आवे, नवमेथी आठमे आवे, आठमेथी सातमे आवे, सातमेथी छट्ठे आवे. इहांथी पाछो पडे न चढे तो पाछो पांचमे गुणठाणे आवे, पांचमाथी चोथे आवे, जो क्षायक समकिती होए तो चोथे गुणठाणे टके, अने उपशम समकिती होए तो चोथाथी पडी बीजे सा-

+ पडी पाछो क्षपक श्रेणी चढी.

स्वादन गुणठाणे थइने पहेले मिथ्यात्व गुणठाणे आवे, कोइक जीव अंतमुहूर्त रहे, कोइक जीव देश उणोअर्ध पुद्गल परावर्त मिथ्यात्वीपणे रहे पछे समकित पामे. ए अगीयारमो गुणठाणो एक जीव च्यारवार पामे, एक जीव एक भवमाहि बेवार पामे, एहनी स्थिति जघन्य एक समय उत्कृष्ट अंतर्मुहूर्तनी छे.एअगीयारमो गुणठाणोकह्यो.हवे बारमो क्षीणमोह गुणठाणो ते जे जीव आठमा गुणठाणार्थी कर्म खपावतो तीव्र वीरज निरमल उपयोग शुद्ध शुक्ल ध्यानने बले नवमे दशमे गुणठाणे मोहनी कर्म खपावी बारमे गुणठाणे आवे, एह शुक्ल ध्याननो बीजो पायो एकत्ववितर्क अप्रविचार ध्यावे, एहथी आयु बले घनघाती तीन कर्म ज्ञानावरणीय, दर्शनावरणीय, अतराय खपावे, एहनी स्थिति अंतर्मुहूर्तनी छे १२। तेरमो गुणठाणो सयोगी केवली-जे जीव बारमाने अते ज्ञानावर्णी, दर्शनावर्णी, अंतराय, ए खपे केवलज्ञान केवलदर्शन प्रगटे, लोक अलोकना सर्व भाव अतीतकाल, अनागतकाल, वर्तमानकाल, सर्व प्रत्यक्ष आत्मबले इन्द्रिय विना जाणे देखे, इहा जे अंतगड केवली होवे ते केवली समुद्घात करीने मोक्ष जाय अने जे केवलीनो आउखो घणो होवे ते अनेक जीवने उपगार करता अनेकदेशना देता विचरे. देशे उणोपूर्व कोडी लगे विचरे तथा जे तीर्थकरदेव केवलीपणे विचरे ते चोत्रीश अतिशय तथा आठ प्रतिहारज विराजमान थका नवा सोनाना कमले पग थापता चाले, योजनप्रमाण माडलेसमोसरणे सोनाने सिंहासने तीन छत्र माथे वीराजता बे पासे चामरनी जोड विझता हजार धजा इन्द्रधजा लहेकता देशना देता जघन्य बहोतेर वरसने आउखे उत्कृष्टे चोराशी लाख पूरवने आउखे विचरे, अनेक जीवने धरम उपदेश दे, गणधर थापना करे, साधु साध्वी श्रावक श्राविका ए च्यार

संघ थापे, द्वादशांगी सिद्धांत प्ररूपे, अने सामान्य केवलीने अतिशय न होवे ते छेडे आवरजीकरण करे. पछी जो आऊखो अने बीजां करम सरखां होवे तो केवली समुद्घात न करे, अने जो आऊखेथी (अन्य) करम घणा होवे तो केवली समुद्घात करे तेहने आठ समय लागे, ए तेरमा गुणठाणानी स्थिति जघन्य अतर्मुहूर्तनी छे उत्कृष्टे देश उणीपूर्व कोडी वर्षनी छे १३ ॥ चउदमे गुणठाणे अयोगी केवली ते जे जीव तेरमे गुणठाणे जोगरोध करवा मांडे, सूक्ष्म क्रिया अप्रतिपाति शुक्ल ध्याननो त्रीजो पायो ध्यावतो ते चउदमे गुणठाणे चढे, तिहां प्रथमथी बादर मनोजोग रोके, पछी बादर वचनजोग रोके पछी बादर कायाजोग रोके पछी सूक्ष्म मनयोग रोके, पछी सूक्ष्म वचनजोग रोके. पछी सूक्ष्म कायाजोग रोके, शरीररहित थाए, जेटलो देहमान होवे, जघन्य बे हाथनो उत्कृष्टो पांचसे धनुषनो त्रीजे ते सर्वेथी त्रीजे भागे घटाडे, तेवारे जघन्य बत्रीस आंगुलनी उत्कृष्टी तीनसेतेत्रीस धनुष बत्रीस आंगुलनी अवगाहना रहे, तेवारे आत्मा अयोगी, अक्रिय, अलेसी, अनाहारी, अशरीरी, शुक्ल ध्यायननो चोथो पायो ध्याईने अघातो करम च्यार, वेदनीकर्म १ आऊखोकर्म २ नामकर्म ३ गोत्रकर्म ४ नो क्षय करीने मोक्ष जाय ॥ इतिश्री चौदमुं गुणस्थानकं संपूर्णम् ॥